કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com

તા.૧૧ જૂન, ૨૦૨૬ ગુરૂવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
પ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૨૦◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૧૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## હવે માત્ર બોમ્બથી જ વાત થશે : આજે રાત્રે મુખ્ય ઠેકાણા નાસ કરીશું

# મધ્યપૂર્વમાં ફરી મહાયુદ્ધ : અમેરીકા-ઈરાનમાં સંઘર્ષ

**યુએસ સંરક્ષણ સચિવે ચેતવણી આપી : હોર્મુઝ સ્ટ્રેટ પર યુએસનો સંપૂર્ણ નિયંત્રણ છે. 'પ્રોજેક્ટ ફ્રીડમ' હેઠળ, મધ્યરાત્રિએ ઈરાનના નાક નીચેથી ૧૦૦ મિલિયન બેરલથી વધુ તેલ કાઢવામાં આવ્યું હતુંઃ અમેરિકાના હુમલા બાદ ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી બંધ કર્યું**



વોશિંગ્ટન : યુએસ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, વોશિંગ્ટને વ્યૂહાત્મક રીતે તેહરાનને પાછળ ધકેલી દેવાનો બોલ્ડ દાવો કર્યો છે. યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ખુલ્લેઆમ જાહેર કર્યું છે કે યુએસ હવે વિશ્વના સૌથી સંવેદનશીલ દરિયાઈ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટ પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે. ફ્લોરિડાના ટામ્પામાં યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) મુખ્યાલયની બહાર પત્રકારો સાથે વાત કરતા, હેગસેથે સ્પષ્ટ કર્યું કે ઈરાનના વારંવાર વિરોધ છતાં, યુએસ સૈન્યએ વાણિજ્યિક જહાજો અને તેલ પુરવઠાને તેના નાક નીચેથી પસાર થવા દીધા નથી.

સંરક્ષણ સચિવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઉલ્લેખિત ગુપ્ત મિશનના બિંદુઓને જોડ્યા. હેગસેથે સમજાવ્યું કે 'પ્રોજેક્ટ ફ્રીડમ', જેને બંધ માનવામાં આવતું હતું, તે ખરેખર એક સુનિયોજિત વ્યૂહરચના હેઠળ શાંતિથી કાર્યરત હતું.હેગસેથે જણાવ્યું હતું કે યુએસ સેન્ટ્રલ કમાન્ડ સારી રીતે જાણે છે કે પ્રોજેક્ટ ફ્રીડમ કયારેય બંધ થયો નથી. તે ફક્ત થોડા સમય માટે ભૂગર્ભમાં ગયો. અમે રાત્રે યુએસ સુરક્ષા હેઠળ વ્યાપારી જહાજોને સુરક્ષિત રીતે ખાલી કરી રહ્યા છીએ, તેમણે કહ્યું. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે યુએસ રાજદ્વારીને કારણે, આ પ્રતિબંધિત માર્ગ દ્વારા ૧૦૦ મિલિયન બેરલથી વધુ ક્રૂડ ઓઈલ વૈશ્વિક બજારમાં પહોંચ્યું છે. હેગસેથે કટાક્ષમાં કહ્યું કે ઈરાન ન તો આ પુરવઠો જોઈ શકે છે અને ન તો તેને રોકવાની શક્તિ ધરાવે છે.

ઈરાનના નાકાબંધીને દોષી ઠેરવતા, યુએસ સંરક્ષણ વડાએ જણાવ્યું હતું કે યુએસ નૌકાદળે આ જળમાર્ગ પર એક અભેદ્ય નાકાબંધી સ્થાપિત કરી છે, જેનાથી તેને તોડવું અશકય બની ગયું છે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું હતું કે નાકાબંધી સંપૂર્ણપણે અભેદ્ય છે. ગઈકાલે જ, અમારા દળોએ ભાગી જવાનો પ્રયાસ કરી રહેલા બીજા ઈરાની ટેક્કરને અટકાવ્યો. અત્યાર સુધી, અમારા કડક નાકાબંધીએ ઈરાની બંદરોમાં પ્રવેશ અને બહાર નીકળવાનો પ્રયાસ કરતા આશરે ૧૪૦ જહાજોને અટકાવ્યા છે.

અનુસંધાન પાના નં.૪ પર

# વિકસિત ભારત માટે નીતી આયોગની બેઠકમાં મનોમંથન શરૂ

**વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં સવારથી નીતી આયોગની યોજાઈ છે બેઠક : ગુજરાત રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈપટેલ બેઠકમાં છે ઉપસ્થિત**







### ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગુજરાતના સર્વાંગી વિકાસ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ

ગાંધીનગરઃ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે યોજાયેલી નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની ૧૧મી બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે વિકસિત ભારત@૨૦૪૭ ના સંકલ્પ ને સાકાર કરવા અને વિકસિત ભારત માટે સર્વ સમાવેશી માનવ વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ રોડ મેપ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું.

ગાંધીનગર : સર્વસમાવેશી માનવ વિકાસ વિકસિત ભારત ૨૦૪૭ ની થીમ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે આજે નીતિ આયોગની ૧૧મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકનો પ્રારંભ થયો છે. આ બેઠકમાં સર્વ સમાવેશી માનવ

અનુસંધાન પાના નં.૪ પર

# મણિપુર ફરી ભડકે બળ્યું

**૨૮ દિવસથી ગુમ ૬ નાગા લોકોની નિર્દયતાપૂર્વક હત્યા, બંધનું એલાન**




(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મણિપુરના કાંગપોકપી જિલ્લાના લેઈલોન વૈફેઈ ગામમાંથી છ લોકોના અત્યંત ખરાબ હાલતમાં મૃતદેહ મળી આવ્યા છે, જેના કારણે રાજ્યમાં ફરીથી મોટો તણાવ ઊભો થયો છે. આ મૃતદેહ ગત ૧૩ મેના રોજ કોન્શાખુલથી પાછા ફરતી વખતે અપહરણ કરાયેલા છ નાગા નાગરિકોના હોવાની આશંકા છે. મણિપુર પોલીસ, CRPF અને આસામ રાઈફલ્સના ૪૫૦ જવાનોની ૧૫ ટીમોએ સ્નિફર ડોગ્સ અને ફોરેન્સિક ટીમની મદદથી સતત ૨૪ કલાક સુધી મોટું સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. આ ઓપરેશન પછી બુધવારે બપોરે આ લાશ મળી આવી હતી. જોકે, મૃતદેહ એટલી હદે સડી ગયા છે કે તેને માત્ર જોઈને ઓળખવા મુશ્કેલ છે. મણિપુર પોલીસે સોશિયલ મીડિયા પર આ અંગે સત્તાવાર માહિતી આપીને કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે.

લેઈલોન વૈફેઈ ગામમાંથી શવ મળવાની વાત વાયુવેગે ફેલાઈ જતાં જ નાગા સમુદાયના લોકો અને મૃતકોના સંબંધીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે એકઠા થઈ ગયા હતા.

# જી.એસ.મલિકનો પ્રજાલક્ષી આદેશ

**પોલીસ કમિશનરથી લઈને PI સુધીના અધિકારીઓ દરરોજ બે કલાક ફરજિયાત નાગરિકોને સાંભળશે, સ્થાનિક સ્તરે જ થશે પ્રશ્નોનો નિકાલ**

**સ્થાનિક કક્ષાએ અરજદારોને સાંભળીને મહત્તમ ૧૫ દિવસમાં ફરિયાદનો નિકાલ લાવવા રાજ્યના પોલીસ વડા ની કડક સૂચના**

ગાંધીનગરઃ રાજ્યના નાગરિકોની રજૂઆતો અને ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ જ સત્વરે અને સમયસર નિકાલ થાય તે માટે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિક દ્વારા એક મહત્વપૂર્ણ કચેરી હુકમ જારી કરવામાં આવ્યો છે. આ હુકમનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસની કામગીરીને વધુ પ્રજાલક્ષી બનાવવાનો અને અરજદારોને પોતાના નાના-મોટા પ્રશ્નો કે ન્યાય મેળવવા માટે છેક ગાંધીનગર, ડીજીપી કચેરી કે સચિવાલય સુધી આવવું ન પડે તેવી મજબૂત વ્યવસ્થા ઊભી કરવાનો છે.

આ કચેરી હુકમ અન્વયે હવેથી રાજ્યના તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈને પોલીસ સ્ટેશનના થાણા અમલદારો માટે સ્થાનિક સ્તરે જ પ્રજાના પ્રશ્નો

અનુસંધાન પાના નં.૪ પર

# નાગરિકોની જિંદગી બચાવવી એ અમારો સંકલ્પ : જી.એસ.મલિક

**હેલ્મેટ નિયમભંગ કરનાર ૫,૧૨૩ સરકારી અધિકારી-કર્મચારીઓ પાસેથી રૂ.૧૬.૫૮ લાખ દંડ વસૂલાયો : રાજ્યભરમાં નિયમ ભંગ કરનાર વિરુધ્ધ કુલ ૧.૮૮ લાખથી વધુ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરીને રૂ. ૫.૨૧ કરોડનો દંડ કર્યો**



### ટ્રાફિક નિયમોનું ચુસ્ત પાલન કરવા રાજ્યના પોલીસ વડાશ્રીની અપીલ

કાયમી વસવસો પરિવારે આજીવન ભોગવવો પડે છે. ગુજરાત પોલીસ નથી ઈચ્છતી કે કોઈ પણ પરિવાર આવો આઘાત સહન કરે.

ગાંધીનગરઃ માર્ગ અકસ્માતોમાં કિંમતી જિંદગીઓ બચાવવા અને નાગરિકોમાં ટ્રાફિક સેન્સ કેળવવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યના તા.૧ થી ૩૧ મે દરમિયાન એક મહિનાની વિશેષ "હેલ્મેટ ડ્રાઈવ" યોજવામાં આવી હતી. આ વિશેષ ઝુંબેશ અંગે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે જણાવ્યું કે, દંડ વસૂલવો એ ગુજરાત પોલીસનું લક્ષ્ય નથી, પરંતુ ગુજરાતના પ્રત્યેક નાગરિકની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. વાહનચાલકો અને પાછળ બેસનાર વ્યક્તિ માત્ર પોલીસના ડરથી કે દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાના પરિવારની ખુશીઓ માટે હેલ્મેટ અને સીટ બેલ્ટ અચૂક પહેરે. માર્ગ સુરક્ષા એ માત્ર પોલીસની જ નહીં, આપણા સૌની સામૂહિક જવાબદારી છે. રાજ્યના તમામ નાગરિકો ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરી જવાબદાર નાગરિક બને તેવી અપીલ કરું છું. માર્ગ અકસ્માતોના અનેક કિસ્સાઓમાં એવું જોવા મળ્યું છે કે માત્ર એક હેલ્મેટ પહેરવાના કારણે વાહનચાલકનો જીવ આબાદ બચી ગયો હોય. જ્યારે અનેક કિસ્સાઓમાં "જો હેલ્મેટ પહેર્યું હોત, તો આજે આપણો વ્હાલસોયો સ્વજન જીવિત હોત..." તેવો

અનુસંધાન પાના નં.૪ પર

# ભારતીય વાયુસેનાનો વધ્યો વટઃ વડોદરાથી 'મેડ ઇન ઇન્ડિયા' સૈન્ય પરિવહન વિમાનની સફળ ઉડાન



નવીદિલ્હી : ભારતના સંરક્ષણ ક્ષેત્ર માટે ગૌરવની

અનુસંધાન પાના નં.૪ પર

# ઈરાને હોર્મુઝ બંધ કરતાં ક્રુડ ભડકે બળવાના એંધાણ

**અમેરિકાએ હુમલો કરતાં ઇરાનનો પારો સાતમાં આસમાનેઃ હોર્મુઝ બંધ કર્યાનું એલાનઃ જહાજ પસાર થશે તો હુમલો : પેટ્રોલ-ડીઝલ-રાંધણગેસ ફરી મોંઘા થઈ શકે છેઃ ક્રુડ સંકટ મોઢુ ફાડે તેવી વકીઃ વિશ્વભરમાં ચિંતાનું મોજ**

તેહરાનઃ અમેરિકાએ ફરીવાર ઈરાન પર હુમલો કરીને સમગ્ર મિડલ ઈસ્ટનું ટેન્શન વધારી દીધું છે. ઈરાને પણ વળતો

અનુસંધાન પાના નં.૪ પર

# જિલ્લાઓમાં ફાળવેલી ગ્રાન્ટના કામની ચૂકવણીની મુદત ફરી સરકારે લંબાવી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની વિવિધ યોજનાઓ માટે ફાળવેલી ગ્રાન્ટના નાણાનો પૂરો વપરાશ નહીં થઇ શકતા તેને લંબાવવાનો નિર્ણય સરકારે કર્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ફાળવેલી ગ્રાન્ટ હેઠળના તમામ કામ પૂર્ણ કરીને તેની ચૂકવણી કરવાની મુદત ૩૧-૩-૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૪ પર

સશક્ત અન્નદાતા, સમૃદ્ધ કૃષિ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

₹1.40 લાખ કરોડનું કૃષિ બજેટ, 12 વર્ષમાં બજેટ વધ્યું 5 ગણું
રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અને પરંપરાગત કૃષિ વિકાસ યોજના હેઠળ આશરે 28 લાખ હેક્ટરનો સમાવેશ, જેનાથી જૈવિક ખેતીને મળ્યો વેગ





12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

"આદરણીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ડબલ એન્જિન સરકારનો આ કૃષિ વિકાસ, સશક્ત અન્નદાતાથી 'વિકસિત ગુજરાત અને વિકસિત ભારત'ના નિર્માણની મજબૂત ગેરંટી છે."
– શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**સમાજની દિકરી બની શહેરની પ્રથમ નાગરિક : વડીલો-મોભીઓએ પાઠવ્યા આર્શીવાદ**

# ભાનુશાલી સમાજનું ગૌરવ : પ્રથમ મહિલા મેયર દિવ્યાબેનનું ભવ્ય સ્નમાન



**મેયર દિવ્યાબેન નાથાણી, ડે.મેયર નવીનભાઈ જરૂ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન તેજશભાઈ શેઠ સહીતના હોદેદારોને શાલ- અને પાઘડી પહેરાવી શુભેચ્છાઓ પાઠવાઈ : કચ્છી ભાનુશાલી ટ્રસ્ટ દ્વારા મનપાના નવનિયુકિત હોદેદારોનું સન્માન**

ગાંધીધામ:શ્રી કચ્છી ભાનુશાલી મહાજન સરોવર ટ્રસ્ટ દ્વારા ગાંધીધામ મનપાના પ્રથમ મહિલા મેયર તથા સિંધી ભાનુશાલી સમાજનું ગૌરવ ગણાતા દિવ્યાબેન નાથાણી સહિત મનપાના હોદ્દેદારોનું ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો દ્વારા શાલ અને પાઘડી પહેરાવી સન્માનિત કરવામાં આવેલા મહાનુભાવોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન મેયર દિવ્યાબેન નાથાણી, ડેપ્યુટી મેયર નવીનભાઈ જરૂર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજસભાઈ શેઠ, શાસક પક્ષના નેતા ભરતભાઈ મીરાણી તથા દંડક સુરેશભાઈ ધુંવાનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, ગાંધીધામના પ્રથમ મહિલા મેયર તરીકે દિવ્યાબેન નાથાણીની પસંદગી સમગ્ર ભાનુશાલી સમાજ માટે ગૌરવની બાબત છે. સમાજની દીકરી આજે શહેરના સર્વોચ્ચ લોકપ્રતિનિધિ પદ સુધી પહોંચી છે, જે નવી પેઢી માટે પ્રેરણારૂપ છે. સમાજ દ્વારા તેમને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા કે તેઓ પોતાના કાર્યકાળ દરમિયાન શહેરના વિકાસ, જનસુવિધાઓના વિસ્તરણ અને નાગરિકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે શ્રેષ્ઠ કામગીરી કરે.

આ પ્રસંગે સમાજના પ્રમુખ હરેશભાઈ ભક્કડ, ઉપપ્રમુખ નાનજીભાઈ દામા, યુવા પ્રમુખ સતિષભાઈ ચાંદ્રા, સમાજના મહામંત્રી તથા ગાંધીધામ મહાનગરપાલિકાના કોર્પોરેટર મોહનભાઈ ગોરી, ખજાનચી અશોકભાઈ ચાંદ્રા, જયેશભાઈ ભદ્રા, દીપકભાઈ ગજરા, નીવભાઈ ગજરા, હિરેનભાઈ ગજરા, અશ્વિનભાઈ ગજરા સહિત સમાજના આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સમાજ દ્વારા પોતાના પ્રતિનિધિઓના સન્માન માટે યોજાયેલ આ કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો અને ઉપસ્થિતોએ શહેરના વિકાસ માટે સૌ સાથે મળીને કાર્ય કરવાની ભાવના વ્યક્ત કરી હતી.

# ગાંધીધામના વિકાસકાર્યો અને ચોમાસા પૂર્વેની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ





ગાંધીધામ : ગાંધીધામ કોર્પોરેશન કચેરી ખાતે આજે મેયર દિવ્યાબેન નાથાણી અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તેજસ શેઠની ઉપસ્થિતિમાં કમિશનર, ડેપ્યુટી કમિશનર તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન શહેરના વિકાસકાર્યોની પ્રગતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને વિવિધ પ્રોજેક્ટોને સમયમર્યાદામાં પૂર્ણકરવામાટેજરૂરીસૂચનાઓ આપવામાં આવી હતી.

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, સફાઈ કામગીરી, માર્ગોની સ્થિતિ તેમજ નાગરિકોને મળતી આવશ્યક સુવિધાઓ અંગે વિશેષ સમીક્ષા કરવામાં આવી હતી. શહેરમાં વરસાદી પરિસ્થિતિ દરમિયાન કોઈ સમસ્યા ઊભી ન થાય તે માટે તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની પણ સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરી આયોજન વધુ મજબૂત બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મેયર દિવ્યાબેન નાથાણીએ જણાવ્યું હતું કે ગાંધીધામ શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિકોને ગુણવત્તાસભર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી કોર્પોરેશન તંત્ર સાથે સંકલનપૂર્વક સતત કાર્ય કરવામાં આવશે. શહેરના વિકાસ અને નાગરિક સુખાકારીને પ્રાથમિકતા આપીને વિવિધ યોજનાઓને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે તંત્ર પ્રતિબદ્ધ છે.

# સ્વચ્છતા રાષ્ટ્રસેવાનું પ્રતીક : રમેશભાઈ મહેશ્વરી

**સેવા અને સમર્પણના ૧ ૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી અબડાસા તાલુકા દ્વારા ઉજવણી**



ગાંધીધામ : દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી અબડાસા તાલુકા દ્વારા આયોજિત 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત ભારત રત્ન બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરજીની અને વીર અબડા અરભંગજીની પ્રતિમાની સ્વચ્છતા કરી તેમને વંદન કર્યું.

સ્વચ્છતા માત્ર અભિયાન નથી, પરંતુ રાષ્ટ્રસેવા અને સામાજિક જવાબદારીનું પ્રતીક છે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના 'સ્વચ્છ ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે આપણે સૌએ સ્વચ્છતા અને જનજાગૃતિના આવા કાર્યોમાં સતત સહભાગી બનવું જોઈએ.



આ દરમિયાન પૂર્વ ધારાસભ્ય અને પ્રભારી રમેશભાઈ મહેશ્વરી,જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરસિહ જાડેજા,તાલુકા ભાજપના અધ્યક્ષ જયદીપસિંહ જાડેજા, જિલ્લા ભાજપના મંત્રી પરેશ ભાનુશાલી,મંડલ મહામંત્રી ગોપાલભાઈ ગઢવી તેમજ જિલ્લા-તાલુકા પંચાયતના હોદ્દેદારોશ્રીઓ,મંડલના હોદ્દેદારો, મોરચાના પદાધિકારીઓ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો જોડાયા હતા.

# અભ્યાસક્રમ બદલાતાં વાલીઓ પર આર્થિક ભારણ વધ્યું

**ખાનગી પ્રકાશન જૂથ વચ્ચેની બજાર સ્પર્ધામાં વાલીઓ પીસાયા : વહીવટી તંત્ર દ્વારા યોગ્ય ધ્યાન અપાય તેવી લોક માંગ**



ભુજ - કચ્છઉદય : શાળા શૈક્ષણિક સત્રના પ્રારંભ સાથે જ કચ્છની બજારમાં પુસ્તકો અને શૈક્ષણિક સામગ્રીની ખરીદીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

ભુજમાં છેલ્લાં અડધા દાયકા જેટલો સ્ટેશનરી ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવતા રોયલ સ્ટેશનરીના સંચાલક અનવર નોડેએ બદલાતી શિક્ષણ વ્યવસ્થા અને વાલીઓની આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ચાલુ વર્ષે ધોરણ છ માં સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત જેવા મહત્વના વિષયોના નવા એડિશન આવવાથી ગાઈડો બદલાઈ ગઈ છે, જેના કારણે વાલીઓ પર આર્થિક બોજ વધ્યો છે. જે પુસ્તકો અગાઉ જૂના અભ્યાસક્રમ મુજબ સસ્તા ભાવે ઉપલબ્ધ થતા હતા, તે હવે નવા એડિશનના કારણે વાલીઓને મોંઘા ભાવે ખરીદવા પડી રહ્યા છે, જેના કારણે અંદાજે આઠસોથી હજાર રૂપિયા સુધીનો વધારાનો ખર્ચ વહન કરવો પડે છે.

હાલ સ્ટેશનરી માર્કેટમાં નવનીત અને આઈડિયલ જેવી મોટી કંપનીઓ વચ્ચે ભારે સ્પર્ધા ચાલી રહી છે. બજારમાં આઈડિયલ કંપની દ્વારા વ્યાપક પ્રચાર-પ્રસાર કરીને પોતાની સ્વાધ્યાયપોથીઓ ખરીદવા માટે વાલીઓ પર એક પ્રકારનું દબાણ ઊભું કરવામાં આવી રહ્યું હોવાની રાવ ઉઠી છે. નવનીત જેવી પરંપરાગત અને ગુણવત્તાયુક્ત કંપનીની સ્વાધ્યાયપોથીઓ જ્યાં છસોથી આઠસો રૂપિયામાં ઉપલબ્ધ થાય છે, તેની સામે આઈડિયલની સામગ્રીના ભાવ એક હજારથી બારસો રૂપિયા જેટલા ઊંચા હોવાથી વાલીઓ આર્થિક રીતે પીસાઈ રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા યોગ્ય હસ્તક્ષેપ કરવામાં આવે અને વાલીઓને આ આર્થિક ભારણમાંથી મુક્તિ અપાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# બજારભાવ

| **ભુજ માર્કેટ યાર્ડ — ૧૦૦ કિલોના ભાવ** | |
|---|---|
| ગોવાર | ૫૨૦૦-૫૫૧૬ |
| મગ | ૭૨૦૦-૮૩૨૫ |
| તુવેર | ૫૪૦૦-૬૦૦૦ |
| વાલ | ૩૦૦૦-૪૦૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ — ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૫૨૫-૨૫૫૦ |
| રાયડો | ૨૬૦૦-૨૭૪૫ |
| ઈશબગુલ | ૩૨૦૦-૪૨૦૦ |
| સરસવ | ૨૫૦૦-૨૫૮૦ |
| તલી | ૪૧૪૧-૪૮૦૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ — ૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૫૪૫૦ |
| વરિયાળી | ૭૯૦૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ — ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૪૮૧-૨૫૮૫ |
| જીરૂ | ૬૪૦૦-૭૭૦૦ |
| તલ | ૩૪૦૦-૪૮૨૫ |
| ઈશબગુલ | ૩૪૫૦ |
| **રાપર માર્કેટ યાર્ડ** | |
| જીરૂ | ૩૪૯૧ |
| એરંડા | ૧૨૦૦-૧૨૬૦ |
| અજમો | ૨૦૪૧ |
| ઈશબગુલ | ૯૦૦ |
| રાયડો | ૧૨૫૧ |
| જુવાર | ૧૧૦૦ |

| | |
|---|---|
| વરિયાળી | ૯૫૧ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| એરંડા | ૧૨૬૦-૧૨૯૬ |
| સાખજીરૂ | ૩૨૫૧-૩૪૦૦ |
| ગોવાર | ૧૦૨૦-૧૦૮૧ |
| અજમો | ૨૨૦૦-૨૩૪૦ |
| ઈશબગુલ | ૧૮૦૦-૧૮૫૦ |
| તુવેર | ૧૨૦૦-૧૨૧૨ |
| **ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ)** | |
| ડુંગળી | ૧૯-૨૪ |
| બટેટા | ૧૦-૧૫ |
| ટમેટા | ૪૫-૬૫ |
| મરચા | ૧૭-૫૦ |
| મરચી | ૪૦-૬૦ |
| રીંગણા કાળા | ૫-૧૩ |
| રીંગણા બાજરીયા | ૬-૧૭ |
| કોબી દેશી | ૪-૮ |
| કોબી | ૧૩-૧૮ |
| ફુલાવર | ૨૫-૩૫ |
| ફુલાવર દેશી | ૩૦-૪૦ |
| વટાણા | ૯૦-૧૨૫ |
| ધાણા | ૩૫-૫૦ |
| ભીંડા | ૧૫-૩૦ |
| કાકડી કાળી | ૯-૧૫ |
| કાકડી સફેદ | ૧૦-૧૩ |
| કાકડી ખીરા | ૧૫-૪૦ |
| પાલક | ૧૦-૧૮ |
| લસણ સુકું | ૧૦૦-૧૩૦ |

| | |
|---|---|
| લીંબુ | ૪૦-૬૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૭ |
| દુધી | ૩-૮ |
| આદુ | ૯૦-૧૩૦ |
| કારેલા | ૧૦-૨૦ |
| શક્કરિયા | ૨૦-૩૦ |
| ચોળા ડોલર | ૨૫-૪૦ |
| ગીલોડા | ૨૫-૪૦ |
| મરચા સીમલા | ૭૦-૮૫ |
| ગોવાર દેશી | ૩૦-૫૫ |
| ગીસોડા | ૧૩-૨૫ |
| ગેલકા | ૧૦-૧૮ |
| પરવળ | ૪૦-૬૦ |
| સરગવો | ૨૫-૩૦ |
| કોળુ | ૮-૧૨ |
| બીટ | ૨૫-૪૦ |
| **ભુજ ફ્રુટ બજાર** | |
| કેળા કાચા | ૫-૧૫ |
| કેળા પાકા | ૧૮-૩૦ |
| પપૈયા કાચા | ૩-૮ |
| પપૈયા પાકા | ૧૦-૧૪ |
| જામફળ | ૪૫-૬૦ |
| ચીકુ | ૨૦-૨૭ |
| શક્કરટેટી | ૨૫-૪૫ |
| ફણસી | ૧૦૦-૧૩૦ |
| દાડમ | ૩૦-૬૫ |
| કલીંગર | ૭-૧૫ |
| કાચી કેરી | ૭-૧૮ |
| કેસર કેરી | ૨૦-૬૦ |
| રાજાપુરી કેરી | ૨૫-૩૫ |

# શિવજી કલ્યાણનું સ્વરૂપ : ધ્રુવકુમાર શાસ્ત્રીજી



**મખણા રબારી સમાજ આયોજિત શિવ કથાનો પ્રારંભ**

ભુજ - કચ્છઉદય : મખણા ગામ ખાતે રબારી સમાજ આયોજિત શિવ મહાપુરાણનો પ્રારંભ કરાયો હતો. કલ્યાણેશ્વર મહાદેવ મંદિરથી કથા મંડપ સુધી યોજાયેલી શોભાયાત્રામાં મખણા ગામના ગ્રામજનો વાજતે-ગજાતે જોડાયા હતા. આંતરરાષ્ટ્રીય યુવા કથાકાર ધ્રુવકુમાર શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે, કળિયુગમાં જીવાત્માનું શિવના નામ માત્રથી કલ્યાણ થાય છે. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય - આશીર્વચન ભુવાજી સુરાભાઈ, ભુવાજી હિરાભાઈ, ભાગવતાચાર્ય મહેશભાઈ ભટ્ટે પાઠવ્યા હતા. મુળુભાઈ રબારી, વિક્રમભાઈ રબારી, રવજીભાઈ રબારી, જેસાભાઈ રબારી, દેવાભાઈ રબારી, મોહનભાઈ રબારી, રવિભાઈ રબારી, શિવજીભાઈ રબારી, ભીખાભાઈ રબારી, સાજનભાઈ રબારી, મખણા રબારી સત્સંગ મંડળ, મખણા રબારી સત્સંગી મહિલા મંડળ રસોડા વિભાગમાં મહાપ્રસાદની સેવા આપી રહ્યા છે. કથા સમય સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩ થી ૫.૩૦નો છે. કથાનું સંચાલન રવિભાઈ રબારી કરી રહ્યા છે

# પધ્ધર-કાળી તલાવડી રોડ નિર્માણમાં લોકજાગૃતિનું પરિણામ : વિરોધ બાદ કામગીરીમાં ગુણવત્તાયુક્ત સુધારો

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના હાલે પ્રગતિમાં પધ્ધર - કાળી તલાવડી રોડના નિર્માણ કાર્યમાં શરૂઆતમાં થયેલી ગેરરીતિઓ બાદ અંતે સ્થાનિકોની સક્રિયતા રંગ લાવી છે. કરોડો રૂપિયાના ખર્ચે બની રહેલા આ રોડની કામગીરીમાં શરૂઆતના તબક્કે નિયમોનું પાલન થતું ન હોવાની ફરિયાદો સ્થાનિકો દ્વારા કરવામાં આવી હતી. અગાઉ આ વિસ્તારમાં રોડનું જે નિર્માણ કરવામાં આવ્યું હતું તે ખૂબ જ ટૂંકા સમયગાળામાં તૂટી જતા, આ કામગીરીની ટકાઉક્ષમતા અને ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા હતા. જેના કારણે સ્થાનિક ગ્રામજનોના ખેડૂતો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હાલમાં જ્યારે આ રોડનું પુનઃનિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું, ત્યારે તેમાં વપરાતી સામગ્રી અને મેટલના માપદંડો નિર્ધારિત ધોરણો મુજબ ન હોવાનું ધ્યાને આવતા સ્થાનિક જાગૃત નાગરિકોએ કામગીરીનો વિરોધ કર્યો હતો. રોડની પહોળાઈ વધારવાના નામે આસપાસના ખેડૂતોની જમીનમાંથી પૂર્વ મંજૂરી વિના માટી ખોદવાની કામગીરી સામે પણ ગ્રામજનોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. રોડની પહોળાઈ પણ જેટલો ટેન્ડરમાં લખ્યો હતો તે કરતા કંઈ અલગ હતો. વિકાસ કામોમાં પારદર્શિતા અને ગુણવત્તા જળવાય તે માટે ગ્રામજનો દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે થયેલા આ સબળ વિરોધના પગલે વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરે કામગીરીની સમીક્ષા કરીને તેમાં સુધારો કરવાની ફરજ પડી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિરોધ બાદ હવે કોન્ટ્રાક્ટરે કામગીરીમાં યોગ્ય ફેરફારો કરીને નબળી ગુણવત્તાવાળા જૂના માલને હટાવી લીધો છે અને નિર્ધારિત ટેકનિકલ ધોરણો મુજબ નવેસરથી કામ શરૂ કર્યું છે. આ ઘટનાક્રમ એ વાત સ્પષ્ટ કરે છે કે જ્યારે નાગરિકો પોતે જાગૃત બનીને વિકાસ કામો પર દેખરેખ રાખે છે, ત્યારે યોગ્ય પરિણામો પ્રાપ્ત થાય છે. હવે ગ્રામજનોની માંગ છે કે આ કામ માત્ર હવે પૂરતું નહીં, પરંતુ લાંબા સમય સુધી ટકાઉ રહે તે સુનિશ્ચિત કરવામાં આવે, જેથી સરકારી ગ્રાન્ટનો સદુપયોગ થાય અને ફરીથી પ્રજાને હાલાકી ભોગવવી ન પડે. સ્થાનિક જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર સરકારી ગ્રાન્ટ માંથી થતા જુદા જુદા વિકાસ કામો પર જે તે વિસ્તારના ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ પણ દેખરેખ રાખે તો કામગીરી ગુણવત્તાસભર થાય. પરંતુ કેટલાક જન પ્રતિનિધિઓને માત્ર અને માત્ર પોતાના કમિશનમાં કે ટકાવારીમાં જ રસ હોય તેમ કોન્ટ્રાક્ટર દ્વારા ચાલતી લાલીયાવાડીને નજર અંદાજ કરવામાં આવે છે. જેના પરિણામે કરોડો રૂપિયાના માતબર ખર્ચે થતા વિકાસકામોનું આયુષ્ય અલ્પજીવી નીવડે છે. પદ્ધર પંથકના જાગૃત ખેડૂતો અને નાગરિકોએ જે સતર્કતા દાખવી છે તે અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ છે.

# દીકરા-દીકરીને વારસામાં દાગીના નહીં પણ શિક્ષણનું ભાથુ આપજો



**સુખપર (રોહા) ખાતે અખિલ કચ્છ માકપટ રબારી સમાજ દ્વારા નોટબૂકો તેમજ સકુલબેગ રાહતદરે વિતરણ કરાયું**

નખત્રાણા - કચ્છઉદય: સુખપર રોહા ખાતે રબારી સમાજની સમાજવાડી મધ્ય અખિલ કચ્છ માકપટ રબારી સમાજ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો તેમજ નોટબુકો તેમજ સ્કૂલબેગનું વિતરણ કરાયું હતું. સુખપર રોહા મધ્યે અખિલ કચ્છ માકપટ રબારી સમાજ વતી ધોરણ ૧૦ અને ૧૨ના તેજસ્વી તારણા ઓનું સન્માન સમારંભ અને નોટબુક અને બેગ વિતરણ તેમજ સમાજના નવનિયુક્ત ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સન્માન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સાધુ-સંતો, ભુવાજી, સામાજિક આગેવાન, સમાજના નવ નિયુક્ત હોદ્દેદારો હાજર રહ્યા હતા.

ચિત્રાધાર ટેકરીથી બાલકનાથ બાપુ, પેના ભોપા, લાખા ભોપા, જેશા ભોપા, વેલાભાઈ કમાભાઈ, માંડણભાઈ રબારી, ખેંગારભાઈ પબાભાઈ, હિરાભાઈ રબારી, નથુભાઈ રબારી, મમુભાઈ રબારી, સુરાભાઈ રબારી, નથુભાઈ રબારી, હિરાભાઈ, સેવાભાઈ લાખાભાઈ, આશાભાઈ પાલાભાઈ, ભીખાભાઈ રબારી, ભીખાભાઈ ચેનાભાઈ મંચસ્થ રહ્યા હતા. કાર્યક્રમમાં સાધુ સંતોએ આશિર્વચન પાઠવ્યા હતા તેમજ સામાજિક આગેવાનોએ સમાજને સંસ્કાર સાથે શિક્ષણ મળે અને સંગઠન ઉપર ભાર મૂક્યો હતો. આજના વિદ્યાર્થીઓ આવતીકાલનું ભવિષ્ય છે માટે સમાજને સાચી દિશા તરફ વાળવી હશે. તો વારસામાં દાગીના કે ધંન ધોલત નહીં પણ દીકરા દીકરીને શિક્ષણનું ભાથુ આપજો એવું સમાજના મોવડીઓએ કહ્યું હતું.

રાજકીય ક્ષેત્રે પણ વિવિધ પક્ષો દ્વારા રબારી સમાજના ૨૪ જેટલા આગેવાનોને ટિકિટ ફાળવી હતી જેમાંથી ૨૧ જેટલા રબારીઓ ચૂંટાયા હતા. સમારોહમાં ધોરણ ૧૦ના ૩૧ તેમજ ધોરણ ૧૨ના ૩૩નું સન્માન કરાયું હતું.

૨૦,૦૦૦ નોટબૂકો તેમજ ૫૦૦ સ્કુલ બેગ પણ વિતરણ કરાઈ હતી. નખત્રાણા તાલુકા રબારી સમાજના પ્રમુખ માંડાભાઈ પન્નાભાઈ, માંડવીના પ્રમુખ સામતભાઈ વેલાભાઈ, મુન્દ્રાના પ્રમુખ થાવરભાઈ ગાભાભાઈ, ભુજના પ્રમુખ વેરશીભાઈ સુરાભાઈ, અબડાસાના પ્રમુખ સુરેશભાઈ ઉકાભાઇ, ભીખાભાઈ હીરાભાઈ, મહામંત્રી ભીખાભાઈ ચન્નાભાઈ, મંત્રી રણમલભાઈ હીરાભાઈ, સહમંત્રી સવાભાઈ લાખાભાઈ, ખજાનચી રવાભાઈ સાંગાભાઈ, કારોબારી સભ્યો ખીમાભાઈ, મમુભાઈ, કલાભાઈ, કાયાભાઈ, સોનાભાઈ, આશાભાઈ, લાખાભાઈ વજાભાઈ, લખમણભાઇ કમાભાઈ, રામાભાઇ રબારી, કલાભાઈ કારાભાઈ, સામતભાઈ વજાભાઈ, થાવરભાઈ ગાભાભાઇ, સુરેશભાઈ ભીમાભાઈ, હરિભાઈ આશાભાઈ, હીરાભાઈ ખેંગારભાઈ, ભીમાભાઇ લખુભાઈ રબારી, સોનાભાઈ, રબારી નવીનભાઈ, રબારી કરણભાઈ ઉગેડી, રબારી મેઘા વંકા, રબારી નાથાભાઈ, મહેશ સોમા દેવકરણભાઈ રબારી સહિતના મોટી સંખ્યામાં આગેવાનો સામાજિક કાર્યકરો કારોબારી સમિતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયત સદસ્ય કમાભાઈ રબારીનું સમાજવતી વિશિષ્ટ સન્માન કરાયું હતું નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના પદાધિકારીનું સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન મીરલબેન આશાભાઈ રબારીએ કર્યું હતું જ્યારે આભારવિધિ રવાભાઈ સાંગાભાઈ વરમસીડાએ કરી હતી.

# કચ્છ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પાઈ



કચ્છ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અને ગુજરાત બાર એસોસિએશનના પૂર્વ ચેરમેન બહાદુરસિંહ જાડેજાના દુઃખદ નિધનને પગલે સમગ્ર કચ્છ જિલ્લામાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. આ વરિષ્ઠ અને લોકપ્રિય વ્યક્તિત્વના અવસાનથી કચ્છના રમતગમત તેમજ કાનૂની ક્ષેત્રે ક્યારેય ન પુરી શકાય તેવી મોટી ખોટ પડી છે. આ દુઃખદ કપરા સમયમાં ભુજના ઐતિહાસિક જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલી સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન રોયલ ક્રિકેટ એકેડેમીના હોદ્દેદારો, ખેલાડીઓ અને ટુર્નામેન્ટ કમિટીના સભ્યોએ એકત્રિત થઈને સદગતના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું. ઉપસ્થિત તમામ રમતપ્રેમીઓએ ક્રિકેટના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરીને ભારે હૈયે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ચીનમાં રહસ્યમય બ્લાસ્ટ : ભારે વિનાશ : ૭ના મોત

નવી દીલ્હી : ચીનના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગુઆંગ્શી પ્રાંતના શિંગઆન કાઉન્ટીમાંથી એક અત્યંત ભયાનક અને સનસનીખેજ દુર્ઘટના સામે આવી છે. અહીં આજે વહેલી સવારે એક જોરદાર 'રહસ્યમય' બ્લાસ્ટ થયો છે. આ પ્રચંડ અકસ્માતમાં અંદાજે ૭ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે ૧૭ થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.આ ધમાકો એટલો શક્તિશાળી હતો કે તેનો અવાજ કેટલાય કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો.

## વડવાકાંયામાં ભુલથી એસીડ પી જતા વૃદ્ધાનું મોત

નખત્રાણા - કચ્છઉદય: તાલુકાના વડવા કાંયામાં ભુલથી એસીડ પી જતા વૃદ્ધાનું મોત થયું હતું. આ બાબતે નખત્રાણા પોલીસના જણાવ્યા પ્રમાણે ૭૫ વર્ષિય હીરલબેન ઉર્ફે હીરબાઈ દેવશીભાઈ બુચીયા ઘરે હતા અને બીમારીના કારણોસર માનસિક સ્થિતિ અસ્વસ્થ રહેતી હોઈ પાણીની જગ્યાએ એસીડની બોટલ હાથમાં આવી જતા પી જતા સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

## અમદાવાદ પ્લેન ક્રેશનો અહેવાલ હજુ ત્રણ મહિના મોડો થશે

અમદાવાદ : અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ વિમાનનું એન્જિન અમદાવાદ તપાસ માટે મોકલવામાં આવ્યું છે. વિમાનના એન્જિનની ચાલી રહેલી યુએસ તપાસ સહિત ઘણા મુખ્ય તકનીકી વિશ્લેષણ હજુ પણ અધૂરા છે. એન્જિનિયરો વિમાનના એન્જિન અને સંકળાયેલ સિસ્ટમોનું સતત વિશ્લેષણ કરી રહ્યા છે. અધિકારીઓ કહે છે કે યુએસમાં એન્જિનની તપાસ કરવામાં આવી રહી છે કારણ કે ઘટકોને ડિસએસેમ્બલ કરવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે ખૂબ જ વિશિષ્ટ ઉપકરણોની જરૂર પડે છે.

# અંજારમાં "જય શ્રી કૃષ્ણ" ગ્રુપની પ્રભાતફેરીમાં ભાવિકો જોડાયા




અંજાર - કચ્છ ઉદય : પુરુષોત્તમ માસની પરમા એકાદશીના પાવન પર્વે અંજાર શહેરમાં "જય શ્રી કૃષ્ણ" ગ્રુપ દ્વારા ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં "વસુદેવસુતં દેવં..." ના મંત્રોચ્ચાર સાથે શરૂ થયેલી પ્રભાતફેરી શહેરના વિવિધ મંદિરો તથા મુખ્ય રાજમાર્ગો પર ફરી હતી.

"જય શ્રી રામ" અને "જય શ્રી કૃષ્ણ" ના નાદ સાથે ભક્તજનો હરિનામ સંકીર્તન કરતા આગળ વધ્યા હતા. માધવરાયજી મંદિરે નંદકુમાર અષ્ટકમ અને નાગનાથ મહાદેવ મંદિરે વેદસાર શિવસ્તવના પાઠથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું. પ્રભાતફેરીનું સમાપન રામસખી મંદિરે ધ્વજાજી પૂજન અને શિખર પર ધર્મધ્વજ લહેરાવી કરાયું હતું. ત્યારબાદ પવનપુત્ર હનુમાનજીની સ્તુતિ કરી પ્રભુ શ્રીરામને થાળ ધરાવી પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

ગ્રુપના જીતેશભાઈ પીઠડીયાએ જણાવ્યું કે આ પ્રભાતફેરી આર્ય સંસ્કૃતિના જતન, સનાતન ધર્મના પ્રચાર, નિષ્કામ ભક્તિ, સામાજિક સમરસતા અને જીવદયા એમ પાંચ સિદ્ધાંતોને વરેલી છે. ગ્રુપ દ્વારા છેલ્લા પાંચ મહિનામાં પક્ષીઓને અંદાજે ૬૩૦ કિલો ચણ અને ગૌમાતાને રૂ. ૨૧,૨૦૦થી વધુનું નિરણ અર્પણ કરાયું છે. પ્રભાતફેરીમાં નાના-મોટા સૌ કોઈ ઉત્સાહભેર જોડાયા હતા. અંતે સૌએ સનાતન ધર્મના પ્રચાર અને જીવદયાના કાર્યોને વધુ વેગવંતા બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

# સરકારના વાંકે ખેડૂતો હવે ખેતી છોડવા મજબૂર બન્યા





## કિસાનો ખેતી માટે જમીન ખેડે કે, ડીઝલ માટે લાઈનમાં ઉભા રહે : ભુજ તાલુકાના ગામોમાં ખાનગી કંપનીઓના ટાવરના કારણે ખેતીની જમીનનો સોથ વળી ગયો : ટેકાના ભાવો જાહેર થાય પણ મળતા નથી : કિસાન સંઘે પાઠવ્યું આવેદન

ભુજ - કચ્છઉદય : એકતરફ સરકાર ખેડૂતોના નામે ચૂંટણીમાં મત મેળવે છે પણ કચ્છમાં પરિસ્થિતિ એવી છે કે, સરકારના વાંકે ખેડૂતો ખેતી છોડવા મજબૂર છે. કારણ કે, ખાતર મળતું નથી, ખેતીની જમીનોમાં બળજબરીથી વીજ ટાવર ઉભા થાય છે, ખેડાણ કરવું કે, ડીઝલ માટે લાઈનમાં ઉભા રહેવું આ પરિસ્થિતિ વચ્ચે પાક ઉગાડીએ તો ભાવ મળતો નથી. સરકાર કહે છે ટેકાના ભાવે ખરીદી કરશું પણ માત્ર વાતો થાય છે. આ સરકાર માત્ર ખેડૂતોના નામે મત લઈ શકે છે, પરંતુ ખેડૂતો આગળ વધે તેવી કામગીરી થતી નથી. ભુજ તાલુકા ભારતીય કિસાન સંઘના પ્રમુખ કાનજીભાઈ ગાગલના નેતૃત્વ હેઠળ માલતદારને સંબોધીને કૃષિમંત્રી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, હાલ ખરિફ સીઝનના પ્રારંભે ખેડૂતોને સૌથી વધુ જરૂરિયાત ખાતરની હોય છે, પરંતુ સમયસર અને પૂરતા પ્રમાણમાં ખાતર ઉપલબ્ધ થતું નથી. ડી.એ.પી. અને યુરિયા જેવા મુખ્ય ખાતરો મેળવવા ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વધુમાં કેટલાક સ્થળોએ ખાતર સાથે અન્ય વસ્તુઓ ફરજિયાત રીતે આપવામાં આવતી હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે, ખેડૂતોને ખેતીના કામો માટે પૂરતા પ્રમાણમાં ડીઝલ મળતું નથી અને ઘણી જગ્યાએ માત્ર ૨૦-૨૦ લીટર ડીઝલ ફાળવીને ખેડૂતોને સંતોષ માનવા માટે મજબૂર કરવામાં આવે છે. હાલ વાવણીની સિઝન નજીક હોવાથી ટ્રેક્ટર, પંપસેટ અને અન્ય ખેતીના સાધનો માટે ડીઝલની મોટી જરૂરિયાત રહેતી હોય છે. આવી સ્થિતિમાં ખેડૂતો ખેતીના કામ કરે કે ડીઝલ મેળવવા માટે લાંબી લાઈનોમાં ઊભા રહે તેવો પ્રશ્ન ઉભો થયો હોવાનું આવેદનમાં જણાવાયું છે.

કિસાન સંઘે ભુજ તાલુકાના દેશલપર (વાંઢાય), કુરબઈ, વાડાસર, નાભોઈ અને આણંદસર સહિતના ગામોમાં અદાણી ગ્રીન એનર્જી થર્ટી ટુ લિમિટેડ કંપની દ્વારા ઉભા કરવામાં આવી રહેલા વીજ ટાવરોનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. સંઘના જણાવ્યા મુજબ આ ટાવરો માટે ખેડૂતોની ફળદ્રુપ ખેતીની જમીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે લાંબા ગાળે ખેતીને નુકસાન પહોંચવાની શક્યતા છે. વીજ ટાવરો માટે સરકારી જમીન અથવા વૈકલ્પિક જગ્યાનો ઉપયોગ કરવામાં આવે તો ખેડૂતોની જમીન બચાવી શકાય. ઉત્પાદન ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ ખેડૂતોને તેમના પાકના પૂરતા અને વાજબી ભાવ મળતા નથી. સરકાર દ્વારા વિવિધ પાક માટે જાહેર કરવામાં આવતા ટેકાના ભાવનો અસરકારક અમલ થતો નથી, જેના કારણે ખેડૂતોને બજારમાં ઓછા ભાવે પોતાની પેદાશ વેચવાની ફરજ પડે છે. આર્થિક રીતે સતત નુકસાન સહન કરવાના કારણે અનેક ખેડૂતો ખેતી વ્યવસાયથી દૂર થઈ રહ્યા છે, જે ભવિષ્યમાં કૃષિ ક્ષેત્ર અને દેશની અન્ન સુરક્ષા માટે ચિંતાજનક સ્થિતિ સર્જી શકે છે. આવેદનપત્ર વેળાએ પ્રમુખ કાનજીભાઈ ગાગલ, ઉપપ્રમુખ મોહનભાઈ વેલાણી, મંત્રી અશોકભાઈ લીંબાણી, સહમંત્રી કાન્તિલાલ, કોષાધ્યક્ષ પ્રેમજીભાઈ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.



ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડનગરના હાટકેશ્વર મંદિર ખાતે રામધૂન, ભજન-કીર્તન, મહામૃત્યુંજય મંત્રના સામૂહિક જાપ અને મહાઆરતી સાથે નરેન્દ્રભાઈ મોદીના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાઈ

# ખેડૂતોની લાગણી અને માંગણીને હકારાત્મક પ્રદેશ સાત આપતો રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણયઃ ટેકાના ભાવે બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડુત ખરીદી મર્યાદામાં વધારો કરાયો**

ગાંધીનગર : ગુજરાત સરકારે ખેડૂતોના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. રાજ્ય સરકારે બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદામાં નોંધપાત્ર વધારો કર્યો છે.

રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તથા કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોની રજૂઆતો અને માંગણીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ખરીદી મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણય મુજબ બાજરીની ખરીદી મર્યાદા ૨૦૦૦ કિલો (૧૦૦ મણ)હતી તે હવે વધારીને ૩,૫૦૦ કિલો (૧૭૫ મણ) પ્રતિ ખેડૂત કરવામાં આવી છે.

આ જ રીતે મકાઈની ખરીદી મર્યાદા ૧૫૦૦ કિલો (૭૫ મણ)થી વધારીને હવે ૨૫૦૦ કિલો (૧૨૫ મણ) કરવામાં આવી છે, જ્યારે જુવારની ખરીદી મર્યાદા ૧૦૦૦ કિલો (૫૦ મણ)થી વધારીને ૧૭૦૦ કિલો (૮૫ મણ) પ્રતિ ખેડૂત દીઠ કરવામાં આવી છે.

આમ રાજ્ય સરકારે બાજરીમાં ૧૫૦૦ કિલો (૭૫)મણ, મકાઈમાં ૧૦૦૦ કિલો(૫૦)મણ અને જુવારમાં ૭૦૦ કિલો (૩૫)મણ નો વધારો કર્યો છે.

મંત્રીએ જણાવ્યું કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા હવે નવી નિર્ધારિત મર્યાદા મુજબ ખેડૂતો પાસેથી ખરીદીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સરકારના આ નિર્ણયથી રાજ્યના હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ મળશે તેમજ તેઓ પોતાની વધુ ઉપજ ટેકાના ભાવે વેચી શકશે.

વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવમાં કરવામાં આવેલા વધારાને અનુરૂપ રાજ્ય સરકારે પણ ખેડૂતોની લાગણી અને માંગણી ને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકાર ખેડૂત કલ્યાણ માટે સતત પ્રતિબદ્ધ છે.

## વરસામેડીમાં બાઈક પર પેશાબના મુદ્દે હત્યા : ગણતરીના કલાકોમાં આરોપી ઝડપાયો

અંજાર : તાલુકાના વરસામેડી સ્થિત બાપુ કોલોનીમાં થયેલી હત્યાના ગુનાનો પોલીસે ઝડપી ભેદ ઉકેલી મુખ્ય આરોપ ીની ધરપકડ કરી છે. પાડોશમાં રહેતા સંજયસિંહ ગૌડની છરીના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ ફરાર થયેલા ૨૦ વર્ષીય અરવિંદકુમાર કિશોરરામ ચમારને અંજાર પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં બાઈક પર પેશાબ કરવા મુદ્દે થયેલી બોલાચાલી હત્યામાં પરિણમી હોવાનું સામે આવ્યું છે.

## ઓમાન દરિયાકાંઠે જહાજ પર હુમલાથી ભારત લાલઘૂમ; અમેરિકી રાજદ્વારીને તેડાવ્યા

નવી દિલ્હી :ઓમાનના દરિયાકાંઠે આંતરરાષ્ટ્રીય જળસીમામાં ભારતીય ક્રૂ સભ્યો ધરાવતા વાણિજ્યિક જહાજો પર થઈ રહેલા સળંગ હુમલાઓએ વૈશ્વિક રાજદ્વારી આલમમાં ભારે ગરમાવો લાવી દીધો છે. પોતાના નાગરિકોની સુરક્ષાને લઈને હંમેશાં કટિબદ્ધ દેખાતી ભારત સરકારે આ ઘટના પર અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે.નવી દિલ્હી દ્વારા અમેરિકી રાજદ્વારીને પાઠવવામાં આવેલા કડક સમન્સ અને ડિમાર્ચે એ સ્પષ્ટ કરી દીધું છે કે હિંદ મહાસાગર અને તેની આસપાસના દરિયાઈ વેપાર માર્ગો પર ભારતીય જવાનોના લોહીની કિંમતે થતી કોઈપણ બેદરકારી ભારત સહન નહીં કરે. પશ્ચિમ એશિયાનું યુદ્ધ હવે દરિયાઈ માર્ગોને અસુરક્ષિત બનાવી રહ્યું છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે લાલબત્તી સમાન છે.રોજ ઓમાનના દરિયાકાંઠે વાણિજ્યિક જહાજો પર થયેલા અણધાર્યા આતંકી હુમલા અને સુરક્ષા ખામીઓ પર ભારત સરકારે અત્યંત કડક અને આક્રમક વલણ અખત્યાર કર્યું છે. ભારતની આકરી નારાજગી અને સખત નિંદા બાદ હવે અમેરિકી વિદેશ વિભાગ તરફથી પણ એક મોટું સત્તાવાર નિવેદન બહાર આવ્યું છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તાએ આજે ગુરુવારે સ્પષ્ટ કર્યું છે કે આ ગંભીર મુદ્દે અમેરિકા સીધું ભારત સરકાર સાથે સંપર્કમાં છે અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં સુરક્ષા પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

## મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં ૫૦થી વધુ શ્રદ્ધાળુઓથી ભરેલી હોડી નદીમાં પલટી : ૨નાં મોત



મુંબઈ :મહારાષ્ટ્રના બીડ જિલ્લાના પુરુષોત્તમપુરીમાં હોડીના અકસ્માતમાં બે મહિલા શ્રદ્ધાળુઓના મોત થયા છે. ગોદાવરી નદીમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરેલી હોડી પલટી જતાં આ દુઃખદ ઘટના બની છે. એક મહિલાની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. આ અકસ્માત સામૂહિક યાત્રા દરમિયાન થયો હતો. સ્થાનિક લોકો કાર્યવાહી માટે જવાબદાર છે અને સુરક્ષા વધારવાની માંગ કરી રહ્યા છે.સૂત્રો મુજબ, બીડ જિલ્લાના પુરુષોત્તમપુરી ખાતે ગોદાવરી નદીમાં લગભગ ૫૦થી વધુ શ્રદ્ધાળુઓને લઈ જતી હોડી અચાનક પલટી ગઈ હતી.

## દેશમાં માર્ચ બાદ જીવન જરૂરી વસ્તુ ૨૦ ટકા મોંઘી

નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં ઘેરાયેલા સંકટ બાદ આકાશને આંબતી કાચા તેલની કિંમતોએ ભારતના આમ આદમીના ઘરેલુ બજેટની કમર તોડી નાખી છે. દેશના કરોડો ઘર પર દર મહિને મોંઘવારીનો બોજ પોચા પગલે, એટલો વધી રહ્યો છે કે રોજબરોજનો સામાન વેચતી કંપનીઓએ જૂનના પ્રારંભીક દિવસોમાં જ ભાવ પાંચ ટકા સુધી વધારી દીધા છે.માર્ચ બાદથી અત્યાર સુધીમાં રસોઈના રાશનથી માંડીને રોજબરોજની વસ્તુઓની સરેરાશ કિંમતમાં ૧૫થી૨૦ ટકાનો ભારે વધારો થઈ ચૂકયો છે, જેણે મધ્યમ વર્ગના માસિક બજેટને પાટા પરથીનીચે ઉતારી દીધુંછે.કંપનીઓ કાચો માલ મોંઘો થવા, પુરવઠો અને પરિવહન ખર્ચ વધવા અને અન્ય ખર્ચામાં વધારાનો હવાલો આપીને કિંમતો વધારી રહ્યા છે કે પેકીંગનો આકાર ઘટાડી રહ્યા છે.

# પહેલા પાનાથી... નાગરિકોની જિંદગી

પોલીસ દ્વારા અવારનવાર એવી પણ ડ્રાઈવ કરાય છે જેમાં નિયમભંગ કરનારને દંડ કરવાને બદલે ગુલાબનું ફૂલ કે હેલ્મેટ આપીને તેનું મહત્વ સમજાવવામાં આવે છે.ટ્રાફિકના નિયમો માત્ર સામાન્ય નાગરિકો માટે જ નહીં પણ દરેક માટે સમાન છે તે આ ડ્રાઈવ દરમિયાન સાબિત કરવામાં આવ્યું છે. સરકારી કચેરીઓના પ્રવેશદ્વારે જ ટ્રાફિક પોલીસ તૈનાત કરીને નિયમભંગ કરનારા ૫,૧૨૩ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે પણ દંડનીય કાર્યવાહી કરીને તેમની પાસેથી કુલ રૂ. ૧૬.૫૮ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર રાજ્યભરમાં યોજાયેલી આ ઝુંબેશમાં સરકારી અધિકારી કર્મચારીઓ સહિત કુલ ૧.૮૮ લાખથી વધુ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરીને તેમની પાસેથી કુલ રૂ. ૫.૨૧ કરોડની રકમનો દંડ વસૂલવામાં આવ્યો છે.




# પહેલા પાનાથી....વિકસિત ભારત માટે



વિકાસ પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે. દિલ્હી ખાતે આજે રાષ્ટ્રપતિ ભવન સ્થિત કલ્ચર સેન્ટરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ૧૧મી ગવર્નિંગ કાઉન્સિલ ની બેઠકનો પ્રારંભ થયો છે. આ બેઠકમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો ઉપસ્થિત રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ૧૧મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં વિકસિત ભારત માટે સર્વ સમાવેશી માનવ વિકાસ ની થીમ પર આ બેઠક યોજાઈ છે.સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠક દરમિયાન માનવ વિકાસ અને સર્વ સમાવેશી વૃદ્ધિના મુખ્ય સ્તંભો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા તેમજ ટીમ ઈન્ડિયાના અભિગમને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ નીતિગત મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરવામાં આવશે.

આ બેઠકનો મુખ્ય હેતુ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સહકાર વધારીને દેશના સર્વાંગી વિકાસને ગતિ આપવાનો તેમજ દરેક વર્ગ સુધી વિકાસના લાભો પહોંચે તેની દિશામાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે અને વિકસિત ભારત માટે સર્વ સમાવેશી માનવ વિકાસ થીમ પર આગામી વિકાસ કામો માટેનો રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

# પહેલા પાનાથી...

### જી.એસ.મલિક

સાંભળવા માટે ફરજિયાત દરરોજ બે કલાક ફાળવવાનો કડક આદેશ કરવામાં આવ્યો છે.

આ નવીન વ્યવસ્થા અંતર્ગત, ઉચ્ચ પોલીસ અધિકારીઓ જેવા કે તમામ પોલીસ કમિશનરો, સંયુક્ત, અધિક, નાયબ કે મદદનીશ પોલીસ કમિશનરો, રેન્જ વડા ઓ તેમજ પોલીસ અધિક્ષકશ્રીઓ એ દરરોજ સવારે ૧૨:૦૦ થી ૧૪:૦૦ કલાક (બે કલાક) દરમિયાન ફરજિયાત પોતાની કચેરીમાં હાજર રહી મુલાકાતીઓને સાંભળવાના રહેશે અને તેમની લેખિત અરજી પર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં મુખ્ય અધિકારી હાજર ન રહી શકે, તો કચેરીના સિનિયર અધિકારી અથવા રીડર દ્વારા અરજદારોની રજૂઆતો સાંભળીને અરજી મેળવવાની રહેશે અને તેને અધિકારીના ધ્યાન પર અગ્રતાના ધોરણે મૂકવાની રહેશે જેથી અરજદારને કચેરીએથી પરત ન ફરવું પડે.

સ્થાનિક સ્તરે પ્રજા સાથે સીધા જોડાયેલા પોલીસ ઈન્સ્પેક્ટરો સામાન્ય રીતે સવારના સમયે કોર્ટની મુદત, તપાસ કે સોગંદનામાની કામગીરીમાં વ્યસ્ત રહેતા હોવાથી, તેઓના માટે પણ મુલાકાતનો ચોક્કસ સમય નક્કી કરાયો છે. તમામ થાણા અમલદારોએ દરરોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ (બે કલાક) સમયગાળામાં પોતાના પોલીસ સ્ટેશનમાં અચૂક હાજર રહીને મુલાકાતીઓને રૂબરૂ મળવાનું રહેશે. તેઓએ સ્થાનિક નાગરિકોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી, લેખિત અરજી સ્વીકારીને તેના પર તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહેશે, જેથી કોઈપણ સામાન્ય નાગરિકને પોતાના પ્રશ્નના ઉકેલ માટે ઉપરની કચેરીઓ સુધી જવાની જરૂર જ ન પડે.

અરજીઓના નિકાલ માટે કડક સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. જે અંતર્ગત આર્થિક ગુનાઓ, વૈવાહિક કે પારિવારિક વિવાદો, તબીબી બેદરકારીના વિવાદો તેમજ ભ્રષ્ટાચારને લગતા આક્ષેપો ધરાવતી અરજીઓનો નિકાલ ૬ અઠવાડિયામાં અચૂક થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે, જ્યારે આ સિવાયની અન્ય તમામ પ્રકારની સામાન્ય અરજીઓનો નિકાલ વધુમાં વધુ ૧૫ દિવસમાં કરવાનો રહેશે.

વહીવટી પારદર્શિતા માટે રજૂઆત કરવા આવતા દરેક અરજદારોની વિગતો રાખવા માટે દરેક કચેરીમાં નિયત રજિસ્ટર રાખવાની પણ સૂચના અપાઈ છે. અરજીની પ્રાથમિક તપાસ દરમિયાન જો કોઈ પણ સંજ્ઞેય (ઙ્ખહૈડક્ઢક્ષ્ઙ્ગી) ગુનો બન્યો હોવાનું માલૂમ પડે, તો તે અંગે તાત્કાલિક અસરથી હ્લૈંઇ નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાના આદેશ અપાયા છે. શ્રી જી.એસ. મલિકે દરેક અરજીની તપાસ સંપૂર્ણ તટસ્થ અને ન્યાયિક રીતે થાય તે બાબત પર ખાસ ભાર મૂકીને તમામ પોલીસ અધિકારીઓને આ સૂચનાઓનું અચૂકપણે પાલન કરવા કડક આદેશ કર્યો છે.

### મધ્યપૂર્વમાં ફરી મહાયુદ્ધ

હવે જ્યારે અમે સ્ટ્રેટ દ્વારા અમારા ભાગીદારોના તેલનું મુક્તપણે પરિવહન કરી રહ્યા છીએ અને ઈરાની જહાજોને રોકી દીધા છે, ત્યારે તે સ્પષ્ટ થઈ ગયું છે કે હોર્મુઝ સ્ટ્રેટ પર કોણ નિયંત્રણ કરે છે.

### ઈરાને હોર્મુઝ

હુમલો કરીને અમેરિકાને જડબાતોડ જવાબ આપી દીધો છે. બન્ને દેશ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ જળમાર્ગ ફરી બંધ કરી દેવામાં આવ્યો છે.

### ભારતીય વાયુસેનાનો

ક્ષણ સર્જાઈ છે. ગુજરાતના વડોદરામાં નિર્મિત ભારતીય વાયુસેના માટેના પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' સૈન્ય પરિવહન વિમાનએ સફળ પરીક્ષણ ઉડાન ભરીને દેશની આત્મનિર્ભરતા તરફના પ્રયાસોને નવી ઊંચાઈ આપી છે. આ સિદ્ધિ માત્ર ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્ર માટે ઐતિહાસિક ગણાઈ રહી છે. વડોદરામાં સ્થાપિત અદ્યતન ઉત્પાદન એકમમાં તૈયાર થયેલા આ વિમાનની સફળ ઉડાન સાથે ભારતે રક્ષા ક્ષેત્રમાં સ્વદેશી ઉત્પાદન ક્ષમતાનો વધુ એક મજબૂત પુરાવો આપ્યો છે. અત્યાર સુધી વિદેશી ટેક્નોલોજી અને આયાત પર નિર્ભર રહેલા અનેક ક્ષેત્રોમાં હવે ભારત આત્મનિર્ભર બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આ પ્રોજેક્ટથી ગુજરાત વૈશ્વિક એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદનના નકશા પર વધુ મજબૂત રીતે ઉભર્યું છે. વડોદરાથી શરૂ થયેલી આ નવી ઉડાન ભારતના રક્ષા ક્ષેત્રને નવી શક્તિ આપશે તેમજ રોજગારી, ટેક્નોલોજી ટ્રાન્સફર અને ઔદ્યોગિક વિકાસને પણ વેગ આપશે. ભારતીય વાયુસેનાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા આ સૈન્ય પરિવહન વિમાનની સફળ ઉડાનથી દેશની રાષ્ટ્રીય સુરક્ષા વધુ મજબૂત બનશે. 'મેડ ઈન ઈન્ડિયા'ની આ ઐતિહાસિક સિદ્ધિએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ભારત હવે માત્ર ઉપભોક્તા નહીં, પરંતુ આધુનિક રક્ષા સાધનોનું ઉત્પાદન કરનાર અગ્રણી દેશ બનવાની દિશામાં આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે.

### જિલ્લાઓમાં ફાળવેલી

સરકારના સામાન્ય વહીવટ વિભાગ હેઠળના આયોજન પ્રભાગે આ ઠરાવ જારી કર્યો છે. જિલ્લાઓમાં વિકાસ કામો માટે અનેક યોજના માટે ગ્રાન્ટ ફાળવાતી હોય છે. તેમાં આપણો તાલુકો-વાયબ્રન્ટ તાલુકો, ધારાસભ્યના ફંડની જોગવાઇ, ભૌગોલિક રીતે ખાસ પછાત વિસ્તાર, વિકાસશીલ તાલુકો અને રાષ્ટ્રીય પર્વો માટે તેમજ પ્રોત્સાહક સહિતની ગ્રાન્ટનો સમાવેશ થાય છે. જો કે સરકારી કામકાજ મોટાભાગે વિલંબમાં ચાલતા હોવાથી ગ્રાન્ટ ફાળવાઇ હોય તે જ વર્ષમાં કામગીરી પૂર્ણ થતી નથી. તેના કારણે ગ્રાન્ટમાં ફાળવેલી રકમની ચૂકવણી મુદ્દે વહીવટી અવરોધ સર્જાય છે. અગાઉ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના પૂર્ણ થયેલા કામોની ચૂકવણી કરવાની મુદત ૩૧ જુલાઈ-૨૦૨૬ સુધી વધારવામાં આવી હતી. તે પછી ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં ફાળવાયેલી ગ્રાન્ટ હેઠળના તમામ કામ પૂર્ણ કરી ચૂકવણી કરવાની મુદત ૩૧ માર્ચ-૨૦૨૬ સુધી લંબાવાઇ હતી.

## હોર્મુઝની કટોકટી વચ્ચે ભારતનો રૂ.૪૦,૦૦૦ કરોડનો મેગા પ્લાન, ઓઈલ-ગેસની અછત હંમેશા માટે થશે ખતમ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટ ઘેરૂં બન્યું છે. તાજેતરમાં જ અમેરિકાએ પોતાના અપાચે હેલિકોપ્ટર પર થયેલા હુમલાનો બદલો લેવા માટે હોર્મુઝ નજીક ઈરાનના મહત્ત્વના ઠેકાણાઓ પર સવારે હુમલો કર્યો હતો, જેની સામે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે બહેરીનમાં અમેરિકાના ફિફ્થ ફ્લીટને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. આ પરસ્પર હુમલાઓએ હોર્મુઝ સ્ટ્રેટ ટૂંક સમયમાં ફરી ખૂલવાની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. આ વૈશ્વિક તણાવ અને ઓઈલ-ગેસના સંકટ વચ્ચે, ભારત પોતાની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે એક મેગા પ્રોજેક્ટ પર ગંભીરતાથી આગળ વધી રહ્યું છે. ઓમાનથી ગુજરાત સુધી અરબ સાગરના પેટાળમાં આશરે ૨,૦૦૦ કિલોમીટર લાંબી ડીપ-સી ગેસ પાઈપલાઈન બિછાવવાની યોજનાને ફરી ગતિ મળી છે. અંદાજે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારો આ પ્રોજેક્ટ ભારત માટે 'હોર્મુઝ સંકટનો કાયમી ઉકેલ' સાબિત થઈ શકે છે.

## ઈ૨૦ નહીં પણ તેનાથી વધુ ઈથેનોલવાળા પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી ખતમઃ કેન્દ્ર સરકારનો નિર્ણય

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ભભૂકેલા યુદ્ધના કારણે વૈશ્વિક ઊર્જા કોરિડોર ગણાતી 'હોર્મુઝ સ્ટ્રેટ' માંથી ક્રૂડ ઓઈલ અને ગેસનો સપ્લાય ખોરવાઈ ગયો છે. એશિયાથી લઈને યુરોપ સુધી ઈંધણની કટોકટી ઊભી થઈ છે, ત્યારે ભારતે પોતાની 'એનર્જી સિક્યોરિટી' (ઊર્જા સુરક્ષા) ને મજબૂત કરવા માટે એક ઐતિહાસિક અને મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણને પ્રોત્સાહન આપવા માટે તેના પર લાગતી સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી (કેન્દ્રીય ઉત્પાદન શુલ્ક) સંપૂર્ણપણે નાબૂદ એટલે કે શૂન્ય કરી દીધી છે.

સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન અનુસાર, ૨૨ ટકાથી લઈને ૩૦ ટકા સુધી ઈથેનોલ બ્લેન્ડેડ (મિશ્રિત) પેટ્રોલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટી અને અન્ય સેસ (ઉપકર) માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણય હેઠળ હવે ઈ૨૨, ઈ૨૫, ઈ૨૭ અને ઈ૩૦ શ્રેણીના પેટ્રોલ પર કોઈ ટેક્સ લાગશે નહીં. અત્યાર સુધી સરકાર ઈ૨૦ (૨૦ ટકા ઈથેનોલ) પેટ્રોલ પર ભાર મૂકતી હતી, પરંતુ હવે તેનાથી વધુ મિશ્રણ ધરાવતા ગ્રીન ફ્યુઅલને વેગ મળશે.

# ગોધરામાં કેરી ચોરી કરનારા પકડાયા ત્યારે માંડવી પોલીસે ફરિયાદ નોંધી!



**ઝડપાયેલા ચાર શખ્સો પાસેથી મળેલ ખેત ઉપયોગી વસ્તુઓ મોટા લાયજાની વાડીમાંથી ચોર્યાની કબુલાત**

ભુજ - કચ્છઉદય : પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલવાના દાવા કરવામાં આવતા હોય છે, પરંતુ માંડવી વિસ્તારમાં થયેલી કેરીની ચોરી બાબતે દસ દિવસ પછી પોલીસે ફરિયાદ નોંધી અને તાત્કાલિક આરોપી પકડાઈ પણ ગયા તે વાતે આશ્ચર્ય ઉભું કર્યું છે.

માંડવી તાલુકાના ગોધરા ગામે આવેલી વાડીમાંથી ૩૦ થી ૩૧ મે દરમ્યાન ૬૦ હજારની કેરીની ચોરી કરવામાં આવી હતી. જેની ફરીયાદ માંડવી પોલીસે ગઈકાલે રાત્રે ૯ વાગ્યે નોંધી હતી. આજે એલસીબીએ જાહેર કર્યું છે કે, આ ચોરીના આરોપીઓ પકડાઈ ગયા છે. પોલીસે વિનોદ લક્ષ્મણ પટ્ટણી, નવુભા રતનજી સોઢા, ગોવિંદ જયંતી પટ્ટણી, સચીન કાંતિભાઈ પટ્ટણીની અટકાયત કરી છે. ગોધરા નદીના કિનારે આરોપીઓને ઝડપી લેવાયા હતા. તેઓ પાસેથી બે ઝટકા મશીન, બે બેટરી, બે સોલારની પ્લેટ, ૨૯ કેરેટ મળી આવ્યા હતા. ઝટકા મશીન, બેટરી અને સોલાર મોટા લાયજા ગામે તળાવની બાજુમાં આવેલ વાડીમાંથી જયારે અન્ય ઝટકા મશીન, બેટરી અને સોલાર મોટા લાયજા ગામના વાડી વિસ્તારમાંથી ચોરી હોવાની કબુલાત આપી હતી. કેરેટ બાબતે પુછતા તોસીફ મેમણ સાથે મળીને ગોધરાની વાડીમાંથી કેરીની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કર્યો છે.

# ચોટીલા પાસે એસએમસીનો સપાટો : કેમીકલ કૌભાંડના પર્દાફાશ : ગાંધીધામ - કચ્છ કડીથી અનેક સવાલો : બે શખ્સો દબોચાયા

## ચોટીલા હાઈવે પર સ્ટેટ મોનિટરિંગ સેલ ત્રાટકીને ૪૫ લાખથી વધુનો મુદામાલ કર્યો કબ્જે

**પકડાયેલા શખ્સોના કડક રીમાન્ડ લેવાય તો કચ્છમાં આઈબીના બની બેઠેલ ભ્રષ્ટ પીઆઈ સુધી રેલો લંબાશે? દેશ સુરક્ષા-ગુપ્ત માહીતીઓ એકત્રીત કરી સરકારને અહેવાલો આપી કાયદોવ્યવસ્થા જાળવવાના બદલે બેઝઓઈલ-બાયોડીઝલ-મિક્ષઓઈલના બેનામી ધંધાઓમાં આ બની બેઠેલ ભ્રષ્ટ પીઆઈ ગળાડુબ પરોવાયેલો હોવાની છે ચર્ચા..!**



## એસપીશ્રી બાગમાર કરાવે તપાસ : પૂર્વ કચ્છમાં આવા ધંધાઓ ચલાવે છે કોણ?



**ચોટીલામાં તવાઈ તો કચ્છ પોલીસ કેમ અંધારામાં રહી ગઈ?પોલીસને બદનામ કરવાનુ કૃત્ય કોણ-કઈ ટોકળી કરીરહી છે? આઈબીના નામે ફિલમ ચલાવનાર ભ્રષ્ટ પીઆઈ કોઈને ટકો પણ નથી આપતો અને કરી રહ્યો છે ઠેર-ઠેર દાદાગીરી, મારા માણસો છે, તેને કોઈ હાથ પણ ન અડજો : એકાદ વખત આ બની બેઠેલ ભ્રષ્ટ પીઆઈને મદદગારીમાં ફીટ કરી નાખો એટલે થઈ જશે ડાયો, ખબર પડશે કે કેમ, બેનામી ધંધાઓ થાય છે?**

ગાંધીધામ : આ સમગ્ર પ્રકરણમાં હવે અનેક ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. જો કેમિકલ અને ઈંધણથી ભરેલા વાહનો કચ્છમાંથી નીકળીને સેકડો કિલોમીટર દૂર ચોટીલા સુધી પહોંચી શકે તો પૂર્વ કચ્છમાં જવાબદાર તંત્ર શું કરી રહ્યું હતું? ટેક્રોમાંથી ચોરી કરાયેલો જથ્થો કચ્છમાંથી બહાર નીકળે, અન્ય વાહનોમાં ટ્રાન્સફર થાય અને ચોટીલા સુધી પહોંચે છતાં સ્થાનિક સ્તરે કોઈને ગંધ પણ ન આવે તે કેવી રીતે શક્ય બન્યું?

## શું બે શખ્સો આટલા મોટાકાંડને અંજામ આપી શકે ખરા ? તેમની પાછળના મુખ્ય મોટા માથાઓ કોણ છે ?

ગાંધીધામ : ગાંધીધામ અને કચ્છ સાથે જોડાયેલા આ કનેક્શનને લઈને હવે સવાલો વધુ તીવ્ર બન્યા છે. શું આ માત્ર બે વ્યક્તિઓનો ખેલ છે કે પછી તેની પાછળ મોટું સંગઠિત નેટવર્ક કાર્યરત છે? અગાઉ પણ ગુનામાં ઝડપાયેલા શખ્સો ફરી એ જ પ્રકારના કૌભાંડમાં કેવી રીતે સક્રિય બન્યા? શું તેમની હિલચાલ પર કોઈ નજર રાખવામાં આવી રહી હતી? સ્ટેટ મોનિટરિંગ સેલની કાર્યવાહીએ કેમિકલ અને ઈંધણ ચોરીના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે, પરંતુ સાથે સાથે કચ્છ અને ગાંધીધામ વિસ્તારમાં દેખરેખ રાખતા તંત્રની કાર્યક્ષમતા સામે પણ ગંભીર પ્રશ્નાર્થ ઊભો કર્યો છે. હવે તપાસ એ દિશામાં આગળ વધવી જરૂરી બની છે કે આ કૌભાંડની મૂળ જડ ક્યાં સુધી ફેલાયેલી છે અને તેમાં અન્ય કોણ-કોણ સંકળાયેલા છે. ?

ગાંધીધામ : રાજકોટ- અમદાવાદ નેશનલ હાઈવે પર ચોટીલા નજીક સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પેટ્રોલ, ડીઝલ, બાયોડીઝલ અને જ્વલનશીલ કેમિકલની ચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. ગાંધીનગરથી આવેલી એસએમસીની ટીમે નાની મોલડી ગામ પાસે દરોડો પાડી રૂ.૪૫.૯૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે.દરોડા દરમિયાન ૮,૩૩૦ કિલો પ્રતિબંધિત કેમિકલ, પ્લાસ્ટિકના બેરલો, રોકડ રકમ, મોબાઈલ ફોન, એક ટેક્ર અને બોલેરો પિકઅપ સહિતનો મોટો જથ્થો ઝડપાયો હતો. તપાસમાં સામે આવ્યું છે કે ટેક્રોમાંથી કેમિકલ અને ઈંધણની ચોરી કરીને તેને ગેરકાયદે રીતે સંગ્રહ કરી કાળાબજારમાં વેચવાનો ધંધો ચાલી રહ્યો હતો.ઝડપાયેલા આરોપીઓમાં રાજસ્થાનના મૂળ વતની અને હાલ નાની મોલડીમાં રહેતા ચુન્નીલાલ તુલસીરામ ગામેતી તેમજ કચ્છના ગાંધીધામ સાથે સંબંધ ધરાવતા આશિષકુમાર બદ્રીપ્રસાદ યાદવનો સમાવેશ થાય છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે બંને આરોપીઓ અગાઉ પણ ચોટીલા વિસ્તારમાં કેમિકલ ચોરી અને કાવતરાના ગુનામાં ઝડપાઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે.

# પશ્ચિમ એશિયાની કટોકટીની સીધી અસર : કચ્છના આકાશમાં વધ્યું આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું ટ્રાફિક, રૂટ પણ બદલાયો

**ભારત અને દક્ષિણ - પૂર્વ એશિયા જતી આંતરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે ભુજ, મુંદરા અને કોટેશ્વર ઉપરથી પસાર થતો હવાઈ કોરિડોર મુખ્ય વૈકલ્પિક રૂટ બન્યો**

ગાંધીધામ - કચ્છઉદય : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી કટોકટીની સીધી અસર હવે કચ્છના આકાશમાં જોવા મળી રહી છે. ઈરાન, ઈરાક, જોર્ડન, ઈઝરાયલ, લેબનોન, કુવૈત, બહેરીન, કતાર અને યુએઈના હવાઈ ક્ષેત્ર બંધ કે જોખમી જાહેર થતા યુરોપથી ભારત અને દક્ષિણ - પૂર્વ એશિયા જતી આંતરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે ભુજ, મુંદ્રા અને કોટેશ્વર ઉપરથી પસાર થતો હવાઈ કોરિડોર મુખ્ય વૈકલ્પિક રૂટ બની ગયો છે. ડીજીસીએની સૂચના બાદ એરલાઈન્સે સુરક્ષાને પ્રાધાન્ય આપીને લાંબો પણ સુરક્ષિત રસ્તો અપનાવ્યો છે.

અગાઉ સાઉદી અરેબિયા અને ઈરાન થઈને સીધી જતી ફ્લાઈટ્સ હવે ઓમાન અને અરબી સમુદ્ર થઈને વળાંક લઈને કચ્છ ઉપરથી મુંબઈ પ્રવેશ કરે છે.

આ રૂટ ફેરફારને કારણે દુબઈથી મુંબઈ કે દિલ્હી જતી ફ્લાઈટને ૩૦થી ૪૫ મિનિટ વધુ સમય લાગી રહ્યો છે અને ઈંધણનો ખર્ચ પણ વધ્યો છે.

મંત્રાલયે જણાવ્યું કે પેસેન્જરની સુરક્ષા સૌથી મહત્વની છે અને એરલાઈન્સે મુસાફરો સાથે પારદર્શી સંચાર રાખીને સમયસર માહિતી આપવી જોઈએ. કોટેશ્વર સરહદ પાસે આવેલું હોવાથી અહીંથી પસાર થતી ફ્લાઈટ્સની સંખ્યા ખાસ વધી છે. રાત્રિના સમયે આકાશમાં ઉડતી ફ્લાઈટ્સની લાઈટની સંખ્યા વધી જતા સ્થાનિક લોકો પણ આ ફેરફાર નોંધી રહ્યા છે. ડીજીસીએના આંકડા મુજબ પશ્ચિમ એશિયાની સ્થિતિને કારણે ૧,૨૨૧ ભારતીય અને ૩૮૮ વિદેશી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જ્યારે બાકીની ફ્લાઈટ્સ વૈકલ્પિક રૂટથી ચલાવવામાં આવી રહી છે. આમ પશ્ચિમ એશિયાની કટોકટીએ કચ્છના આકાશને આંતરાષ્ટ્રીય ઉડ્ડયન માટે સુરક્ષિત બાયપાસ તરીકે સ્થાપિત કરી દીધું છે.

# નૌસેનાની સુરક્ષા મજબૂત કરવા સંરક્ષણ મંત્રાલયે ૪૪૯ કરોડના સ્વદેશી જીએન-૫૫ જેમર્સ ખરીદ્યા

**કચ્છના સીરક્રીક અને ભારત - પાકિસ્તાન દરિયાઈ સીમાક્ષેત્ર પર આ જેમર્સ ખાસ ઉપયોગી થશે**

ગાંધીધામ - કચ્છઉદય : સંરક્ષણ મંત્રાલયે ૧૦ જૂનના ભારતીય નૌસેનાની કાર્યકારી સુરક્ષા વધારવા માટે બેંગલુરૂની એકોર્ડ સોફ્ટવેર અને સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે ૪૪૯ કરોડ રૂપિયાનો કરાર કર્યો છે. આ કરાર હેઠળ ૨૦ એન્હાન્સ્ડ કેપેબિલિટી ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ જેમર્સ ખરીદવામાં આવશે જે સંપૂર્ણપણે સ્વદેશી રીતે ડિઝાઈન અને બનાવવામાં આવ્યા છે. સોદામાં ઓછામાં ઓછી ૭૫ ટકા સ્વદેશી સામગ્રી રાખવાની શરત છે અને તે બાય ઈન્ડિયન - આઈડીડીએમ કેટેગરી હેઠળ થયો છે.

આ જેમર્સ દુશ્મનના સેટેલાઈટ નેવિગેશન સિગ્નલને ડીગ્રેડ કરશે અને સ્પૂફિંગ તથા છેતરપિંડી જેમિંગ દ્વારા ખોટી માહિતી આપીને દુશ્મનના ડ્રોન અને મિસાઈલને ભટકાવી શકશે.

મંત્રાલયે કહ્યું કે આ સિસ્ટમના કારણે બહુવિધ ખતરાવાળા દરિયાઈ વિસ્તારમાં નૌસેનાના જહાજો વધુ સુરક્ષિત રીતે કામ કરી શકશે. કચ્છના સીરક્રીક અને ભારત - પાકિસ્તાન દરિયાઈ સીમાક્ષેત્ર પર આ જેમર્સ ખાસ ઉપયોગી થશે કારણ કે ત્યાં જીપીએફ સ્પૂફિંગ અને ઘૂસણખોરીની ઘટનાઓ વધુ બને છે. આ સિસ્ટમથી ભારતીય પેટ્રોલિંગ જહાજોને સુરક્ષા મળશે અને દરિયાઈ સરહદ પર દાણચોરી તથા ગેરકાયદેસર પ્રવેશ રોકવામાં મદ મળશે.

## મંત્રી હોટલ હુમલા કેસનો કલાકોમાં ભેદ: ૪ આરોપી આદિપુર પોલીસના હાથે ઝડપાયા



ગાંધીધામ - કચ્છઉદય : આદિપુર બસ સ્ટેશન સામે આવેલી મંત્રી ચાયની હોટલ પાસે થયેલી ખુનની કોશિશ અને તોડફોડના ગંભીર ગુનાનો આદિપુર પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

ગત ૯ જૂનની મોડી રાત્રે નજીવી બાબતે થયેલા ઝઘડામાં આરોપીઓએ હોટલ સંચાલક અને અન્ય લોકો પર છરી તથા ધારીયાથી હુમલો કરી દુકાનમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ફરિયાદના આધારે આદિપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.સી. વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આરોપીઓને સામખિયાળી હાઈવે પરથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલા આરોપીઓમાં રીતિક કિશોરભાઈ ગજરા, હુસેન રહીમભાઈ મૌવર, શાહરૂખ યાકુબ કુરૈશી અને કુબેશ નૂતનપ્રકાશ બેરવાલનો સમાવેશ થાય છે. તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ ચાલુ છે.

## ગાંધીધામના બે બુટલેગરો પાસા હેઠળ અટકાયત, અમદાવાદ અને સુરત જેલ હવાલે





ગાંધીધામ - કચ્છઉદય: કચ્છ કલેક્ટર દ્વારા મંજૂર કરાયેલા પાસા વોરંટના આધારે પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા બે આરોપીઓની અટકાયત કરી છે. આરોપીઓ બહારના રાજ્યોમાંથી વિદેશી દારૂ મંગાવી તેનો સંગ્રહ અને હેરફેર કરતા હોવાનું સામે આવ્યું હતું. અટકાયતમાં ધીરજભાઈ પ્રેમજીભાઈ ઘેડા (ગાંધીધામ) અને વિજય ઉર્ફે વીડી શંકરભાઈ ચંદે (ગાંધીધામ)નો સમાવેશ થાય છે. બંને વિરુદ્ધ પ્રોહિબિશન સહિતના અનેક ગુનાઓ વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા છે. પાસા હેઠળ અટકાયત બાદ એક આરોપીને લાજપોર જેલ, સુરત અને બીજા આરોપીને મધ્યસ્થ જેલ, અમદાવાદ મોકલવામાં આવ્યા છે. આ કાર્યવાહી પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને એસપી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ એલસીબીના પીઆઈ જે.એમ. વાળા, પીએસઆઈ ડી.જી. પટેલ તથા ટીમ દ્વારા કરવામાં આવી હતી.

## દારૂના ગુનામાં સંડોવાયેલો દરશડીનો બુટલેગર પાસાના પિંજરે પુરાયો



ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છમાં દારૂનું વેંચાણ કરવામાં અગાઉ પકડાયેલા શખ્સને પાસામાં મોકલવામાં આવ્યો છે. માંડવી તાલુકાના દરશડી ગામે રહેતા ભાવસંગજી ભગુજી જાડેજા સામે ગઢશીશા પોલીસમાં દારૂના પાંચ મળી ૮ ગુના નોંધાયેલા છે. એલસીબીએ પાસાની દરખાસ્ત તૈયાર કરી કલેકટર સમક્ષ મોકલી હતી. કલેકટરે મંજુરી આપતા અટકાયતી પગલા ભરી આરોપીને પાસા તળે અમદાવાદ જેલમાં મોકલવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# આજથી ધો. ૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાનો આરંભ





**ધો.૧૦ માં ગણિત, ૧૨ સાયન્સમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્ર અને ભુગોળની પરીક્ષા લેવાઈ**

ભુજ - કચ્છઉદય : આજથી ધો. ૧૦ અને ૧૨ ની પુરક પરીક્ષાનો આરંભ થયો છે. અગાઉ મુખ્ય પરીક્ષામાં મહત્તમ બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પુરક પરીક્ષામાં તક મળતી હતી. પરંતુ હવે નિયમો બદલાયા છે. તમામ વિષયોમાં નપાસ હોય તે વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપી શકે છે. આ સિવાય જે વિદ્યાર્થીએ માર્ચ - એપ્રીલમાં પરીક્ષા આપી હોય છતાં તેને પરીણામ સુધારવું હોય તેવા વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપી શકે છે, જેના કારણે આ વખતે પુરક પરીક્ષામાં વિદ્યાર્થીઓનો આંકડો ઉંચો રહ્યો છે. કચ્છની જો વાત કરીએ તો ધો. ૧૦માં ભુજ ખાતે ૧૫ પરીક્ષા કેન્દ્રમાં ૧૩૯ બ્લોકમાં ૪૦૮૩ વિદ્યાર્થી નોંધાયા છે તો ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ચાર પરીક્ષા કેન્દ્રના ૩૩ બ્લોકમાં ૮૯૪ વિદ્યાર્થીઓ જયારે સાયન્સમાં ૨ પરીક્ષા કેન્દ્રના ૨૨ બ્લોકમાં ૪૨૯ વિદ્યાર્થી પરીક્ષા માટે નોંધાયા હતા. આજે સવારે ૧૦ થી ૧.૧૫ ના સેશનમાં ધો. ૧૦ માં ગણિતનું પેપર લેવાયું હતું. જયારે બપોર પછી ૩ થી ૬.૧૫ દરમ્યાન સાયન્સમાં ભૌતિક વિજ્ઞાન, કોમર્સમાં આંકડાશાસ્ત્ર અને આર્ટસમાં ભુગોળનું પેપર લેવામાં આવ્યું હતું. આજે પ્રથમ દિવસે જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે માતૃછાયા સ્કુલ ખાતે વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.

## નખત્રાણા પાલિકા ટીમ દ્વારા નવાવાસની ગટર સમસ્યા ઉકેલવામાં આવી



નખત્રાણા - કચ્છ ઉદય : નવાવાસ ગેટ પાસે છેલ્લા ઘણા સમયથી ગટરની સમસ્યાથી લોકો પરેશાન હતા જે સમસ્યાની નગરપાલિકા ટીમ વોર્ડ નંબર ચારના પ્રતિનિધિઓએ સમસ્યા હલ કરવા માટે ગઈ રાત્રે નગરપાલિકા પ્રતિનિધિઓની ટીમ સાથે મળી લાઈન સફાઈ કરી લોકોને સમસ્યામાંથી મુક્તિ અપાવી હતી.

ઉપપ્રમુખ દમયંતીબેન ડાયાભાઈ સેંઘાણી, કાઉન્સલરો ચંદ્રિકાબેન કેસરાણી, મનનભાઈ લુહાર તથા નીતિનભાઈ સુરાણી, પૂર્વ સરપંચ ડાયાભાઈ સેંઘાણી, ઝવેરભાઈ કેસરાણી સાથે રહી પાલિકાના કર્મચારીઓએ મોડી રાત સુધી કામગીરી કરી હતી.

## રાપર સ્વામિનારાયણ મંદિર ખાતે મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો



રાપર - કચ્છ ઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતના સૌથી વધુ સમય વડાપ્રધાન તરીકે સમયગાળાને અનુલક્ષીને રાપર તાલુકા ભાજપ તથા શહેર ભાજપ તથા તમામ મોરચા દ્વારા સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ, તાલુકા મામલતદાર એચ.બી. વાઘેલા, તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામતભાઈ વસરા, મહામંત્રી મદુભા વાઘેલા, તાલુકા ભાજપ પ્રમુખ નશાભાઈ દૈયા, વિનુભાઈ થાનકી, મહેન્દ્રસિંહ વાઘેલા, હમીરજી સોઢા, ડોલરભાઈ ગોર, બબીબેન સોલંકી, ઉમેશભાઈ સોની, પરબતભાઈ કારોત્રા, ભિખુભા સોઢા, નગરપાલિકાના માજી પ્રમુખ હઠુભા સોઢા, પ્રદિપસિંહ સોઢા, સહદેવસિંહ જાડેજા, નાયબ મામલતદાર બી.ડી.કોરાટ, વિશાલ મહેશ્વરી, જય પરમાર, ભગવાનદાન ગઢવી, કાનજી આહિર, રાણાભાઈ પરમાર, શકિતસિંહ જાડેજા, રાજુભા જાડેજા, કમલસિંહ સોઢા, ડાયાલાલ રાઠોડ તથા સ્વામિનારાયણ મંદિરના સંતો-મહંતો બાલકૃષ્ણદાસજી, વિજ્ઞાનસ્વરૂપ દાસજી, હરીબળદાસજી, મુકુંદ જીવન દાસજી, અક્ષરપ્રિયદાસજી, પ્રકાશદાસજી, લક્ષ્મણપ્રકાશદાસજી, નૌતમમુનિ દાસજી, આનંદ દાસજી સ્વામી તથા હરજીભાઈ પોલાર, ગોકરભાઈ હોથી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## સોલાર પાર્કમાંથી લાખોની ચોરી કરનાર મોટા દિનારા અને ધ્રોબાણાના શખ્સ પકડાયા



**મોટા ગામનો ઈસમ ફરાર : ૩.૧૦ લાખનો મુદામાલ રિકવર કરાયો**

ભુજ - કચ્છઉદય : તાલુકાના ખાવડા ખાતે આવેલા સોલાર પાર્કમાંથી લાખોની ચોરી કરનારા બે શખ્સોને એલસીબી દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે. આ બાબતે એલસીબીના જણાવ્યા પ્રમાણે ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી કે, કેટલાક ઈસમો બોલેરોમાં કોપરની પટ્ટીઓ ભરીને વેકરીયા રણની અંદર કાચા રસ્તા પર ભુજ તરફ આવી રહ્યા છે. જેથી વાહન અટકાવી પુછપરછ કરતા તેઓએ જણાવ્યું કે, ત્રણ દિવસ અગાઉ બાંધા ગામના પાછળથી આરઈ પાર્કમાં સોલારનું કામ ચાલે છે ત્યાં જઈ સોલારનું સામાન પડયો હતો. તે સ્ટોરમાં જઈ કોપરની પટ્ટી અને નટ બોલ્ટની ચોરી કરી હતી. પોલીસે ૫૦૦ કિલો કોપરની પટ્ટી કિંમત રૂા. ૩ લાખ, ૧૦૦ કિલો નટ બોલ્ટ કિંમત રૂા. ૧૦ હજાર તેમજ ત્રણ લાખની બોલેરો કબજે કરી છે. આ સાથે મોટા દિનારા નવાવાસના અનસ સાલે સમા અને ધ્રોબાણાના જાનમામદ ઉર્ફે જાની ઈબ્રાહીમ સમાની અટક કરવામાં આવી હતી. મોટા ગામનો સુલેમાન ઉર્ફે ભાભા અબ્દુલા સમા ફરાર છે. આરોપીઓને ખાવડા પોલીસ સ્ટેશને સોંપવામાં આવ્યા છે. આ શખ્સો ચોરાઉ માલ ભુજમાં કોને વેચવા આવતા હતા તે દિશામાં પણ તપાસ થવી જરૂરી છે.

## અંજારની લખારા વાંઢમાં ટ્રેક્ટરમાં આવી જતા યુવાનનું મોત

ભુજ - કચ્છઉદય : અંજાર તાલુકાના લખારાવાંઢમાં રહેતા યુવાનનું મોત થયું હતું. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીએથી મળેલી વિગતો મુજબ લખારાવાંઢમાં વાડી ખાતે આ બનાવ બન્યો હતો. ૩૮ વર્ષિય મુકીમ ધણીપાલ નોડે નામના યુવાનનું મોત થયું હતું. હોસ્પિટલ લઈ આવનાર ભાઈએ જણાવ્યું કે, ટ્રેક્ટરના પાછળના ભાગે કપડા વિંટાઈ ગયા હતા. પેટના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર માટે પ્રથમ એકોર્ડમાં લઈ ગયા હતા. જ્યાં મોત થતા પીએમ માટે જી.કે. જનરલમાં લાવવામાં આવ્યા હતા. બનાવ અંગે પધ્ધર પોલીસે એડી દાખલ કરી હતી.

## છેલ્લા પાનાનું ચાલુ..

**મુન્દ્રામાં દુર્લભ**

ગયો હતો અને નદી કિનારે પહોંચતા જ બગલાએ હુમલો કર્યો હતો. હુમલામાં બાળકની આંખને ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે તાત્કાલિક સારવાર કરાવવી પડી હતી. ગરીબ પરિવારમાંથી આવતા બાળકની સારવાર પાછળ મોટો ખર્ચ થવાને કારણે પરિવાર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. હાલ બાળકને વધુ સારવાર અને સહાયની જરૂર હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે. આ દુર્લભ ઘટનાએ સમગ્ર શ્રમજીવી વસાહતમાં ચકચાર મચાવી છે.

**માધાપરમાં મુખ્ય માર્ગ**

માધાપર પોલીસ સ્ટેશનની બાજુમાંથી ગામમાં ગાડીઓ ઘૂસી આવે છે તેમ છતાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં ન આવતી હોવાની ફરીયાદ ઉઠી છે. આ બનાવથી પરિવારમાં શોક સાથે અરેરાટી ફેલાઈ જવા પામી છે. ગ્રામજનો પણ હતપ્રભ બની ગયા હતા.

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૨૨૭/૨૦૨૬ **જાહેર નોટીસ** તા. ૦૧/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૨૨૭/૨૦૨૬

**શ્રી ભાણાભાઈ ભુરાભાઈ ચૌધરી**
રહે. વિજપાસર, તા.ભચાઉ-કચ્છ. ...................... અરજદાર
**વિરુદ્ધ**
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી વિજપાસર, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ...................... સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્રી નામે પ્રેમિલાબેન ભાણાભાઈ ચૌધરી નો જન્મ તા.૦૧-૧૦-૧૯૯૪ ના રોજ ગામ વિજપાસર તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ** અરજી નં. ૯૦/૨૦૨૬

**અરજદારશ્રી રાજકુમાર હોતચંદ રામનાની**
રહે. પ્લોટ નં.-૭, એન.યુ.૧૦/બી., શક્તિનગર, ગાંધીધામ-કચ્છ. ...................... અરજદાર
**વિરુદ્ધ**
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ...................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રી અરજદારશ્રી રાજકુમાર હોતચંદ રામનાણી, રહે.પ્લોટ નં.-૭, એન.યુ.૧૦/બી., શક્તિનગર, ગાંધીધામ-કચ્છ ની ૧૨/૦૫/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી અરજદારશ્રી રાજકુમાર હોતચંદ રામનાણી, રહે.પ્લોટ નં.-૭, એન.યુ.૧૦/બી., શક્તિનગર, ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમના નાના બહેન મીના હોતચંદ રામનાણી નો જન્મ તા.૦૮/૦૨/૧૯૭૧ ના રોજ T.A.X-54, મુન્દ્રા સર્કલ ની સામે, આદિપુર-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેમના નાના બહેન મીના હોતચંદ રામનાણી ની જન્મની નોંધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૯૦/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના નાના બહેન મીના હોતચંદ રામનાણી ની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના અને જન્મ ઘરે થવાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૯/૦૬/૨૦૨૬

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.**

## જાહેર ચેતવણી

આથી અમારા અસીલણ નામે ગીતાબેન વા/ઓ વિજય રણછોડ ઢીલા,રહેઃ-ખેગાંરપર, તા.રાપર-કચ્છ વાળા ની મળેલ સુચના અને માહીતી મુજબ જાહેર જનતાને ચેતવણી આપી જાહેર જાણ કરવામા આવે છે.અમારા અસીલણના લગ્ન આજથી ૭ વર્ષ પહેલા આ વિજય રણછોડભાઈ ઢીલા, રહેઃ- ગામઃ-ખેંગારપર, તા.રાપર-કચ્છ વાળા સાથે હિન્દુ શાસ્ત્રોવિધી થી સમાજ અને પરીવારની હાજરીમાં થયેલ છે અને આ લગ્ન જીવનથી તેમને બે પુત્રીઓ છે જેમા મોટી પુત્રી ૪ વર્ષની તથા નાની પુત્રી ૨ વર્ષની છે આ કામે આ વિજય રણછોડ ઢીલા તથા તેમના પરીવાર દ્વારા અમારા અસીલણ અને તેમની બંને પુત્રીઓને વિના કારણે ઘરમાથી કાઢી મુકેલ છે અને તેમના પતિ વિજય રણછોડ ઢીલા તેમના ભરણપોષણના તથા અન્ય હકકો રહેલા છે તે ડુબાડવા ના એકમાત્ર ઈરાદાથી કાવતરૂ ઘડી પોતાના તથા તેમના માતા-પિતા તથા ભાઈના નામની જે મિલ્કતો છે તે મિલ્કતો અન્ય કોઈ ના નામે ટ્રાન્સફર કરવા કે વેચસાટ કરવાની ફીરાકમા છે જેથી નીચે મુજબની મિલ્કત પર અમારા અસીલણે કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે જેથી તે મિલ્કત બાબતે કોઈ વ્યવહાર ન થાય તે માટે આ જાહેર ચેતવણી નોટીશ આપેલ છે જે મિલ્કતોની વિગતો નીચે મુજબ છે.

(૧) મોજે ગામ કકરવા, તા.ભચાઉ-કચ્છ ના ખાતા નં.૭૮૧ વાળી મિલ્કત જેમા (૧) જુના રે.સ.નં.૪૫૧ જેનુ ક્ષેત્રફળ ૦૨-૪૨-૮૧ તથા (૨) રે.સ.નં.૩૦૭ જેનુ ક્ષેત્રફળ ૦૩-૨૭-૮૦ તથા (૩) રે.સ.નં.૩૯૫/૨૦ જેનુ ક્ષેત્રફળ ૦૧-૯૭-૮૯ વાળી મિલ્કત જેનું કુલ ક્ષેત્રફળ હેક્ટર ૦૭-૬૭-૮૯ થાય છે જે મિલ્કત વિજય રણછોડ ઢીલાના નામે આવેલ છે. તથા ખાતા નં.૪૮૭ જેમા (૪)રે.સ.નં.૩૨૮ જેનુ ક્ષેત્રફળ ૦૩-૫૯-૧૬ છે (૫) ખાતા નં.૬૦૧ જેમા રે.સ.નં.૩૩૫ જેનુ ક્ષેત્રફળ ૦૩-૬૩-૨૧ છે તથા (૬) ખાતા નં.૬૧૦ જેમા રે.સ.નં.૩૩૬/પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૦૦-૯૧-૭૦ છે જે અમારા અસીલણના સસરા નામે રણછોડ લખમણ ઢીલા તથા સતાપરા દિપેન હસમુખ પટેલ ના સંયુકત નામે આવેલ છે.

(૨) મોજે ગામ ખેંગારપર તા.રાપર-કચ્છ ના ખાતા નં.૬૫૬ વાળી મિલ્કત જેમા (૧) રે.સ.નં.૧૭૭/૨/પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૦૧-૦૭-૨૪ તથા (૨) રે.સ.નં.૧૭૮ જેનુ ક્ષેત્રફળ ૦૧-૬૮-૯૬ વાળી મિલ્કત જેનુ કુલ્લ ક્ષેત્રફળ હેક્ટર ૦૨-૭૬-૨૦ થાય છે જે મિલ્કત વિજય રણછોડ ઢીલાના નામે આવેલ છે. તથા મોજે ગામ ખેંગારપર,તા.રાપર-કચ્છ ના ખાતા નં.૨૦૭ વાળી મિલ્કત જેમા (૧) રે.સ.નં.૩૨૪/પૈકી ૨ જેનુ ક્ષેત્રફળ ૦૩-૨૩-૭૫ જે મિલ્કત અમારા અસીલણના સાસુ નામે વેજીબાઈ રણછોડ ઢીલાના નામે આવેલ છે મોજે ગામ ખેંગારપર,તા.રાપર-કચ્છ ના ખાતા નં.૬૧૨ વાળી મિલ્કત જેમા (૧) રે.સ.નં.૨૪૩/૨/પૈકી ૧ જેનુ ક્ષેત્રફળ ૦૧-૧૫-૮૮ તથા (૨) રે.સ.નં.૨૪૩/૨/પૈકી ૨ જેનુ ક્ષેત્રફળ ૦૦-૮૨-૯૬ જે મિલ્કત વિજય રણછોડ ઢીલાના નામે આવેલ છે તથા મોજે ગામ ખેંગારપર,તા.રાપર-કચ્છ ના ખાતા નં.૪૮૭ વાળી મિલ્કત જેમા (૧) રે.સ.નં. ૧૭૧/૩ (૨) રે.સ.નં. ૧૭૧/૪ (૩) રે.સ.નં. ૧૭૧/૫ (૪) રે.સ.નં.૧૭૧/૬ જે તમામ સર્વે નંબર નો કુલ ક્ષેત્રફળ ૦૧-૧૩-૩૧ જે મિલ્કત વિજય રણછોડ ઢીલાના નામે આવેલ છે.

આ સિવાય અમારા અસીલણના સાસુ નામે વેજીબેન તથા સસરા રણછોડભાઈ તથા દેર નામે અજય તથા તેમના પતિ વિજય ના નામે ખેંગારપર ગામ મધ્યે મકાનો તથા માટીની કુલ્લ ૪ થી વધુ ખાણો તથા અન્ય ખેતીની જમીનો તથા અન્ય મકાનો, બીનખેતી કરાવેલ ૪૦ થી વધુ પ્લોટો તથા અગણીત ખેતીની તથા બીનખેતીની મિલ્કતો આવેલ છે તથા આ સિવાય કંપનીઓ, કારખાનાઓ આવેલ છે તે તમામ મિલ્કતો તમામ લોકો સગેવગે કરવાની કે ટ્રાન્ફર કરવાની ફીરાકમા છે જેમા અમારા અસીલણના તથા તેમની દિકરીઓ ના (૧) Hindu Succession Act તથા (2) Protection of Women from Domestic Violence Act તથા (3) Hindu Adoptions and Maintenance Act તથા (4) Bharatiya Nagarik Suraksha Sanhita, તથા (5) Code of Civil Procedure તથા (6) Hindu Marriage Act તથા (7) The Constitution of India મુજબના હક્કો રહેલ છે જે બાબતે અમારા અસીલણ જાતે તથા તેમની દિકરીઓ વતી નામદાર કોર્ટમાં દાવાઓ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે જેથી કોઈપણ વ્યક્તિએ તેમના નામ વાળા વ્યકિતઓ પાસેથી ઉપરોકત જણાવેલ મિલ્કતો કે તે સિવાયની તેમના નામે રહેલ કોઈપણ મિલ્કત ખરીદ કરવી નહી કે તે બાબતે સાટા કરાર કે વેચાણ કરાર કે ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહી કારણ કે તમામ મિલ્કતોમા અમારા અસીલણના હક્કો સમાયેલ છે અને આ મિલ્કતો સગેવગે કરવામા પણ કોઈ મદદગારી કરવી નહી અન્યથા અમારા અસીલણ તેમના વિરૂધ્ધ કાયદાકીય-કાર્યવાહી હાથ ધરશે જેના આવનારા તમામ પરીણામોની જવાબદારી તેમના શીરે રહેશે જેની સર્વે નોંધ લેવી.

..........................................
**વિનોદકુમાર જી.મકવાણા (એડવોકેટ)તે ગીતાબેન વિજય ઢીલાના વકીલશ્રી**


# નવનર્મિત વર્કશોપ થકી અંજાર ડેપો નાગરિકોને ગુણાત્મક સેવા આપી શકશે : કચ્છી શિક્ષણ રાજ્યમંત્રી




### ત્રિકમભાઈ છાંગાના હસ્તે રૂ. ૪૮૫.૯૮ લાખના ખર્ચે નવનિર્મિત અંજાર એસ.ટી ડેપો - વર્કશોપનું લોકાર્પણ

અંજાર - કચ્છઉદય : ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે અંજાર ખાતે રૂા. ૪૮૫.૯૮ લાખના ખર્ચે નવનર્મિત એસ.ટી ડેપો- વર્કશોપનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં રાજ્યમાં પરિવહન સેવાઓ વધુ સુદ્રઢ બની છે. નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાત રાજ્યની શાસન ધુરા સંભાળી ત્યારે તેમણે પરિવહનને વધુ સુગમ અને સુવિધાસભર બનાવ્યું હતું, વર્તમાન સમયમાં ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પરિવહન સેવાને નવા કલેવર સાથે વધુ સુવિધા સંપન્ન બનાવવામાં આવતા નાગરિકોની સુખાકારીમાં વધારો થયો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આજે જાહેર પરિવહન પ્રત્યે લોકોનો વિશ્વાસ વધ્યો છે. આ નવનર્મિત એસ.ટી ડેપો- વર્કશોપનું લોકાર્પણથી ગુણાત્મક સેવામાં વધારો થશે. તેમણે આ પ્રસંગે નાગરિકો તેમજ કર્મયોગીઓને ગુણાત્મક પરિવર્તન લાવવા સકારાત્મક અભિગમ સાથે ભૂમિકા ભજવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના અભૂતપૂર્વ અને સફળ કાર્યકાળને ૧૨ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી થઈ રહી છે, ત્યારે આ ગૌરવદિનને આયોજિત કાયમી સ્મૃતિરૂપ બની રહેશે. આ કાર્યક્રમમાં અંજાર નગર પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેક, તાલુકા પંચાયત પ્રમુખ સંદીપ ચાવડા, અંજાર પાલિકા ઉપપ્રમુખ પરેશ માલસત્તર, અંજાર પાલિકા કારોબારી ચેરમેન પ્રકાશ લોદરીયા, જિલ્લા પંચાયત સદસ્ય નરેશ ધારૂ, આશીષ ઉદવાણી, હિતેન વ્યાસ, વસંત કોડરાણી, ડેની શાહ સહિતના આગેવાનો, ઈન્ચાર્જ વિભાગીય નિયામક વી.એલ.ચૌધરી, મામલતદાર ભગવતીબેન ચાવડા, ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા સહિત બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'અલનિનો'નાં આગમનથી કચ્છમાં ખેતીથી પાવરગ્રીડ સુધી સંકટની આશંકા



### ચોમાસામાં વિલંબ સાથે ગરમી વધવાની શકયતા વ્યક્ત કરાઈ

ભુજ - કચ્છઉદય : વૈશ્વિક હવામાનમાં મોટો ફેરફાર લાવનારી કુદરતી ઘટના 'અલનિનો'ની સત્તાવાર શરૂઆત થઈ ચૂકી છે. તમામ વૈજ્ઞાનિક સંકેતો દર્શાવી રહ્યા છે કે આગામી સમયમાં અત્યાર સુધીનો સૌથી વિનાશક અને પ્રચંડ એટલે કે 'સુપર ગોડઝિલા અલ નિનો' લગભગ આકાર લઈ ચુક્યો છે ત્યારે દુનિયાભરની હવામાન એજન્સીઓ આ અંગે ભારે ચિંતા વ્યક્ત કરી રહી છે. જાપાનની હવામાન એજન્સીએ સત્તાવાર રીતે અલ નિનોના આગમનની જાહેરાત કરી દીધી છે. આ પ્રકારની જાહેરાત કરનારી જાપાન વિશ્વની પ્રથમ મુખ્ય હવામાન સંસ્થા બની છે. જાપાન સરકારના જણાવ્યા અનુસાર, પ્રશાંત મહાસાગરની સપાટીના તાપમાનમાં અસામાન્ય વધારો થવાને કારણે દેશભરમાં સરેરાશ કરતાં વધુ ગરમી પડવાની સંભાવના છે. ખાસ કરીને કચ્છ વાતાવરણીય વિષમતાનો સામનો કરે છે. ત્યારે અહીં જો ચોમાસું લંબાય તો વ્યાપક ફટકો પડવાની ભીતિ છે. આ સિવાય હાલમાં અન્ય જિલ્લાઓની તુલનાએ રણ પ્રદેશના કારણે ભારે ગરમીના કારણે લોકો તોબા પોકારી ઉઠ્યા છે. જો ગરમીનું પ્રમાણ વધે તો લોકોની મુશ્કેલીમાં વધારો થશે.

બીજી તરફ અમેરિકાની પ્રતિષ્ઠિત સંસ્થા 'નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન'ના અંદાજ મુજબ જૂન મહિનામાં અલ નિનો સક્રિય થવાની સંભાવના ૮૨ ટકા જેટલી છે. જોકે અમેરિકી હવામાન વિભાગના ધારાધોરણો મુજબ પ્રશાંત મહાસાગરના ચોક્કસ ક્ષેત્રનું તાપમાન સતત પાંચ ત્રિમાસિક ગાળા સુધી સામાન્ય કરતાં ૦.૫ ડિગ્રી સેલ્સિયસ વધુ રહે, ત્યાર બાદ જ સત્તાવાર ઘોષણા કરવામાં આવે છે. પરંતુ વાતાવરણમાં તેના સ્પષ્ટ લક્ષણો અત્યારથી જ દેખાવા લાગ્યા છે. પૂર્વ પ્રશાંત મહાસાગરમાં સામાન્ય કરતાં વહેલા ત્રણ મોટા વાવાઝોડાં (અમાંડા, બોરિસ અને ક્રિસ્ટિના) સક્રિય થયા છે, જે દરિયાઈ તાપમાનમાં થઈ રહેલા તીવ્ર વધારાની સાબિતી છે.

યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ - રેન્જ વેધર ફોરકાસ્ટ્સના અતિ આધુનિક ડેટા અનુસાર ચાલુ વર્ષના ડિસેમ્બર મહિના સુધીમાં પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી શકે છે. જો આવું થશે તો ઇતિહાસના તમામ જૂના રેકોર્ડ તૂટી જશે અને વૈશ્વિક સ્તરે ભયાનક કુદરતી આપત્તિઓ, અતિશય ગરમી તેમજ અનાજની તીવ્ર અછત જેવી ગંભીર કટોકટી સર્જાઈ શકે છે.

ભારતથી હજારો કિલોમીટર દૂર પેસિફિક મહાસાગરમાં આકાર લઈ રહેલી હલચલ દેશના સામાન્ય જનજીવન, ખેડૂતો અને વેપાર - ઉદ્યોગને સીધી રીતે પ્રભાવિત કરશે. ભારતમાં ચોમાસાની સિસ્ટમ મોટાભાગે પેસિફિક મહાસાગરના પ્રવાહો પર આધારિત હોય છે. અલ નિનોના કારણે ભારતના ચોમાસા પર માઠી અસર થવાની અને વરસાદની અછત વર્તાવવાની પૂરેપૂરી આશંકા છે, જેના લીધે ખેતીવાડી, જળાશયો અને પાણીના પુરવઠા પર મોટો ફટકો પડશે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સહિતની વૈશ્વિક સંસ્થાઓએ પણ ચેતવણી આપી છે કે આ વખતનો અલ નિનો માત્ર હવામાન પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ તેની વ્યાપક નકારાત્મક અસરો ભારતીય કૃષિક્ષેત્ર, ગ્રામીણ અર્થતંત્ર અને ઊર્જાક્ષેત્ર પર પણ જોવા મળશે. ગરમી વધવાના કારણે વીજળીની માંગ રેકોર્ડ સ્તરે પહોંચશે, જે પાવર ગ્રીડ માટે મોટો પડકાર બનશે. વૈજ્ઞાનિકો આ બદલાતા હવામાન પર અત્યંત બારીકાઈથી નજર રાખી રહ્યા છે કારણ કે આગામી સમય ભારત સહિત સમગ્ર વિશ્વ માટે કસોટીરૂપ સાબિત થઈ શકે છે.

### અલનીનોની બન્નીના ઘાસના મેદાનો પર અસર : ચારાની તંગીનું જોખમ



પ્રશાંત મહાસાગરમાં વિકસી રહેલા શક્તિશાળી અલ નીનોને હવામાન નિષ્ણાતો 'સુપર ગોડઝિલા' કક્ષાનો કહી રહ્યા છે. વિશ્વ હવામાન સંસ્થાના જણાવ્યા મુજબ ૨૦૨૬ના અંત સુધીમાં અલ નીનો ૨૦૨૩ - ૨૪ના રેકોર્ડ તોડી શકે છે. બન્નીના વિશાળ ઘાસના મેદાનોનું જીવન ચોમાસાના વરસાદ સાથે જોડાયેલું છે. અલ નીનોના વર્ષોમાં ચોમાસુ નબળું પડતાં અહીં ઘાસની વૃદ્ધિ ઘટી જાય છે.

વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે ભૂતકાળમાં અલ નીનોની પ્રવૃત્તિ વધતાં જ બન્ની પ્રદેશમાં વરસાદમાં ઘટાડો નોંધાયો અને સીજ઼ પ્રકારનું ઘાસ વધારે ફેલાયું. પરિણામે ભેજવાળા પેચો સુકાવા લાગ્યા અને આગ લાગવાની ઘટનાઓ પણ વધી. જો આ વખતે અલ નીનો ખરેખર 'ગોડઝિલા' જેવો તીવ્ર બને તો કચ્છના માલધારી ભાઈઓને ઢોર, ઊંટ માટે ચારો અને પાણી મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. હમણાં બન્ની વિસ્તારમાં તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ છે અને આકાશ વાદળ વગરનું છે. આગામી મહિનાઓમાં ચોમાસાની દિશા જ બન્નીના ઘાસ અને પશુપાલનનું ભવિષ્ય નક્કી કરશે એટલે સરકાર અને પશુપાલન વિભાગે અત્યારથી જ વૈકલ્પિક ચારાની વ્યવસ્થા પર ધ્યાન આપવું જરૂરી બન્યું છે.

# જનભાગીદારીથી સ્વચ્છ અને સ્વસ્થ સમાજ નિમાર્ણ કરવા નાગરિકો કટિબદ્ધ બને : ત્રિકમભાઇ છાંગા

### રાજ્યમંત્રીએ અંજાર ખાતે સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થઈ શ્રમદાન કર્યું




અંજાર - કચ્છઉદય : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના સફળ, ભવ્ય અને જનકલ્યાણલક્ષી કાર્યકાળ પૂર્ણ થવાના ગૌરવશાળી અવસરે અંજાર ખાતે જનભાગીદારી સાથે સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અંજાર શહેરના ગાંધીચોક, બસ સ્ટેશન સહિતના જાહેર વિસ્તારમાં આયોજિત સ્વચ્છતા અભિયાનમાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ ઉપસ્થિત રહી નગરજનો સાથે શ્રમદાન કર્યું હતું અને સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષથી દેશ વિકાસના પથ પર આગળ વધી રહ્યો છે ત્યારે સ્વચ્છતાને આપણા દૈનિક જીવનનો ભાગ બનાવીએ. જે રીતે આપણે ઘરને સ્વચ્છ રાખીએ છીએ તે જ રીતે શેરી, મહોલ્લા તથા જાહેર વિસ્તારોમાં સફાઇ પ્રત્યે કટિબદ્ધ બનીએ.

આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા મહાનુભાવો ગાંધીજી તથા શ્રી શ્યામાપ્રસાદ મુખરખજીની પ્રતિમાઓને જળાભિષેક કરીને સ્વચ્છ કરવામાં આવી હતી. આદરપૂર્વક ફૂલહાર ચડાવી ભાવભરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ સફાઈ અભિયાનમાં અંજાર નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેક, તાલુકા પંચાયત પ્રમુખ સંદીપ ચાવડા, અંજાર પાલિકા ઉપપ્રમુખ પરેશ માલસત્તર, અંજાર પાલિકા કારોબારી ચેરમેન પ્રકાશ લોદરીયા, જિલ્લા પંચાયત સદસ્ય નરેશ ધારૂ, આશીષ ઉદવાણી, હિતેન વ્યાસ, વસંત કોડરાણી, ડેની શાહ સહિતના આગેવાનો, કાઉન્સિલરો, વહીવટી તંત્રના અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહભેર જોડાઈને શહેરની સફાઇ કાર્યમાં ભાગ લીધો હતો.

### ફરાદીમાં પારીવારીક બાબતે ડખ્ખો સર્જાયો

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના ફરાદી ગામે પારીવારીક બાબતે ડખ્ખો સર્જાયો હતો. ફરીયાદી મહેશભાઈ ઉર્ફે મયુર કલ્યાણજીભાઈ પેથાણીના જણાવ્યા પ્રમાણે આરોપીઓ પ્રવીણ કલ્યાણજી પેથાણી, જેકી પ્રવીણભાઈ પેથાણી, કલ્પના પ્રવીણ પેથાણી સામે ગુનો દાખલ કરાવ્યો હતો. ફરીયાદીએ આરોપીઓ પાસે પોતાના માતા - પિતાની જમીનમાં ભાગ માંગતા આરોપીઓએ તેનું મનદુઃખ રાખીને ઘરે આવી લોખંડના પાઈપ વડે માર મારી ઈજાઓ પહોંચાડતા કોડાય પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

### ભુજોડી ઓવરબ્રીજ પર બોલેરો પલ્ટી




ભુજના ભુજોડી ઓવરબ્રીજ પર આજે સવારે બોલેરો ગાડી પલ્ટી મારી ગઈ હતી. સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા ગાડી પલ્ટી મારી જતા ક્રેન બોલાવીને ગાડીને સ્થળ પરથી ખસેડી પુલ પર વાહન વ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો. પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. આ બનાવમાં કોઈ જાનહાની થઈ નથી.

# દાગી કેરીની ધૂમ આવકે નખત્રાણા પંથકમાં ભાવોમાં કડાકો બોલાવ્યો

### ખેડૂતો ઢોરોને ખવડાવવા મજબૂર બન્યા : પવનની ઝડપ વધતા પાકેલી કેરીઓ ખરવાનું પ્રમાણ વધ્યું

નખત્રાણા - કચ્છ ઉદય : કેસર કેરીનું હબ ગણાતા નખત્રાણા પંથકમાં ભારે પવનના લીધે અગાઉ ખરી પડેલી કેસર કેરીએ પંથકમાં ધૂમ આવકે કડાકો બોલાવતા ઓરીજનલ કેસર ઝાડ પકવેલીની ડિમાન્ડ ઘટી છે અને દાગી કેરી ખેડૂતો ઢોરો, પશુ, પંખીને ખવડાવવા મજબૂર થયા છે.

નખત્રાણાના પ્રગતિ શીલ ખેડૂત યશવંતસિંહ રાઠોડે કહ્યું કે, મહિના પહેલા બદામ ગીર કેસર કચેરી ૨૦૦ રૂપિયા વહેચાતી હતી. અત્યારે ઝાડ પાકેલી બેસ્ટ કેસર કચ્છી આંબો કેમ સસ્તુ થયો તેના પાછળ ખેડૂતો ખુદ જ જવાબદાર છે. કેસરના બગીચામાં ૬૦થી ૭૦ લાખ કમાતો ખેડૂત ૧૦થી ૧૨ હજારની લાલચમાં ખરેલી ચાંદીવાળી ૧૦ રૂપિયે કિલો વેંચે છે તે બજારમાં કાર્બન નાખીને રેકડીવાળા ૪૦ રૂપિયે વેંચે છે. પછી કેસર ઝાડ પાકેલી કેરી ૧૫૦ રૂપિયે કિલો કોણ લે ? લોકોને સ્વાસ્થ્ય અને ખેડૂતોને નુકસાન થાય છે. આવતા વર્ષે ખેડૂતો નકી કરે કે ખરતી ચાંદી પાકેલી કેરી ગૌશાળાને આપે અથવા વાડી બહાર ગાયોને આપી દેવી જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે, હાલે તેવો પોતાની ત્રણ વાડીના બગીચા બહાર કુંડીમાં કેરી પધરાવે છે.

# ભુજમાં આરટીઓ સર્કલ પાસે ત્રણ મહિના અગાઉ થયેલી બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો




ભુજ - કચ્છઉદય : શહેરમાં આરટીઓ સર્કલ પાસેથી બાઈક ચોરાઈ હતી. જે બાબતે ૨૭ માર્ચના બી ડીવીઝનમાં ગુનો દાખલ કરાયો હતો. પોલીસની ટીમ ૩૬ કવાટરથી લખુરાઈ પુલ તરફ જતા રોડ પર વાહન ચેકીંગમાં હતી ત્યારે નંબર પ્લેટ વગરની એચએફ ડીલક્ષ બાઈક સાથે શખ્સ આવતા આધાર પુરાવા મળી આવ્યા ન હતા. પુછપરછમાં આ બાઈક ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે મુળ એમપીના હાલે આરટીઓ ઝુપડપટ્ટીમાં રહેતા રાહુલ નગાલાલ ચંદ્રવંશીને પકડી જી.જે.૧૨. ઈએ ૩૦૦૨ વાળી બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલી લીધો છે.

# ભુજ શહેર તાજિયા કમિટીના હોદ્દેદારોની કરાઈ વરણી



ભુજ - કચ્છઉદય : ભુજ શહેર તાજિયા કમિટીની એક મિટીંગનું આયોજન ભુજના સરાઈવાળા માતામ ખાતે કરાયું હતું. આગામી પવિત્ર મોહરમ માસ અંતર્ગત યોજાનાર તાજિયાના ઝુલુશની પૂર્વ તૈયારીઓ તેમજ કમિટીની રૂપરેખા નક્કી કરવાના ભાગરૂપે બેઠક યોજવામાં આવી હતી, જેમાં સર્વસંમતિથી આગામી ટર્મ માટે નવા હોદ્દેદારોની વરણી કરાઈ હતી, જેમાં પ્રમુખ તરીકે નોડે અભ્ભાસ ઈલયાસ, ઉપપ્રમુખ કુંભાર ગની ગની તાલબ, રફીક બાવા, સુરંગી નૂરમામદ રમજુ, મહામંત્રી ધોબી ઈકબાલ ઈસ્માઈલ, સમા શહેજાદ અનવર, સહમંત્રી નોડે સાલેમામદ, ખલીફા અહેમદ, તુર્ક સલીમ, પઠાણ દાઉદ ફકીરમામદ, મંત્રી રાઠોડ ઈમરાન ઉમર, મુકરશી મુબારક, કુરેશી મામદ હુશેન, ખજાનચી તરીકે લોટા ઈદ્રિમાન તથા સલાહકાર તરીકે મણિયાર હાજી અલ્તાફ, કોઠારી અજીજભાઈ, ખત્રી રશીદભાઈ હુશેનભાઈ અને હાજીઆમદભાઈ એ. જતની વરણી કરાઈ હતી. નવનિયુક્ત પ્રમુખ અને તેમની ટીમે તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, ભુજ શહેરનો ભાઈચારો અને કોમી એકતાની પરંપરા જાળવી રાખીને આગામી મહોરમ તાજિયાના ઝુલુશ ખૂબજ શાંતિપૂર્ણ સુવ્યવસ્થિત અને ભવ્ય રીતે થાય તે માટે સમગ્ર ટીમ તૈનાત રહેશે. આ બેઠકમાં ભુજ શહેરના વિવિધ વિસ્તારોના તાજિયાના માતામીઓ, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજમાં માનવજ્યોત સંસ્થા દ્વારા ૧૦૦ જરૂરિયાતમંદ પરિવારોને ઠંડા પાણીના માટલાનું કરાયું વિતરણ




ભુજ - કચ્છઉદય : ઉનાળાની કાળઝાળ ગરમીમાં જરૂરિયાતમંદ પરિવારોને પીવા ઠંડુ પાણી મળી રહે તેવા હેતુ સાથે માનવજ્યોત સંસ્થા દ્વારા ભુજ વિસ્તારના ભૂંગા-ઝુંપડામાં રહેતા ૧૦૦ પરિવારોને નળ સાથેના ઠંડા પાણીનાં માટલાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભુજ વિસ્તારમાં એવા અનેક પરિવારો વસવાટ કરે છે કે જેમના ઘરમાં ફ્રિઝ કે વોટર કુલરની સુવિધા ઉપલબ્ધ નથી. આવા પરિવારોને ઉનાળાની અસહ્ય ગરમીમાં રાહત મળે અને તેઓને ઠંડુ પાણી પીવા મળી રહે તે માટે દાતાઓના સહયોગથી આ સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. માટલાં મેળવતા પરિવારોમાં ખુશી અને આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે સુરેશભાઈ માહેશ્વરી અને પૃથ્વીરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, માટીનાં માટલાં માત્ર પાણી ઠંડુ રાખવાનું સાધન નથી, પરંતુ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ગરમીમાં રાહત આપવાનું એક અસરકારક માધ્યમ છે.

કાર્યક્રમનું સફળ સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું, જ્યારે આભારવિધિ પૃથ્વીરાજસિંહ જાડેજાએ કરી હતી. સમગ્ર વિતરણ વ્યવસ્થામાં રફીક બાવા, ગોવિંદ પાટીદાર, કનૈયાલાલ અબોટી, દિપેશ શાહ, નિતિનભાઈ ઠક્કર, આનંદ રાયસોની તથા ભુપેન્દ્ર બાબરીયાએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

અંતમાં સંસ્થા દ્વારા આ સેવાકીય કાર્યમાં સહયોગ આપનાર તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. માનવજ્યોત સંસ્થા ભવિષ્યમાં પણ જરૂરિયાતમંદ લોકો માટે આવા માનવસેવાના કાર્યો સતત કરતી રહેશે.

### મિરજાપરમાં કાર ચાલકે મોપેડને ટક્કર મારતા આધેડ ઘવાયા

ભુજ - કચ્છઉદય : તાલુકાના મિરજાપરમાં કીઆ શો રૂમ પાસે અકસ્માત થયો હતો. એ ડીવીઝન પોલીસના જણાવ્યા પ્રમાણે એસયુવી મહીન્દ્રા ગાડી નંબર જી.જે.૧૨ એફઈ ૯૧૭૨ ના ચાલકે પોતાની ગાડી પુરઝડપે ચલાવી અરવિંદભાઈ ડાયાણીની ઈલેકટ્રીક બાઈકને ટક્કર મારતા ઈજાઓ થઈ હતી. જે અંગે તેમના દિકરાએ કાર ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે.


## જાહેર હરાજી

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, શ્રી કોઠારા જુથ ગ્રામ પંચાયત હસ્તકના ભેદી પ્રા.શાળાના ૨ રૂમ તથા ૧ આંગણવાડી રૂમ તોડીને સાફ સફાઇ કરવા માટેની જાહેર હરાજી કરવાની હોય તો રસ ધરાવતા સર્વેને કોઠારા જુથ ગ્રામ પંચાયતને આપના ભાવપત્રક - ટેન્ડર દિન - ૭ માં મોકલી આપવા.

**સરપંચ - તલાટી શ્રી**
**શ્રી કોઠારા જુથ ગ્રામ પંચાયત,**
**કોઠારા,તા.અબડાસા-કચ્છ.**

## ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

પ્લોટ નં. ૭૧, સેક્ટર ૮, પો.બો. ૫૮, ગાંધીધામ-કચ્છ

**(ફક્ત સભ્યો માટે)**

ગાંધીધામ ચેમ્બરની વર્ષ ૨૦૨૬ ની અર્ધ-વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૭.૦૬.૨૦૨૬ ના રોજ સાંજે ૦૪.૦૦ વાગ્યે ચેમ્બર ભવન ખાતે મળશે. એજન્ડા પેપર્સ મેળવવા માટે સભ્યશ્રીઓએ ચેમ્બર કાર્યાલયનો સંપર્ક સાધવા વિનંતી છે. એજન્ડા પેપર્સ ચેમ્બરની વેબસાઈટ www.gccikandla.com ઉપર પણ મૂકવામાં આવેલ છે. દરેક સભ્યોને સભામાં સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે જેમના સભ્યપદનું લવાજમ ભરવાનું બાકી હોય તેમણે તેમનું લવાજમ અચૂક ભરી જવા વિનંતી છે. સભ્યશ્રીઓને લવાજમ ભરવામાં સરળતા રહે તે હેતુસર દરેક સભ્યશ્રીઓને વ્હોટસ-અપથી ડીમાન્ડ નોટ સાથે ઓનલાઇન પેમેન્ટ કરવા માટેની લીક [Payment Link] મોકલાવાયેલ છે, જેમાં પેમેન્ટ કર્યાથી તુરંત ઓનલાઇન રસીદ મળી જશે, તેની નોંધ લેવી.

**મહેશ એસ. તિર્થાણી - માનદ મંત્રી**

## -:: જાહેર નિવિદા ::-

**કચ્છ વિસ્તરણ વન વિભાગ, ભુજ-કચ્છ**
**પરીક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, સામાજીક વનીકરણ રેન્જ ભુજ**
**સંજયવન નર્સરી, ખારીનદી રોડ, ભુજ-કચ્છ**

**જાહેર હરરાજી ૨૦૨૬-૨૭**

ભુજ વિસ્તરણ રેન્જ ભુજ હસ્તકની ભુજ-મિરજાપર રોડ પર આવેલ મિરજાપર નર્સરી ખાતે જમા જલાઉ લાકડાની મંજુર થયેલ હરરાજી મુજબ કરવાની થતી હોય તે માટે રસ ધરાવતા ઈજારદાર/ઈસમો/એજન્સીઓને તા.૧૮/૦૬/૨૦૨૬ના સવારે ૧૧.૦૦ કલાકે હરરાજીમાં ભાગ લેવા માટે હાજર રહેવા જાણ કરવામાં આવે છે.

**(એચ.એચ.આલ)**
**પરીક્ષેત્ર વન અધિકારી**
**વિસ્તરણ રેન્જ ભુજ-કચ્છ**

(નામાનિ/કચ્છ/૨૫૦/૨૦૨૬-૨૭)





## જન્મદિન મુબારક



તા.૧૧-૦૬-૨૦૨૬ના **ધ્રુવા**ના શુભ જન્મ દિને 'કચ્છ ઉદય' પરિવાર તેમને ખૂબ ખૂબ હાર્દિક શુભકામના પાઠવે છે
પિતા : **પ્રતિકભાઈ આદેસરા**
માતા : **સૂચિતાબેન આદેસરા**


## શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. 'સરહદ ડેરી'

રે.સ.ન. ૪૮૮, ગામ-ચાંદરાણી, તાલુકો અંજાર - કચ્છ.
ફોન નં. 9687655603, E-mail: purchase@sarhaddairy.coop

**૭ સીટર ટોયોટા ઈનોવા ગાડી ભાડે રાખવા બાબત**

શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘલી, 'સરહદ ડેરી' ની ચાંદરાણી સ્થિત ઓફિસ માટે ૨૦૨૪ પછી ના મોડેલ વાળી ૭ સીટર ટોયોટા ઈનોવા ગાડી પ્રતિ કિમી ના ભાવથી ભાડે રાખવાની હોઈ ઇચ્છુક સંસ્થા/વ્યક્તિગત ગાડી માલિકે ભાવ ભરવાના રહેશે.

ગાડી વપરાશ ની વિગત તથા શરતો ટેન્ડરની લિન્ક પર મળી રહેશે.

જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન ૭ માં ઓનલાઈન પોર્ટલ ઉપર ભાવ આપવાના રહેશે અને વેન્ડર રજીસ્ટ્રેશન કરવા માટે purchase.sarhaddairy.co.in જઈ કરી શકાશે અને વધુ વિગતો માટે ઉપરના સરનામે સંપર્ક કરવો.

**Note:** The management reserveall the right to accept or reject the application without assigning any reason thereof.

**નિરવ ગુસાઈ (GM)**

## ભાડાપટ્ટે જગ્યા આપવા માટેની જાહેરાત

આથી લાગતાં વળગતા ઈચ્છુક અરજદારોને જણાવવાનું કે કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. 'સરહદ ડેરી'ની માલિકીની મિલ્કત આવેલ સર્વે નં. ૨૧૮, ગામ-લાખોંદ, તા. ભુજ ખાતે આવેલી અંદાજિત ગ્રાઉન્ડ ફ્લોર પર ૮૩૪ ચો. મીટર તથા પ્રથમ માળ પર કુલ ૭૭૯ ચો. મીટર એમ કુલ ૧૬૧૩ ચો. મીટરના જુદા જુદા રૂમ વાઇઝ તથા એક સાથે જરૂરિયાત મુજબ જગ્યા ભાડાપટ્ટે આપવાની થાય છે જેમાં વધુ વિગત ટેન્ડર ડોક્યુમેન્ટ http://purchase.sarhaddairy.co.in પોર્ટલ પરથી વિગતો જાણી ઓનલાઈન ભાવો ભરી શકાશે. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ- ૨૬/૦૬/૨૦૨૬ રહેશે.

**વધુ વિગત માટે મો. નંબર ૯૬૮૭૬૫૫૬૦૩ પર સંપર્ક કરી શકાશે.**

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

**જાહેર નિવિદા નંબર નં./૦૫ વર્ષ ૨૦૨૪-૨૫ (ચોથો પ્રયત્ન)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી જા.આ.સુ. પેટા વિભાગ-૧, ડાભુંડા રોડ, મામલતદાર ઓફિસની બાજુમાં ગુ.પા.પુ. અને ગટર વ્યવસ્થા બોર્ડ, રાપર-કચ્છ દ્વારા મ અને નિ. કાર્યક્રમ અંતર્ગત રાપર જુથ પા.પુ. યોજનાના રાપર-૧ પેટા કચેરી તળેના હયાત નટવર્કના જુદા-જુદા સેક્શનના ક્લેમ્પ ઓન મીટરથી ફલો ચકાસણી કરવા માટે જે.સી.બી. મશીન ભાડે રાખવાના કામ માટે રકમ રૂા.૩,૧૨,૬૦૮.૦૦નાં ભાવપત્રકો રજી.એડી/સ્પીડ પોસ્ટ દ્વારા માંગવામાં આવે છે. રસ દાખવનાર આસામીઓએ પાન કાર્ડની નકલ, ચાલુ વર્ષની બેંક સોલવંશી સર્ટીફિકેટ, નિયત કક્ષાની માન્ય યાદીની ઈ-૨ શ્રેણીનું નોંધણી પ્રમાણપત્ર મુજબની લાયકાત ધરાવતા હોય તેવા આસામીઓને જરૂરી ટેન્ડર ફી રજુ કરવાથી કોરા ભાવપત્રક તા.૧૬/૦૬/૨૦૨૬ના ૧૮.૦૦ કલાક સુધી વેચાણ કરવામાં આવશે. ભરેલ ભાવપત્રકો પરત કરવાની છેલ્લી તા.૨૯/૦૬/૨૦૨૬ના ૧૮.૦૦ કલાક સુધી કચેરીને રજી. એડી/સ્પીડ પોસ્ટથી પહોંચાડવાના રહેશે. નિયત સમય બાદ આવેલ તેમજ તૂટેલા કે ક્ષતિગ્રસ્ત ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં. ઉપરોક્ત કામોની વધુ વિગતો જાણવા માટે ઉક્ત સરનામે ઓફિસ કલાકો દરમ્યાન મેળવી શકાશે. ભાવ ભરાઈને આવેલ કોઈ પણ ટેન્ડર સ્વીકારવાના અથવા રદ કરવાના ખાતાનો હક્ક અબાધિત રહેશે.

(નામાનિ/કચ્છ/૨૪૬/૨૦૨૬-૨૭)

નરેન્દ્ર મોદીના સતાના સતત ૧૨ વર્ષ

# નખત્રાણા સિધેશ્વર મંદિરે મહાઆરતી જમાવટ કરી

**સફાઈ, વૃક્ષારોપણ સહિતના ભરચક કાર્યક્રમો યોજાયા : ધારાસભ્ય પી.એમ. જાડેજાની નેતૃત્વમાં કરાઈ ભવ્ય ઉજવણી : સામાજિક, રાજકીય, ધાર્મિકક્ષેત્રના અગ્રણી ઉપસ્થિત રહ્યા**

નખત્રાણા - કચ્છ ઉદય : લોકપ્રિય નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સતત સતાના ૧૨ વર્ષ પૂર્ણ થતા કેન્દ્રીય ભાજપાની કાર્ય યોજના અનુસાર પ્રદેશ ભાજપ દ્વારા આયોજિત ૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના અભિયાન અન્વયે આજે નખત્રાણા ભાજપ અને ધારાસભ્ય પી.એમ. જાડેજાના વડપણ હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સવારે ત્રિકમસાહેબ મંદિર કોટડા (જ) ખાતે વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન યોજાયા બાદ નખત્રાણાના પ્રાચિન સિધેશ્વર મહાદેવ મંદિરે ધારાસભ્ય પી.એમ. જાડેજા, નગરપતિ વસંતભાઈ વાઘેલા, નખત્રાણા તા. પં. પ્રમુખ ભારતીબેન નીતિનગિરિ ગોસ્વામી, અબડાસા તા.પં. પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા, તાલુકા ભાજપના પ્રમુખ ધર્મેશ કેસરાણી, પ્રભારી પરેશભાઈ ભાનુશાલી, ચેરમેન ચંદનસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયેલા આ શિવવંદના કાર્યક્રમમાં માવન મેદની ઉમટી પડી હતી.

ધારાસભ્ય પી.એમ. જાડેજાએ 'કચ્છ ઉદય'ને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, વિકસીત ભારતને સ્વપ્નને સાકાર કરવા મોદી સાહેબ ૧૨ વર્ષથી સતત આગળ વધતા રહ્યા છે. ૧૪૦ કરોડ દેશવાસીઓના આશીર્વાદ અને રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી સરકારે યુવાનો, મહિલાઓ, ખેડૂતો, ભાઈઓ-બહેનો સશક્ત બનાવવા માટે કોઈ કસર બાકી રાખી નથી. આજે દેશ વિશ્વ તરફ ડગ માંડી રહ્યો છે. ડિજિટલ ક્રાંતિક્ષેત્રોમાં ભારત નવી ઓળખ વિશ્વમાં ઊભી કરી છે.

નગરપતિ વસંતભાઈ વાઘેલા, તા.પં. પ્રમુખ ભારતીબેન ગોસ્વામી, જયેન્દ્રસિંહ જાડેજાએ પણ પી.એમ. જાડેજાની વાતમાં સૂર પુરાવ્યો હતો. નગરપાલિકાના કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડે તમામ મહેમાનોને આવકાર્યા હતા. મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યો હતો. દર્શનભાઈ ઠક્કર એન્ડ પાર્ટી શિવવંદના, દેશભક્તિના ગીતો ગાઈ વાતાવરણ પુલકિત કરી દીધો હતો. મહાઆરતીનો લાભ મહાનુભાવોએ લીધો હતો. પ્રસાદ બાટવામાં આવ્યો હતો. પૂજારી બટુકપુરી વેલપુરી આરતી ઉતારી હતી. આ અવસરે દમયંતીબેન સેંઘાણી, જાગૃતીબેન પલણ, નયનાબેન પટેલ, મંગળાબેન વાઘેલા, વંદનાબેન પટેલ, હંસાબેન રૈયાણી, જોશનાબેન મારવાડા, ખુશ્બૂબેન સોની, સંગીતાબેન સાધુ, દક્ષાબા રાઠોડ, હિરેન ભટ્ટ, ઉર્મીત રાજગોર, હિરેન વ્યાસ, રતનભાઈ સંઘાર, મુકેશભાઈ રાણવા, રવિભાઈ નામોરી, મહેશ રબારી, લાખાભાઈ રબારી, પ્રકાશ જોષી, હિરેન વ્યાસ, ચંદુ સુથાર, હરીસિંહ રાઠોડ, અશ્વિન સોની, મહિપતસિંહ જાડેજા, ઉત્પલસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ ઝાલા, હનુભા પરમાર, રણજીતસિંહ સોઢા, અમીત ગોસ્વામી, પરેશ સાધુ, જીતેન્દ્રસિંહ જાડેજા, કેતનભાઈ શાહ, ગિતેશ શાહ, નરેન્દ્રસિંહ જાડેજા, જગદીશ પલણ, જયસુખભાઈ પટેલ, દિનેશભાઈ વાઘેલા, નીતિનગિરિ ગોસ્વામી, રાજુભાઈ સોનપાર સહિત ભાજપના તમામ મોરચાના પદાધિકારી, શિવભક્તો ઉપસસ્થિત રહ્યા હતા.



## મોદી સરકારના ૧૨ વર્ષના કાર્યકાળ દરમ્યાન સુશાસન અને જનકલ્યાણના વિવિધ કાર્યો અંગેની ચર્ચા કરાઈ



નખત્રાણા - કચ્છ ઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર પર આયોજિત વિશિષ્ટ વ્યક્તિ સંપર્ક અભિયાન અંતર્ગત અબડાસા વિધાનસભાના નખત્રાણા તાલુકાના મોટા યક્ષ ગામે પ.પૂ.શ્રી યક્ષ બૌતેરા મંદિરના પૂજારી ભોપાશ્રી નવિનભાઈ સંઘારની સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડા અને નખત્રાણા તાલુકા ભાજપ પરીવાર દ્વારા શુભેચ્છા મુલાકાત લીધી અને તેમનું સન્માન કર્યું. તેમજ મોદી સરકારના ૧૨ વર્ષના કાર્યકાળ દરમ્યાન સુશાસન અને જનકલ્યાણના વિવિધ કાર્યો અંગેની ચર્ચા કરી હતી.

## માતાનામઢ આશાપુરા મંદિરે મહાઆરતી યોજાઈ



નખત્રાણા - કચ્છ ઉદય : ૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના ભારતીય જનતા પાર્ટી લખપત તાલુકા દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દેશના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા પ્રધાનમંત્રી બનવા બદલ તથા તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે આશાપુરા માતાજી મંદિર- માતાનામઢ ખાતે સાંજે ૭ કલાકે કચ્છ જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન હુણ (રબારી) અને જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજાની ઉપસ્થિતિ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌ કાર્યકર્તાઓ, તેમજ પાર્ટીના આગેવાનો હાજર રહ્યા રહ્યા હતા.

## સાંયરામાં વડાપ્રધાનના કાર્યકાળ દરમ્યાન કૃષિક્ષેત્રે વિકાસ અંગે ચર્ચા કરાઈ



નખત્રાણા – કચ્છ ઉદય : નરેન્દ્ર મોદી સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર પર આયોજિત વિશિષ્ટ વ્યક્તિ સંપર્ક અભિયાન અંતર્ગત અબડાસા વિધાનસભાના નખત્રાણા તાલુકાના સાંયરા ગામે પ્રગતિશીલ ખેડૂત, કચ્છ કૃષિવન ફાર્મર પ્રોડ્યુસ કંપની (ઈપીઓ)ના પ્રમુખ વસંતભાઈ લાલજીભાઈ વાસાણીની સાંસદ વિનોદભાઈ ચાવડા અને ભાજપ પરીવાર દ્વારા શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. મોદી સરકારના ૧૨ વર્ષના કાર્યકાળ દરમ્યાન જનકલ્યાણ અને કૃષિ ક્ષેત્રે વિકાસ તથા આધુનિક ટેક્નોલોજી અંગેની ચર્ચા કરી હતી.

# ભારતીય શક્તિ ચેતના પાર્ટી દ્વારા વિશાળ નશામુક્તિ રેલીનું આયોજન

**મુંબઈના પૂર્વ ડેપ્યુટી મેયર બાબુભાઈ ભવાનજીના માર્ગદર્શન હેઠળ મુંબઈમાં પણ ટૂંક સમયમાં નશામુક્તિ રેલીનું આયોજન કરવામાં આવશે**





ભુજ - કચ્છઉદય : ભારતીય શક્તિ ચેતના પાર્ટીની જિલ્લા એકમ દ્વારા દાદાબાડા ગ્રાઉન્ડ, જૂના બસ સ્ટેન્ડ પાસે વિશાળ નશામુક્તિ રેલી અને જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દાદાબાડા ગ્રાઉન્ડથી શરૂ થઈ બરોડા ચોક, કોતવાલી અને જૂના બસ સ્ટેન્ડ થઈ મુખ્ય માર્ગો પરથી શહેરભરમાં ફરી હતી. પરંપરાગત સુવા અને કર્મા નૃત્ય, ઢોલ- નગારા અને સંગીતના ગાજતા અવાજો સાથે લોકોએ ઉત્સવ દિવસની ઉજવણી કરી. લગભગ ૩ કિલોમીટર સુધીની યાત્રા બાદ રેલી ફરી દાદાબાડા ગ્રાઉન્ડ ખાતે પહોંચી અને હજારો લોકોની વિશાળ સભામાં પરિવર્તિત થઈ ગઈ હતી.

માતા ભગવતી આદિશક્તિ જગદંબા, પરમપૂજ્ય ગુરુવર શ્રી શક્તિપુત્રજી મહારાજ અને છત્તીસગઢ મહતારીની પૂજા-અર્ચના સાથે કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમને સંબોધતા ભારતીય શક્તિ ચેતના પાર્ટી અને ભગવતી માનવ કલ્યાણ સંગઠનના રાષ્ટ્રીય મહાસચિવ અજય અવસ્થીએ જણાવ્યું કે આજનો દિવસ સૌ માટે ઉત્સવનો દિવસ છે. પાર્ટીની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારથી આજ સુધી પાર્ટી નશામુક્ત, માંસાહારમુક્ત, ચારિત્ર્યવાન, જાગૃત તેમજ ભય, ભૂખ અને ભ્રષ્ટાચારમુક્ત ભારત અને છત્તીસગઢના નિર્માણ માટે સતત કાર્યરત છે. ભવિષ્યમાં આ રાજ્ય ચોક્કસપણે નશામુક્ત બનશે. છત્તીસગઢ મહતારીના ગૌરવને વધારવા માટે રાજ્યને નશામુક્ત બનાવવું જરૂરી છે. તેનાથી સમાજના તમામ વર્ગોના લોકોનો સર્વાંગી વિકાસ થશે. તેમણે રાજ્યના તમામ ધાર્મિક સ્થળોને પણ સંપૂર્ણપણે નશામુક્ત બનાવવાની માંગ કરી.


રોજગારના મુદ્દે રાજ્ય સરકારની કામગીરી પર પ્રશ્નો ઉઠાવતા તેમણે કહ્યું કે ચૂંટણી દરમિયાન કરેલા વચનો છતાં યુવાનોને પૂરતી રોજગારી મળી રહી નથી, જે દુઃખદ બાબત છે. સમગ્ર દેશમાં "ધાનનો ભંડાર" તરીકે ઓળખાતા છત્તીસગઢમાં ખેડૂતોને હજુ પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે, જ્યારે તેમને સમયસર જરૂરી સુવિધાઓ મળવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે સરકાર કેટલાય પ્રયાસો કરે, પરંતુ નશાખોરી પર નિયંત્રણ કર્યા વિના ગુનાખોરીમાં ઘટાડો શક્ય નથી. પ્રથમ નશાને રોકવામાં આવશે તો ગુનામુક્ત છત્તીસગઢનું નિર્માણ શક્ય બનશે. રસ્તાઓ પર ગૌમાતાની હાલત સરકારના વચનો અને કાર્ય વચ્ચેનો તફાવત સ્પષ્ટ દર્શાવે છે.

વનસંપત્તિથી સમૃદ્ધ રાજ્યમાં પર્યાવરણ અને વનોનું સંરક્ષણ અત્યંત જરૂરી છે, જેના માટે વૃક્ષોની કાપણી રોકવી આવશ્યક છે. છત્તીસગઢના પ્રવાસન સ્થળો દેશભરમાં પ્રસિદ્ધ છે, છતાં તેમના વિકાસ માટે પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા નથી. પાર્ટીનો મુખ્ય હેતુ સમૃદ્ધ અને ખુશહાલ છત્તીસગઢનું નિર્માણ કરવાનો છે, અને તે માટે પાર્ટીના પ્રયાસો સતત ચાલુ રહેશે. તેમણે આ ઉત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા જનસમુદાયનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. ૧૦,૦૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અજય અવસ્થીએ વધુમાં જણાવ્યું કે આગામી જનજાગૃતિ કાર્યક્રમ ટૂંક સમયમાં મુંબઈમાં યોજાશે, જેમાં ઘણા વર્ષોથી સંગઠન સાથે જોડાયેલા મુંબઈના પૂર્વ ડેપ્યુટી મેયર બાબુભાઈ ભવાનજીના અધ્યક્ષસ્થાને "ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન" ચલાવવામાં આવશે. આ અભિયાન દ્વારા સંગઠનના હેતુઓ અને વિચારોને વધુ વ્યાપક સ્તરે પહોંચાડવામાં આવશે.

# પાણી ચોરીના કારણે સરવા સંપ તળેના ૭ ગામો તરસ્યા

**ઝુરાથી પાણી છોડાય પરંતુ વચ્ચે લાઈન તોડીને ચોરી થતી હોવાથી લોકો સુધી જળ પહોંચતું નથી : વ્યાપક ફરિયાદ છતાં પાણી પુરવઠા વિભાગે તપાસ ન કરતાં તર્કવિતર્ક સર્જાયા**





ભુજ - કચ્છઉદય : બન્ની વિસ્તારમાં હાલ ઉનાળામાં પાણીની તંગી સર્જાઈ છે. લોકો દ્વારા તંત્રમાં અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે ત્યારે તંત્ર દ્વારા કહેવામાં આવે છે કે, અહીંથી પાણી છોડવામાં આવે છે. તો પાણી જાય કયાં છે તે પણ એક સવાલ છે. તે વચ્ચે સામે આવ્યું છે કે, ઝુરા ગામે આવેલ સંપમાંથી પાણી છોડાયા બાદ સેરવા ગામે આવેલ પાણીના ટાંકામાં પાણી ઓછું પહોંચી રહ્યું હોવાનું સામે આવ્યું છે, ત્યારે જો પાણી પુરવઠા તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તો થતી પાણી ચોરી સામે આવે તેમ છે તેમ જાણવા મળ્યું છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, અનેક વખત પાણી પુરવઠા વિભાગમાં રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં કોઈ જ તપાસ કરવામાં આવતી નથી, જેના કારણે તંત્ર સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

આ અંગે છછરા જુથ ગ્રામ પંચાયતના સરપંચ રૂકીયાબાઈ જતે જણાવ્યું હતું કે, પાણી પુરવઠા દ્વારા સેરવા ગામે ૧૦ લાખ લીટરનો પીવાના પાણીનો સંપ બનાવ્યો છે, જેના દ્વારા છછલા, ભગાડીયા, ફારૂકવાંઢ, સેરવા, રભુવાંઢ, સરાડા મોટા, સરાડા નાના, સાવલપુર ગામમાં પાણીની પાઈપ લાઈન મારફતે લોકોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. આ પાણીના ટાંકામાંથી ૧૦થી ૧૫ હજાર લોકો અને ૨૫થી ૩૦ હજાર પશુઓ નિર્ભર છે. પરંતુ પણ વચ્ચે બેઠેલા અન્ય માલધારીઓ દ્વારા પાઈપ લાઈન તોડીને ત્યાં બનાવવામાં આવેલા અવાડા અને ખાડાઓ ભરીને પાણીનો બગાડ કરવામાં આવી રહ્યો છે. જેના કારણે ઝુરાથી છોડવામાં આવેલ પાણી સેરવા ગામના સંપ સુધી પહોંચાડવામાં આવતું નથી. ઝુરા ખાતે પાણીનો મીટર લગાડેલ છે તેઓ કહે છે કે, પાણી પૂરતું મોકલીએ છીએ તો પાણી ક્યાં જાય છે. પાણી પુરવઠા દ્વારા તપાસ કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે.

# માધાપરની શાળાને પુસ્તકો ભેટમાં મળ્યા

**બાળકોને પ્રોત્સાહિત કરવા માટે શાળા સંચાલકો દ્વારા વાંચો અને વંચાવો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું**

ભુજ - કચ્છ ઉદય : કચ્છ જન કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રદ્ધા સ્કૂલ એન્ડ કોલેજ માધાપર ખાતે બાળકોના ઈતર વાંચનને પ્રોત્સાહિત કરવાના હેતુસર શાળા સંચાલકો દ્વારા વાંચો અને વંચાવો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આઠ જૂન ૨૦૨૬ ના રોજ નવા સત્રના પ્રથમ જ દિવસે શાળામાં વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને પણ શાળાના આચાર્ય રીટાબેન અધ્યારુ દ્વારા તથા અન્ય શિક્ષકો દ્વારા કુમકુમ તિલક કરી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. સાથે સાથે પ્રાર્થના સભામાં વિદ્યાર્થીઓને વાંચો અને વંચાવો વિષય અંતર્ગત ઈતર વાંચનના ફાયદાઓ તેમજ જરૂરિયાતો વિશે માર્ગદર્શન શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈ ઘાટકોપર સ્થિત જાણીતા સોલિસિટર પ્રવીણભાઈ વીરા તથા રંજનબેન વીરા તરફથી શાળાને ૨૫ હજારના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. જેમાં સાહિત્યની ઉત્તમ રચનાઓ વાર્તા કવિતાઓ નિબંધ આત્મક વગેરે પુસ્તકોનો સમાવેશ થયો હતો જે પુસ્તકો વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી રહ્યા છે વિદ્યાર્થીઓ આ પુસ્તક મેળવીને ખુબ ખુશ દેખાતા હતા. આ પ્રસંગે શાળાના ચેરમેન પ્રીતમભાઈ ઠક્કર, મેનેજિંગ ડિરેક્ટર મનોજભાઈ ઠક્કર, કુનાલ ઠક્કર, ઘનશ્યામ ઠક્કર, પિંકલબેન ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ઈતર વાંચન તરફ વળવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. ભવિષ્યમાં આ અનુસંધાને શાળામાં વક્તવ્ય પણ યોજાશે એવી પણ વાત ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવી હતી.

## અંજારમાં પુરસ્કાર સમારોહ ૨૦૨૬માં ભુજની લેખિકાનું સન્માન



ભુજ-કચ્છઉદય : અંજારની હાર્મની આર્ટસ એન્ડ કલ્ચર સંસ્થા દ્વારા પ્રતિભાશાળી વ્યક્તિઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પુરસ્કાર સમારોહમાં ભુજના લેખિકા આરતી પરિતોષ જોષીને તેમની સાહિત્ય સિદ્ધિઓ બદલ વિશિષ્ઠ એવોર્ડ ૨૦૨૬ એનાયત કરવામાં આવ્યો હતો. એ બદલ પરિવારજનો તેમજ સાહિત્યકારોએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર આયોજન હાર્મની આર્ટસ એન્ડ કલ્ચર સંસ્થાના સંજયભાઈ શાહએ કરેલ હતું. આ આયોજનને સફળ બનાવવા માટે પૂજાબેન ગઢવી, રમેશભાઈ ભટ્ટ, નારાયણભાઈ, મહેન્દ્રભાઈ તેમજ સમગ્ર સંચાલક ટીમનો સહયોગ મળેલ હતો. કાર્યક્રમમાં સૂત્ર સંચાલન વિરાજબેન દેસાઈએ કરેલ હતું.

# મુરચબાણમાં મધરાત્રે સવા વાગ્યે મામલતદારે દરોડો પાડી બેન્ટોનાઈટની ખનિજચોરી પકડી

ભુજ - કચ્છઉદય : પશ્ચિમ કચ્છ જિલ્લામાં ખનિજચોરી અટકાવવા માટે અગાઉ ટાસ્કફોર્સ બની તેનું સુરસુરિયું થયું છે. તેમજ ભુજ ખનિજ વિભાગ અને ફલાઈંગ સ્કવોર્ડ હોવા છતાં અબડાસા, લખપત અને નખત્રાણામાં ખનિજ ચોરી અટકતી નથી. તાજેતરમાં થયેલી સંકલનની બેઠકોમાં આ મુદ્દે સવાલો ઉઠ્યા બાદ ખાણ ખનિજ વિભાગ પર જવાબદારી આપવાના બદલે મહેસુલ વિભાગે પોતે જ કાર્યવાહી કરવાનું નક્કી કર્યું છે. અગાઉ કોટડા (જડોદર) અને હાજાપરમાં મામલતદારે ઓવરલોડ ખનિજ ભરેલા ચાર ડમ્પર પકડ્યા તે બાદ નલિયા અને નખત્રાણામાં ઓવરલોડ અને રોયલ્ટી વગર ખનિજ પરિવહન કરતા ડમ્પર પકડાયા અને હવે લખપત તાલુકામાં મામલતદારે રાતના સવા વાગ્યે દરોડો પાડ્યો હતો.

કલેકટર અનિલ રાણાવસિયાની સૂચનાથી, પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજ્જવલની આગેવાનીમાં મામલતદાર નવીનચંદ્ર મારૂ અને ટીમ દ્વારા મુરચબાણ ગામની સીમમાં બેન્ટોનાઈટનું ગેરકાયદે ઉત્ખન્નની બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. રાત્રે ૧:૧૫ કલાકે દરોડો પાડતા ૩ મોટા ડમ્પર બેન્ટોનાઈટ ભરેલા તેમજ બે હિટાચી મશીન, અને ૮ મોટા ડમ્પર પકડી પાડ્યા હતા. મુદામાલ દયાપર પોલીસને હવાલે કરાયો છે, જેની કિંમત ૧.૨૦ કરોડ છે તેમ મામલતદાર લખપતે જણાવ્યું છે.



**ત્રણ ખનિજ ભરેલા અને અન્ય ૮ ડમ્પર તેમજ બે હિટાચી કબ્જે કર્યા : પશ્ચિમ કચ્છમાં પ્રાંતના નેજા તળે મહેસુલ વિભાગે સપાટો બોલાવ્યો પણ ખાણ ખનિજ અને ફલાઈંગ સ્કવોર્ડ નિષ્ક્રીય બનતા ઉઠ્યા સવાલો**

## ઈરાનનો અત્યાર સુધીનો સૌથી મોટો વળતો પ્રહાર, ૩ દેશોમાં ૧૮ અમેરિકન સૈન્ય ઠેકાણા હચમચાવ્યા

(એજન્સી દ્વારા)

તહેરાન : પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની કડક ચેતવણી અને અમેરિકન સેના દ્વારા ટૉમહૉક ક્રૂઝ મિસાઈલોના પ્રહાર બાદ, ઈરાને પણ અમેરિકા સામે આરપારની લડાઈનું એલાન કરીને જોરદાર વળતો પ્રહાર કર્યો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ અત્યંત સ્ફોટક બની ગઈ છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ દાવો કર્યો છે કે તેણે બહેરીનમાં સ્થિત અમેરિકન નૌકાદળના પાંચમા બેડાના હેડક્વાર્ટરને નિશાન બનાવીને 'શાહિદ-૧૩૬' વિનાશક આત્મઘાતી ડ્રોનથી મોટો હુમલો કર્યો છે. ઈરાને ફરી એકવાર બહેરીન, કુવૈત અને જોર્ડનમાં આવેલા અમેરિકન સૈન્ય ઠેકાણાઓને હચમચાવી નાખ્યા હતા.

ઈરાની ન્યૂઝ એજન્સી 'મેહર' ના જણાવ્યા અનુસાર, **IRGC** ની એરોસ્પેસ ફોર્સ અને નેવીએ બે તબક્કામાં મોટું ઓપરેશન પાર પાડ્યું છે. આ હુમલામાં અમેરિકાના અલ-સલેમ એર બેઝ, અહમદ અલ-જાબેર એર બેઝ અને શેખ ઈસા એર બેઝ પર આવેલા અંદાજે ૧૮ જેટલા મહત્વના સૈન્ય ઠેકાણાઓને ધ્વસ્ત કરવાનો દાવો કરાયો છે. આ ઉપરાંત, બહેરીનમાં અમેરિકન સેનાની કમ્યુનિકેશન સિસ્ટમ અને પેટ્રિયોટ એર ડિફેન્સ સિસ્ટમના રડાર લોકેશનને પણ નિશાન બનાવાયા છે, જેના કારણે સમગ્ર બહેરીનમાં એર રેડ સાયરન ગુંજી ઉઠ્યા છે. જૉર્ડને પણ પોતાની સરહદમાં આવતી ૫ ઈરાની મિસાઈલોને હવામાં જ તોડી પાડી હોવાની પુષ્ટિ કરી છે.

## કચ્છમાં અસહ્ય બફારાથી લોકો પરસેવે રેબઝેબ

ભુજ - કચ્છઉદય : છેલ્લા કેટલાક દિવસથી કચ્છમાં અસહ્ય બફારો છે. તેમાં પણ બપોરના ભાગે તો લોકો પરસેવે રેબઝેબ થઈ જાય છે. જિલ્લામાં આકરી ગરમી અને અસહય અકળામણનું જોર યથાવત જોવા મળ્યું છે. કચ્છના મોટાભાગના વિસ્તારોમાં સંપૂર્ણ સુકુ રહ્યું હતું. ગઈકાલે કચ્છમાં સૌથી વધુ ભુજ ૩૮ ડિગ્રી, કંડલા ૩૭.૩ અને મહતમ તાપમાન સાથે રાજ્યના ગરમ મથકોમાં રહ્યું હતું. તો નલિયામાં ૩૫ ડિગ્રી, માંડવી અને મુંદરામાં ૩૭ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. તો લઘુતમ તાપમાન ૨૮થી ૨૯ ડિગ્રી નોંધાયું હતું. દિવસે તો ઠીક હવે તો રાત્રે પણ અસહ્ય ગરમીના કારણે લોકો પરેશાન થઈ ગયા છે. મોડી રાત્રી સુધી છત અને મકાનો ગરમ રહે છે, જેના કારણે બફારાના કારણે લોકો પરેશાન થઈ ગયા છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આગામી ૭ દિવસ દરમિયાન મહતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફારની શકયતા નથી. જો કે, ચોમાસા માટે સાનુકુળ પરિસ્થિતિઓ વચ્ચે રાજ્યના વિવિધ વિભાગોમાં તબક્કાવાર વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

## બિયારણ - ખાતરમાં ગેરરીતિ મામલે સરકાર સતર્ક : PBM હેઠળ પગલા લેવાશે

ગાંધીનગર : રાજ્યના ખેડૂતોને ઉત્તમ ગુણવત્તાવાળું અને પૂરતા પ્રમાણમાં ખાતર, બિયારણ તેમજ જંતુનાશક દવાઓ મળી રહે તે માટે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગેરરીતિ આચરતા તત્વોને ચેતવણી આપી છે કે, ખેડૂતોના હિત-શત્રુઓ, ગેરકાયદેસર, પ્રતિબંધિત કે ઓછી ગુણવત્તાવાળી કૃષિ સામગ્રી વેચનારા કે સંગ્રહખોરી કરનારા તત્વોને રાજ્ય સરકાર સાંખી નહીં લે.આવા ગેરકાનૂની કામ કરતાં તત્વો સામે કાયદાનું શસ્ત્ર ઉગામીને કડક કાનૂની પગલાં ભરવા માટે કૃષિ વિભાગને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે.મંત્રીએ કહ્યું કે, જો કોઈ પણ સંસ્થા કે વિક્રેતા ગેરકાયદેસર પ્રવૃત્તિ કે અનિયમિતતા આચરતા પકડાશે, તો ગુનાની ગંભીરતા જોઈને માત્ર લાયસન્સ જ રદ નહીં થાય, પણ તેમની સામે સીધી પોલીસ ફરિયાદ કરવામાં આવશે.આવી ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વો અને ઈસમો સામે ધ પ્રિવેન્શન ઑફ બ્લેક માર્કેટિંગ એન્ડ મેઈન્ટેનન્સ ઑફ સપ્લાઈ ઑફ એસેન્શિયલ કોમોડિટી (પીબીએમ) એક્ટ- ૧૯૮૦ હેઠળ જેલની સજા અને દંડ થાય તેવા કડક આદેશો આપી દેવાયા છે.ખેડૂતોના હિતોના રક્ષણ માટે કૃષિ વિભાગ હસ્તકનું ગુણવત્તા નિયંત્રણ તંત્ર રાત-દિવસ એક કરીને સતત સતર્કતા સાથે કામ કરી રહ્યું છે. ચાલુ વર્ષે માત્ર ત્રણ જ મહિનામાં ૮૫ વિજીલન્સ



ટીમોએ બિયારણ, ખાતર અને જંતુનાશક દવાના કુલ ૩,૫૨૬ ઉત્પાદકો અથવા વિક્રેતાઓ તેમજ ટેકનિકલ ગ્રેડ યુરિયા વાપરતા ૭૪ એકમોની સઘન તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન ગુણવત્તાની ચકાસણી માટે કુલ ૧,૦૬૦ નમૂનાઓ લેવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન અનિયમિતતા જણાતા અત્યાર સુધીમાં ૭૫૨ વિક્રેતાઓને નોટિસ ફટકારવામાં આવી છે.

## ઓમાનમાં ઓઈલ ટેન્કર પર અમેરિકાનો હુમલો : ૩ ભારતીય ક્રૂ મેમ્બર લાપતા, ભારતનું યુએસ રાજદ્વારીને તેડું

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભયાનક સૈન્ય સંઘર્ષની વચ્ચે ઓમાનના દરિયાકાંઠા નજીક એક કોમર્શિયલ ઓઈલ ટેંકર પર અમેરિકન સેના દ્વારા મોટો હુમલો કરવામાં આવ્યો છે. આ જહાજ પર કુલ ૨૮ ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જેમાંથી ૨૪ નાગરિકો ભારતીય હતા. આ હિંસક હુમલા બાદ ૩ ભારતીય જવાનો લાપતા હોવાના અત્યંત દુખદ સમાચાર સામે આવ્યા છે, જ્યારે ૨૧ ભારતીયોને ઓમાન નેવીની મદદથી સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. ભારતે આ હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરીને નવી દિલ્હીમાં અમેરિકન રાજદ્વારીને સમન્સ પાઠવીને કડક વિરોધ નોંધાવ્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયે બુધવારે રાત્રે જાહેર કરેલા સત્તાવાર નિવેદનમાં જણાવ્યું કે, 'જે કોમર્શિયલ જહાજ પર હુમલો થયો છે, તેનું નામ 'સેટેબેલો' છે, અને તે 'પલાઉ' દેશના ફ્લેગ હેઠળ રજિસ્ટર્ડ થયેલું કેમિકલ/ઓઈલ પ્રોડક્ટ ટેંકર છે. 'મરીન ટ્રાફિક શિપ-ટ્રેકિંગ પ્લેટફોર્મના અહેવાલ મુજબ, 'આ ટેંકર આંશિક રીતે ઓઈલથી ભરેલું હતું, જે ઓમાનના સોહર બંદરગાહથી ૨૦ નોટિકલ માઈલ ઉત્તર-પૂર્વમાં હતું, ત્યારે જ તેના પર હુમલો થતાં એન્જિન રૂમમાં ભયાનક આગ લાગી હતી. જહાજ તરફથી મોકલવામાં આવેલી ઈમરજન્સી 'ડિસ્ટ્રેસ કોલ' પર ઓમાનની નૌસેનાએ તાત્કાલિક એક્શન લઈને રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું.'

## 'અફેર અંગે એપસ્ટિન બ્લેકમેઈલ કરી રહ્યો હતો...', બિલ ગેટ્સના સનસનીખેજ દાવાથી દુનિયા ચોંકી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સે અમેરિકન સંસદની એક સમિતિ સમક્ષ અત્યંત ચોંકાવનારો ખુલાસો કર્યો છે. બિલ ગેટ્સે જણાવ્યું છે કે જાતીય ગુનેગાર જેફરી એપસ્ટિને તેમના જૂના એક્સ્ટ્રા મેરિટલ અફેર (લગ્નેતર સંબંધો)ને લઈને તેમને બ્લેકમેઈલ કર્યા હતા. એપસ્ટિન ઈચ્છતો હતો કે તેમની વચ્ચેના સંબંધો પૂરા થઈ ગયા પછી પણ બિલ ગેટ્સ ફરીથી તેની સાથે સંપર્ક શરૂ કરે.

બિલ ગેટ્સ અમેરિકન સંસદની 'હાઉસ ઓવરસાઈટ એન્ડ ગવર્નમેન્ટ રિફોર્મ કમિટી' સમક્ષ હાજર થયા હતા, જે સમિતિ એપસ્ટિન મામલામાં વહીવટીતંત્રે કરેલી કામગીરી અને તેની સાથે જોડાયેલા વગદાર લોકોના નેટવર્કની તપાસ કરી રહી છે. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યા અનુસાર, બિલ ગેટ્સે સ્વીકાર્યું છે કે જ્યારે તેઓ પરોપકારના કાર્યોના મામલે એપસ્ટિને મળ્યા હતા, ત્યારે તેઓ તેના ગુનાઓની ગંભીરતાને પૂરી રીતે સમજી શક્યા નહોતા. બિલ ગેટ્સે સમિતિ સમક્ષ જણાવ્યું હતું કે, 'આ અફેર્સને અને એપસ્ટિન સાથેની મારી વાતચીતને કોઈ લેવાદેવા નહોતી, પરંતુ આ આખો મામલો મારા પરિવાર માટે ખૂબ જ દુ:ખદ હતો.

## માંડવી-મુંદરા મતવિસ્તારના ૭૦૦ જેટલા યાત્રાળુઓએ તીર્થયાત્રા કરી

માંડવી - કચ્છઉદય : પવિત્ર અધિક પુરુષોત્તમ માસ દરમિયાન ધાર્મિક આસ્થા અને વડીલોના સન્માનને કેન્દ્રમાં રાખીને માંડવી - મુંદરા મતવિસ્તારના આશરે ૭૦૦ જેટલા વડીલો માટે ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ દ્વારકા, સોમનાથ, વીરપુર, સારંગપુર અને અન્ય પવિત્ર તીર્થસ્થળોની વિશાળ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

અધિક પુરૂષોત્તમ માસને હિન્દુ ધર્મમાં વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ ધરાવતો મહિનો માનવામાં આવે છે. આ માસ દરમિયાન તીર્થયાત્રા, જપ-તપ અને ભગવાનના સ્મરણનું વિશેષ પુણ્યફળ પ્રાપ્ત થતું હોવાનું માનવામાં આવે છે. યાત્રા માટે માંડવીથી સાત અને મુંદરાથી ત્રણ મળી કુલ ૧૦ લક્ઝરી બસો દ્વારા યાત્રાળુઓને રવાના કરાઈ હતી. યાત્રા દરમિયાન યાત્રાળુઓને શુદ્ધ પીવાનું પાણી, નાસ્તો, ભોજન, આરામ તેમજ જરૂરી તબીબી સહાય સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

યાત્રા સંઘ પ્રથમ દ્વારકા પહોંચ્યો હતો, ભગવાન દ્વારકાધીશના દર્શન બાદ ઓખામંડળ વિસ્તારના પવિત્ર સ્થળો તથા હરસિદ્ધિ માતાજીના દર્શનનો લાભ યાત્રાળુઓને મળ્યો હતો. ત્યારબાદ ભગવાન સોમનાથ મહાદેવના દર્શન અને રાત્રિ રોકાણનું આયોજન કરવામાં આવ્યું છે. વીરપુર ખાતે પૂજ્ય જલારામ બાપા, સારંગપુરમાં કષ્ટભંજન દેવ, ચોટીલા સહિતના અન્ય તીર્થસ્થળોના દર્શન કરીને યાત્રા સંઘ કચ્છ પરત ફરતા અભિવાદન કરાયું હતું. આયોજન અંગે માહિતી આપતાં ધારાસભ્ય કાર્યાલયના ઈન્ચાર્જ ભાવેશભાઈ સાધુ, અમૂલભાઈ દેઢિયા અને પંકજભાઈ રાજગોરે જણાવ્યું હતું કે વડીલોને જીવનના આ તબક્કે આધ્યાત્મિક સંતોષ અને તીર્થયાત્રાનો અવસર મળે તે માટે આ સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કચ્છ યુનિવર્સિટી આગામી માસમાં પૂરક પરીક્ષા લેશે

**એબીવીપીની રજૂઆત બાદ મહત્તમ બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓને મળ્યો વધુ એક મોકો**

ભુજ - કચ્છઉદય : કચ્છ યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને વિરોધ પ્રદર્શનના અનુસંધાને યુનિવર્સિટી તંત્રએ મહત્તમ બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આગામી માસમાં પૂરક પરીક્ષા યોજવાનો મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણયથી અનેક વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડતું અટકશે.

વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને એબીવીપી દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે રજિસ્ટ્રાર કચેરીમાં ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સંગઠને એવી માંગ ઉઠાવી હતી કે માત્ર એક કે બે વિષયમાં નાપાસ થવાના કારણે વિદ્યાર્થીઓને આખું વર્ષ ગુમાવવું પડે તે યોગ્ય નથી. આ મુદ્દે કાર્યકર્તાઓએ કચેરી ખાતે સૂત્રોચ્ચાર સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો તેમજ લાઈટ અને પંખા બંધ કરાવીને યુનિવર્સિટી તંત્ર સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

વિદ્યાર્થીઓની રજૂઆતને ગંભીરતાથી લઈ કચ્છ યુનિવર્સિટીએ અધિકૃત પરિપત્ર જાહેર કર્યો છે. પરિપત્ર અનુસાર નેશનલ એજ્યુકેશન પોલિસી (એનઈપી) હેઠળ અભ્યાસ કરતા સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧થી સેમેસ્ટર-૪ના એવા વિદ્યાર્થીઓ, જેઓ કોઈપણ સેમેસ્ટરમાં મહત્તમ બે વિષયમાં નાપાસ થયા હોય, તેમના માટે વિશેષ પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. પરીક્ષા આગામી માસ દરમિયાન યોજાશે, જેથી વિદ્યાર્થીઓને પોતાની શૈક્ષણિક ખામી દૂર કરવાની તક મળી રહેશે.

વિદ્યાર્થી વર્ગમાં આ નિર્ણયને આવકાર મળ્યો છે. ખાસ કરીને અંતિમ વર્ષ તથા ઉચ્ચ અભ્યાસ માટે તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આ નિર્ણય લાભદાયી સાબિત થશે. પૂરક પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ પોતાની બાકી રહેલી વિષયોની પરીક્ષા આપી આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે.

આ પ્રસંગે એબીવીપીના વિભાગ સંયોજક જય આહીર, પશ્ચિમ કચ્છ જિલ્લા સંયોજક શૈલેશ પરમાર, સહસંયોજક મીત દરજી, આશુતોષ ગઢવી, યુનિવર્સિટી અધ્યક્ષ મહીપાલસિંહ જાડેજા સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગઠને આ નિર્ણયને વિદ્યાર્થીઓની એકતા અને સતત સંઘર્ષની જીત ગણાવી છે.

## 'શાંતિપૂર્ણ દેશો'ની યાદી જાહેર, રેક્િંગમાં અમેરિકાને મોટો ઝટકો, જાણો ભારત-પાકિસ્તાન કયા નંબરે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : વૈશ્વિક સ્તરે વધી રહેલા યુદ્ધો અને સૈન્ય સંઘર્ષોની વચ્ચે દુનિયાના સૌથી શાંતિપૂર્ણ દેશોને લઈને એક નવો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ યાદી અનુસાર, વિશ્વના શક્તિશાળી દેશો જેવા કે અમેરિકા, રશિયા, ઇઝરાયેલ અને ઈરાનની સરખામણીએ ભારત ઘણો શાંતિપૂર્ણ દેશ સાબિત થયો છે. પાકિસ્તાન પણ શાંતિની આ યાદીમાં ભારત કરતાં ઘણું પાછળ છે. જો કે, ગયા વર્ષની સરખામણીમાં ભારતના પોતાના રેક્િંગમાં થોડો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૫માં ભારત ૧૨૪માં સ્થાન પર હતું, જે આ વર્ષે ઘટીને ૧૨૭ માં સ્થાન પર પહોંચી ગયું છે. વિશ્વભરમાં શાંતિની સ્થિતિ પર નજર રાખતી સંસ્થા 'ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ'ના અહેવાલ મુજબ, આ સર્વેમાં ભારતનો સ્કોર ૨.૪૦૯ રહ્યો છે, અને ભારત વૈશ્વિક સ્તરે ૧૨૭માં ક્રમે છે. આ યાદીમાં યુરોપનો નાનો દેશ આઈસલેન્ડ ૧૧૬૧ના સ્કોર સાથે દુનિયાનો સૌથી શાંતિપ્રિય દેશ બન્યો છે. આઈસલેન્ડ સતત છેલ્લા ૧૯ વર્ષથી વિશ્વના સૌથી શાંતિપૂર્ણ દેશ તરીકે પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે.

## મોરબીને રાજકોટ રેન્જમાંથી કચ્છમાં ખસેડવાના નિર્ણય સામે રોષ ફેલાયો

**મોરબીના લોકો અને પોલીસ કર્મચારીઓને ૬૦ કિમીના બદલે હવે ૨૩૫ કિમીનો ધક્કો : સ્થાનિક વેપારીઓ અને ઉદ્યોગકારોમાં પણ નારાજગી**

### વેપારી અને ઔદ્યોગિક સંગઠનોને આગળ આવવાની માંગ

મોરબીના સિરામિક ઉદ્યોગ, ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર અને વેપાર-વ્યવસાય સાથે જોડાયેલા સંગઠનોમાં પણ આ નિર્ણય અંગે ચર્ચા ચાલી રહી છે. સ્થાનિક લોકોનું માનવું છે કે મોરબી ચેમ્બર ઓફ કોમર્સ, સિરામિક એસોસિયેશન, ટ્રાન્સપોર્ટ એસોસિયેશન અને અન્ય સંસ્થાઓએ સરકાર સમક્ષ આ મુદ્દે રજૂઆત કરવી જોઈએ. સ્થાનિક સમાજસેવકો અને નાગરિકોનું કહેવું છે કે સરકાર જનતાની સુવિધા અને ભૌગોલિક હકીકતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણયની પુનઃસમીક્ષા કરે. મોરબીને રાજકોટ રેન્જમાં જ રાખવામાં આવે તો જનતાને અનાવશ્યક મુશ્કેલીઓમાંથી રાહત મળી શકે.

મોરબી : રાજ્ય સરકારે મોરબી જિલ્લાને રાજકોટ પોલીસ રેન્જ આઈજી કચેરીમાંથી દૂર કરીને કચ્છ રેન્જમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય જાહેર થતાં મોરબીમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. સ્થાનિક લોકો, વેપારી સંગઠનો, ઉદ્યોગકારો અને સામાજિક આગેવાનો આ નિર્ણયને જનહિત વિરુદ્ધ અને વહીવટી રીતે અવ્યવહારુ ગણાવી રહ્યા છે.

અત્યાર સુધી મોરબી જિલ્લાના લોકોને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ ફરિયાદ, અરજી કે રજૂઆત માટે રાજકોટ જવું પડતું હતું, જે માત્ર ૬૦ કિલોમીટર દૂર હોવાથી સરળ હતું. હવે કચ્છ રેન્જ હેઠળ આવતા લોકોને ભુજ સુધી ૨૩૫થી ૨૫૦ કિલોમીટરનો લાંબો પ્રવાસ કરવો પડશે. આવન-જાવનમાં લગભગ ૧૦ કલાકનો સમય ખર્ચાશે, જેના કારણે સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. સ્થાનિકોના જણાવ્યા મુજબ પોલીસ સંબંધિત ફરિયાદો માટે ભુજ સુધી પહોંચવું દરેક માટે શક્ય નથી. ખાસ કરીને મહિલાઓ, વૃદ્ધો અને આર્થિક રીતે નબળા વર્ગ માટે આ અંતર મોટી મુશ્કેલી ઉભી કરશે. હાલમાં રાજકોટમાં સરળતાથી રજૂઆત કરી શકાતી હતી અને ઝડપી કાર્યવાહી પણ મળતી હતી. એક સ્થાનિક આગેવાને જણાવ્યું કે, જો સ્થાનિક સ્તરે ન્યાય ન મળે તો રાજકોટ જઈને આઈજી કચેરીમાં રજૂઆત કરવાની સુવિધા હતી. હવે ભુજ સુધી જવું મોટાભાગના લોકો માટે મુશ્કેલ બનશે.

પોલીસ વર્તુળોમાં પણ ચર્ચા છે કે મોરબી અને કચ્છ વચ્ચેનું ભૌગોલિક અંતર વહીવટી કામગીરીને અસર કરી શકે છે. કચ્છ રેન્જ પહેલેથી જ વિશાળ વિસ્તાર ધરાવે છે. તેમાં મોરબીનો ઉમેરો થતાં આઈજી કચેરી પર વધારાનો ભાર આવશે અને કાયદો - વ્યવસ્થાના પ્રશ્નોમાં સંકલન જાળવવું વધુ પડકારજનક બની શકે છે. મોરબીમાં હવે આ નિર્ણય સામે વિવિધ સ્તરે રજૂઆતો શરૂ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, ત્યારે સરકાર અને પોલીસ વિભાગ આ મુદ્દે શું વલણ અપનાવે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

## ભુજમાં માકપટ જૈન ગુર્જર સમાજ દ્વારા બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ







ભુજ - કચ્છ ઉદય : માકપટ જૈન ગુર્જર સમાજ કચ્છ દ્વારા શરદ બાગ ભુજ મધ્યે સમાજની બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મેલ કેટેગરીમાં ૨૦ જેટલી ટીમો તથા ફિમેલ અને ચિલ્ડ્રન કેટેગરીમાં ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે સમાજના પ્રમુખ કેતનભાઈ શાહે દાતાઓનું આભાર માનતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોના કારણે સમાજ સંગઠીત થાય છે અને યુવાનોમાં ખેલદિલીની ભાવના કેળવાય છે. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સપોર્ટ્સ સમિતિના કન્વીનર સેતુભાઈ શાહ અને જેકી મહેતા તથા તેમની ટીમનો આભાર માન્યો હતો.

આ ટુર્નામેન્ટમાં મેઈન સ્પોન્સર તરીકે માતૃશ્રી વિણાબેન વાડીલાલ શેઠ પરિવાર - ગાંધીધામ તથા ડો. સ્પોન્સર તરીકે માતૃશ્રી દિવાળીબેન કરશનજી શેઠ પરિવાર ગાંધીધામ તથા માતૃશ્રી ચંપાબેન હંસરાજ શાહ પરિવાર - નખત્રાણા રહ્યા હતા. અન્ય સહયોગી દાતામાં તલકશી પ્રતાપશી શાહ, માતૃશ્રી પ્રેમિલાબેન પ્રેમચંદ સંઘવી, માતૃશ્રી પ્રાણગૌરીબેન ટોકરશી શાહ, માતૃશ્રી ધનુબેન લાલજીભાઈ પોપટ શાહ પરિવાર, માતૃશ્રી હેમલતાબેન પ્રફુલ્લભાઈ શાહ તથા માતૃશ્રી ચંદ્રિકાબેન સૂર્યકાંતભાઈ શાહ પરિવાર રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં મેલ કેટેગરીમાં ધ્યાન ફાઈટર્સ, ફિમેલ કેટેગરીમાં વિમલમ ફાઈટર્સ તથા ચિલ્ડ્રન કેટેગરીમાં કવન બ્લાસ્ટર્સ વિજેતા રહ્યા હતા તથા મેલ કેટેગરીમાં પોર્કર બોયસ, ફિમેલ કેટેગરીમાં પોર્કર ગર્લ્સ તથા ચિલ્ડ્રનમાં વીર વોરિયર્સ રનર્સઅપ રહ્યા હતા.

આ કાર્યક્રમમાં માકપટ જૈન ગુર્જર સમાજના હોદ્દેદારો જિજ્ઞેશભાઈ જૈન, હેમાંગભાઈ શાહ તથા સમાજના અગ્રણી કમલેશભાઈ સંઘવી, ગાંગજીભાઈ શેઠ, અશ્વિનભાઈ શેઠ, ડો. રૂપેશ શેઠ, પ્રકાશભાઈ ગાંધી, મુકેશભાઈ શેઠ, જિજ્ઞેશભાઈ શાહ વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ બે દિવસીય કાર્યક્રમમાં ભોજનની વ્યવસ્થા સમાજના ભોજન સમિતિના કન્વીનર જીત શાહ, ભાવેશ શાહ તથા સેવંતી મહેતા દ્વારા સંભાળવામાં આવી હતી. આ કાર્યક્રમન સફળ બનાવવા સ્પોર્ટસ સમિતિના આસવ શાહ, દીપ મહેતા, મોક્ષેશ શાહ, રૂજુલ શાહ, વિપુલ શાહ, નિપુર શેઠ, ચૈન્ય મહેતા, નિક્ષીત શાહ, ભવ્ય મહેતા, ભુજ યુવા માકપટના પ્રમુખ કેયૂરભાઈ શાહે યોગદાન આપ્યું હતું. તેવું સમાજના મીડિયા કન્વીનર રાજુ શાહે જણાવ્યું હતું.

## નિરોણામાં તળાવ અને ચરિયાણના રસ્તા ખુલ્લા રાખવા રજૂઆત



ભુજ - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના પાવરપટ્ટીના નિરોણા ગામે આરક્ષિત વન વિભાગમાં થયેલ કામગીરીને ધ્યાને લઈ તાલુકા પંચાયત સદસ્ય અને ગ્રામ પંચાયત દ્વારા નખત્રાણા રેન્જ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે. જેમાં નિરોણાના ૧૦ હજાર જેટલા પશુધન માટે ડુંગર પરના તમામ જળાશયો જાનવરો માટે ખુલ્લા રાખવા તેમજ પશુઓ ડુંગર પર ચરિયાણ માટે જઈ શકે તે માટે તમામ રસ્તાઓ ખુલ્લા રાખવા માટે માંગ કરાઈ છે.

## શરણાર્થી દ્વારા હુમલાનો વીડિયો વાઈરલ થતા આયરલેન્ડમાં વિદેશીઓ સામે ભારે રોષ, વાહન-મકાનોમાં આગચંપી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આયરલેન્ડની રાજધાની બેલફાસ્ટમાં સ્ટેબિંગની એક ઘટના બાદ ભારે હિંસા ફાટી નીકળી હતી, મુખ્યત્વે વિદેશી નાગરિકોને ટાર્ગેટ કરીને બેફામ હુમલા કરવામાં આવ્યા હતા, અનેક મકાનો અને વાહનોને આગ લગાવી દેવાઇ હતી. હુમલાખોર મૂળ સુદાનથી આવ્યો હતો અને તેને આયરલેન્ડમાં શરણ આપવામાં આવી હતી. યુરોપના આ નાનકડા દેશમાં હિંસાની ઘટનાઓને પગલે વિદેશી નાગરિકોમાં ભયનો માહોલ છે. સૌથી પહેલા સ્ટેબિંગની એક ઘટના સામે આવી હતી જેને સુદાનના નાગરિક દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો.

આ ઘટનામાં એક નાગરિકે પોતાની આંખ ગુમાવી હતી. સ્ટેબિંગની ઘટનાનો આરોપી વિદેશી હોવાની જાણ થયા બાદ સ્થાનિકો રોષે ભરાયા હતા, અને જ્યાં પણ વિદેશી નાગરિકો રહે છે ત્યાં હુમલા શરૂ કરી દેવામાં આવ્યા હતા. અનેક વીડિયો અને તસવીરો સામે આવી છે જેમાં ઠેરઠેર બસો, કાર, ઈમારતો સળગેલી સ્થિતિમાં જોઇ શકાય છે. ઉત્તરીય આયરલેન્ડમાં પોલીસ પર પણ બેફામ હુમલા કરવામાં આવ્યા હતા. સોમવારે સ્ટેબિંગની ઘટના બની હતી જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ ગયો, જેમાં સાથે એવો દાવો કરવામાં આવ્યો હતો કે હુમલાખોર સ્ટેબિંગની નહીં પણ પીડિતનું ગળુ કાપવા માગે છે.

# આઈસીસી મહિલા ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ | 12 ટીમ 33 મેચ | ભારત-પાકિસ્તાન મેચ પર સૌની નજર

### ટીર૦ વર્લ્ડ કપના ગ્રુપ

ગ્રુપ-એ : ભારત, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, નેધરલેન્ડ, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા
ગ્રુપ-બી : ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ, ન્યુઝીલેન્ડ, સ્કોટલેન્ડ, શ્રીલંકા, વેસ્ટ ઈન્ડિઝ



### ટીર૦ વર્લ્ડ કપના સ્થળો

એજબેસ્ટન (બર્મિંગહામ), ઓલ્ડ ટ્રેફોર્ડ (માન્ચેસ્ટર) હેમ્પશાયર બાઉલ (સાઉથમ્પ્ટન), હેડિંગ્લી (લીડ્સ), બ્રિસ્ટલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ), લોર્ડ્સ (લંડન), ઓવલ (લંડન)

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : આઈસીસી મહિલા ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ઈંગ્લેન્ડમાં ૧૨ જૂન શુક્રવારથી ૫ જુલાઈ રવિવાર સુધી રમાશે. આ વખતે ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૧૨ ટીમો ભાગ લઈ રહી છે. આનાથી મેચમાં રોમાંચ પહેલા કરતાં વધશે કારણ કે વધુ ટીમોની વધુ મેચ જોવાની તક મળશે. આ વર્ષે, ટીર૦ વર્લ્ડ કપ ઈંગ્લેન્ડમાં રમાઈ રહ્યો છે. ટીમોની સંખ્યા વધવાને કારણે, ટુર્નામેન્ટમાં કુલ ૩૩ મેચ રમાશે. ટુર્નામેન્ટનું આયોજન કરી રહેલા ઈંગ્લેન્ડના સાત સ્થળોએ આ ૧૨ મેચો યોજાશે. આ ૧૨ ટીમોને છ-છના બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળની ભારતીય ટીમ પાકિસ્તાન સાથે ગ્રુપ એ માં છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ન્યુઝીલેન્ડ ગ્રુપ બી માં છે.

## ટીર૦ વર્લ્ડ કપનું સંપૂર્ણ શેડ્યૂલ

૧૨ જૂન : ઈંગ્લેન્ડ - શ્રીલંકા, એજબેસ્ટન (બર્મિંગહામ) – રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૧૩ જૂન : સ્કોટલેન્ડ - આયર્લેન્ડ, ઓલ્ડ ટ્રેફોર્ડ (માન્ચેસ્ટર) બપોરે ૩:૦૦ વાગ્યે
૧૩ જૂન : ઓસ્ટ્રેલિયા - દક્ષિણ આફ્રિકા, ઓલ્ડ ટ્રેફોર્ડ (માન્ચેસ્ટર) સાંજે ૭:૦૦ વાગ્યે
૧૩ જૂન : વેસ્ટ ઈન્ડીઝ - ન્યુઝીલેન્ડ, હેમ્પશાયર બાઉલ, સાઉથમ્પ્ટન, રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૧૪ જૂન : બાંગ્લાદેશ - નેધરલેન્ડ્સ, એજબેસ્ટન (બર્મિંગહામ) બપોરે ૩:૦૦ વાગ્યે
૧૪ જૂન : ભારત - પાકિસ્તાન, એજબેસ્ટન (બર્મિંગહામ) સાંજે ૭:૦૦ વાગ્યે
૧૬ જૂન : ન્યુઝીલેન્ડ - શ્રીલંકા, હેમ્પશાયર બાઉલ, સાઉથમ્પ્ટન, સાંજે ૭:૦૦ વાગ્યે
૧૬ જૂન : ઈંગ્લેન્ડ - આયર્લેન્ડ, હેમ્પશાયર બાઉલ, સાઉથમ્પ્ટન, રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૧૭ જૂન : ઓસ્ટ્રેલિયા - બાંગ્લાદેશ, હેડિંગ્લી (લીડ્સ) બપોરે ૩:૦૦ વાગ્યે
૧૭ જૂન : ભારત - નેધરલેન્ડ્સ, હેડિંગ્લી (લીડ્સ) સાંજે ૭:૦૦ વાગ્યે
૧૭ જૂન : દક્ષિણ આફ્રિકા - પાકિસ્તાન, એજબેસ્ટન (બર્મિંગહામ) રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૧૮ જૂન : વેસ્ટ ઈન્ડિઝ - સ્કોટલેન્ડ, હેડિંગ્લી (લીડ્સ) રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૧૯ જૂન : ન્યુઝીલેન્ડ - આયર્લેન્ડ, હેમ્પશાયર બાઉલ, સાઉથમ્પ્ટન, રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૦ જૂન : ઓસ્ટ્રેલિયા - નેધરલેન્ડ્સ, હેમ્પશાયર બાઉલ, સાઉથમ્પ્ટન, બપોરે ૩:૦૦ વાગ્યે
૨૦ જૂન : પાકિસ્તાન - બાંગ્લાદેશ, હેમ્પશાયર બાઉલ, સાઉથમ્પ્ટન, સાંજે ૭:૦૦ વાગ્યે
૨૦ જૂન : ઈંગ્લેન્ડ - સ્કોટલેન્ડ, હેડિંગ્લી (લીડ્સ) રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૧ જૂન : વેસ્ટ ઈન્ડિઝ - શ્રીલંકા, બ્રિસ્ટોલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ) બપોરે ૩:૦૦ વાગ્યે
૨૧ જૂન : દક્ષિણ આફ્રિકા - ભારત, ઓલ્ડ ટ્રેફોર્ડ (માન્ચેસ્ટર) સાંજે ૭:૦૦ વાગ્યે
૨૩ જૂન : ન્યુઝીલેન્ડ - સ્કોટલેન્ડ, બ્રિસ્ટોલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ) બપોરે ૩:૦૦ વાગ્યે
૨૧ જૂન : શ્રીલંકા - આયર્લેન્ડ, બ્રિસ્ટોલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ) સાંજે ૭:૦૦ વાગ્યે
૨૧ જૂન : ઓસ્ટ્રેલિયા - પાકિસ્તાન, હેડિંગ્લી (લીડ્સ) રાત્રે રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૪ જૂન : ઈંગ્લેન્ડ - વેસ્ટ ઈન્ડિઝ, લોર્ડ્સ, લંડન, રાત્રે રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૫ જૂન : ભારત - બાંગ્લાદેશ, ઓલ્ડ ટ્રેફોર્ડ (માન્ચેસ્ટર) સાંજે સાંજે ૭:૦૦ વાગ્યે
૨૫ જૂન : દક્ષિણ આફ્રિકા - નેધરલેન્ડ્સ, બ્રિસ્ટોલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ) રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૬ જૂન : શ્રીલંકા - સ્કોટલેન્ડ, ઓલ્ડ ટ્રેફોર્ડ (માન્ચેસ્ટર) રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૭ જૂન : પાકિસ્તાન - નેધરલેન્ડ્સ, બ્રિસ્ટોલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ) બપોરે ૩:૦૦ વાગ્યે
૨૭ જૂન : વેસ્ટ ઈન્ડિઝ - આયર્લેન્ડ, બ્રિસ્ટોલ કાઉન્ટી ગ્રાઉન્ડ (બ્રિસ્ટોલ) સાંજે ૭:૦૦ વાગ્યે
૨૭ જૂન : ઈંગ્લેન્ડ - ન્યુઝીલેન્ડ, ધ ઓવલ, લંડન, રાત્રે ૧૧:૦૦ વાગ્યે
૨૮ જૂન : દક્ષિણ આફ્રિકા - બાંગ્લાદેશ, લોર્ડ્સ (લંડન), બપોરે ૩:૦૦ વાગ્યે
૨૮ જૂન : ઓસ્ટ્રેલિયા - ભારત, લોર્ડ્સ (લંડન) સાંજે ૭:૦૦ વાગ્યે
૩૦ જૂન : સેમિફાઈનલ ૧ (ગ્રુપ એ વિજેતા - ગ્રુપ બી રનર-અપ), ધ ઓવલ (લંડન) સાંજે ૭:૦૦ વાગ્યે
૨ જુલાઈ : સેમિફાઈનલ ૨ (ગ્રુપ બી વિજેતા - ગ્રુપ એ રનર-અપ), ધ ઓવલ (લંડન) રાત્રે ૧૧:૦૦ વાગ્યે

:: ૫ જુલાઈ ::
ફાઈનલ, (સેમિફાઈનલ ૧ - સેમિફાઈનલ ૨), લોર્ડ્સ (લંડન) સાંજે ૭:૦૦ વાગ્યે

## ભારતમાં મહિલા ક્રિકેટનું ૫,૦૦૦ કરોડનું સામ્રાજ્ય

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : ભારતમાં મહિલા ક્રિકેટનું બિઝનેસ મોડેલ સંપૂર્ણપણે ટકાઉ બની ગયું છે. આ રમત હવે નાણાકીય સહાય અથવા ચેરિટી પર આધાર રાખતી નથી. પરંતુ કરોડોની આવક ઉત્પન્ન કરી રહી છે. નોંધપાત્ર રીતે ભારતનો મહિલા ક્રિકેટ ઉદ્યોગ હાલમાં ૫,૦૦૦ કરોડનો આંકડો વટાવી ગયો છે. જે વૈશ્વિક મહિલા ક્રિકેટ ઉદ્યોગના ૫૦% થી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. મહિલા ટીર૦ વર્લ્ડ કપ શુક્રવાર ૧૨ જૂનથી શરૂ થવાનો છે. ટુર્નામેન્ટની પહેલી મેચ ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે થશે. ભારત ૧૪ જૂને પાકિસ્તાન સાથે રમશે. ભારતીય રમતગમતમાં હાલમાં એક નવી આર્થિક ક્રાંતિ ચાલી રહી છે અને

ICC WOMEN'S T20 WORLD CUP ENGLAND & WALES 2026

આ ક્રાંતિનો ચહેરો મહિલા ક્રિકેટ છે. છેલ્લા ૩થી ૪ વર્ષોમાં ભારતમાં મહિલા ક્રિકેટનું બિઝનેસ આસમાને પહોંચ્યું છે. જે કુલ ૫,૦૦૦ કરોડના મૂલ્યાંકનને વટાવી ગયું છે. વુમન્સ પ્રીમિયર લીગની શરૂઆત, ટેલિવિઝન અને ડિજિટલ પ્લેટફોર્મ્સ પર કરોડોની વ્યૂઅરશિપ તથા મોટા કોર્પોરેટ જૂથો દ્વારા મહિલા ક્રિકેટરો પર કરવામાં આવતા મોટા રોકાણોએ સાબિત કરી દીધું છે કે ભારતમાં મહિલા ક્રિકેટ હવે માત્ર રમત નથી પરંતુ સૌથી ઝડપથી વિકસતો એક મેગા-બિઝનેસ બની ગયો છે. વૈશ્વિક મહિલા ક્રિકેટની કોમર્શિયલ વેલ્યૂ ૧ બિલિયન ડોલરથી વધુ થઈ ચૂકી છે. જેમાં ભારતનો હિસ્સો ૫૦ ટકાથી પણ વધુ હોવાનું માનવામાં આવે છે. ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ દ્વારા સંચાલિત આઈપીએલ ભારતમાં મહિલા રમતગમત અર્થતંત્રનો આધાર બની ગયું છે.

આઈપીએલની પ્રથમ સીઝનમાં પાંચ ટીમોના વેચાણથી બીસીસીઆઈએ ૪,૬૬૯.૬ કરોડની કમાણી કરી હતી. આજે મુંબઈ ઈન્ડિયન્સ, આરસીબી અને દિલ્હી કેપિટલ્સ જેવી મહિલા ટીમોની વ્યક્તિગત બ્રાન્ડ વેલ્યુ ઘણી વૈશ્વિક ફૂટબોલ અને બાસ્કેટબોલ લીગમાં પુરુષોની ટીમોની નજીક પહોંચી રહી છે.

## શ્રીલંકા પ્રવાસ : સ્વતંત્રતા દિવસે ટીમ ઈન્ડિયા મેદાનમાં ઉતરશે!



(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ટીમ ઈન્ડિયાના શ્રીલંકા પ્રવાસ અંગે એક મોટી અપડેટ સામે આવી છે. બંને દેશો વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ થી શરૂ થવાની છે. જોકે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને શ્રીલંકા ક્રિકેટે હજુ સુધી સત્તાવાર શેડ્યૂલ જાહેર કર્યું નથી, અહેવાલો સૂચવે છે કે આખી શ્રેણીને લગભગ અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે. બીસીસીઆઈએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપને ધ્યાનમાં રાખીને બંને ટીમો માટે આ શ્રેણી મહત્વપૂર્ણ છે.

અહેવાલો અનુસાર, આ પ્રવાસ ગાલે સ્ટેડિયમથી શરૂ થશે, જ્યાં સ્પિનરો માટે અનુકૂળ પિચ ટીમ ઈન્ડિયા માટે ચેલેન્જ બની શકે છે. આ મેચ ૧૫ ઓગસ્ટથી ૧૯ ઓગસ્ટ દરમિયાન રમવાની અપેક્ષા છે. પ્રથમ મેચ પછી, બંને ટીમો કોલંબો જશે. શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ૨૩ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ દરમિયાન કોલંબોના સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ પર રમવાની અપેક્ષા છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં પહોંચવા માટે બંને ટીમો માટે આ શ્રેણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. શ્રીલંકા હાલમાં ટેસ્ટ ક્રિકેટમાં સારા ફોર્મમાં છે. તેમણે તાજેતરમાં જ ઈંગ્લેન્ડને તેમની જ ધરતી પર હરાવ્યું હતું અને ત્યારબાદ દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ સામે સારું પ્રદર્શન કર્યું હતું. તેથી, તેમના હોમ પિચ પર શ્રીલંકન ટીમના સ્પિનરો ભારતીય બેટ્સમેનોને પડકાર આપી શકે છે.

# આજથી ૪૦ દિવસ સુધી ૪૮ દેશો વચ્ચે વર્લ્ડ કપ ફૂટબોલનો મહાસંગ્રામ

(એજન્સી દ્વારા)
મેકસિકો સીટી : ફૂટબોલના મહાકુંભ એટલે કે 'ફિફા' વર્લ્ડ કપ ૨૦૨૬નો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં પ્રથમ વખત વર્લ્ડ કપનું આયોજન સંયુક્ત રીતે ત્રણ દેશો-અમેરિકા,મેક્સિકો અને કેનેડા દ્વારા કરવામાં આવી રહ્યું છે. કુલ ૧૬ જુદા-જુદા શહેરો આ મેચોની યજમાની કરશે. ટુર્નામેન્ટની શરૂઆત મેક્સિકોના ઐતિહાસિક મેક્સિકો સિટી સ્ટેડિયમ (એઝટેકા) ખાતે મેક્સિકો અને સાઉથ આફ્રિકા વચ્ચેના મુકાબલાથી થશે.ઉદ્ઘાટન સમારંભ ભારતીય સમય પ્રમાણે રાત્રે ૧૧.૦૦થી થશે અને તે પછી મધરાતે ૧૨.૩૦થી મેચ રમાશે આ સ્ટેડિયમ ઈતિહાસમાં ત્રીજી વખત વર્લ્ડ કપની ઓપનિંગ મેચનું સાક્ષી બનશે. ઓપનિંગ સેરેમનીમાં શકીરા અને બર્ના બોય જેવા આંતરરાષ્ટ્રીય કલાકારો પોતાના પર્ફોર્મન્સથી ધમાકો કરવા તૈયાર છે.

આ વખતે વર્લ્ડકપમાં મોટો બદલાવ જોવા મળશે. અત્યાર સુધી માત્ર ૩૨ ટીમો જ આમાં ભાગ લેતી હતી, પરંતુ આ




**પહેલીવાર અમેરિકા, કેનેડા અને મેકસિકોના સંયુક્ત ઉપક્રમે આયોજન : ૪૮ ટીમને ૧૨ ગ્રુપમાં વહેંચવામાં આવી છે : સ્પેન અને ફ્રાન્સ ચેમ્પિયન બનવા માટે ફેવરિટ**

વર્ષથી આ સંખ્યા વધારીને ૪૮ દેશો કરવામાં આવી છે. આ વિસ્તરણને કારણે વિશ્વભરના વધુ દેશોને આ પ્રતિષ્ઠિત મંચ પર પોતાની તાકાત બતાવવાની તક મળી છે. ૪૮ ટીમોના આગમન સાથે ટૂર્નામેન્ટનું ફોર્મેટ પણ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. આ ઉપરાંત ફૂટબોલ ઈતિહાસના મહાન ગોલસ્કોરર પોતાના અદભુત ફોર્મ સાથે પોર્ટુગલને ટ્રોફી અપાવવા માટે એડીચોટીનું જોર લગાવશે. પોતાની અસાધારણ સ્પીડ અને ગોલ કરવાની ક્ષમતા માટે જાણીતો એમબાપ્પે ફ્રાન્સનો મુખ્ય આધાર રહેશે. આ યુવા સિતારાઓ હાલમાં શાનદાર ફાર્મમાં છે અને પોતાની ટીમને ચેમ્પિયન બનાવવા માટે ઉત્સુક છે.

## ૩ ઓપનિંગ સેરેમની, શકીરા-નોરા ફતેહીનું પરફોર્મન્સ, ફીફા વર્લ્ડકપ-૨૦૨૬નું કાઉન્ટડાઉન શરૂ

(એજન્સી દ્વારા)
વોશિંગ્ટન : ફિફા વિશ્વ કપ ૨૦૨૬નો પ્રારંભ ૧૧ જૂનથી અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં થવા જઈ રહ્યો છે. આ વખતે ફિફાએ એક ઉદ્ઘાટન સમારંભની પરંપરા તોડીને ત્રણેય યજમાન દેશોમાં રમનારી પ્રથમ મેચ અગાઉ ત્રણ અલગ-અલગ ઉદ્ઘાટન સમારંભ યોજવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. ટૂર્નામેન્ટનો સૌપ્રથમ મુકાબલો મેક્સિકો સિટીમાં મેક્સિકો અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાશે. આ ઓપનિંગ મેચ ભારતીય સમય અનુસાર ૧૨ જૂનની મધ્યરાત્રીએ એટલે કે, ૧૩ જૂને ૧૨ વાગ્યાને ૩૦ મિનિટે શરૂ થશે.

ટૂર્નામેન્ટનો પ્રથમ ઉદ્ઘાટન સમારંભ મેક્સિકો અને સાઉથ આફ્રિકા વચ્ચેની મેચ શરૂ થવાના ૯૦ મિનિટ પહેલા મેક્સિકો સિટીમાં યોજાશે. ભારતીય સમય પ્રમાણે ૧૧ જૂને રાત્રે ૧૧ વાગ્યાથી આ સમારંભ લાઈવ



જોઈ શકાશે અને તે આશરે ૮૦ મિનિટ સુધી ચાલશે. આ ઉદ્ઘાટન સમારંભમાં પ્રખ્યાત ગાયિકા શકીરા અને બર્ના બોય મુખ્ય આકર્ષણ રહેશે, જેઓ ટૂર્નામેન્ટનું સત્તાવાર ગીત 'ડાઈ ડાઈ' રજૂ કરશે. તેમની સાથે એલેજાન્દ્રો ફર્નાન્ડીઝ, બેલિન્ડા, ડેની ઓશન, જે બાલ્વિન, લીલા ડાઉન્સ, લોસ એન્જિલ્સ અજુલેસ, માના અને ટાઈલા જેવા કલાકારો પણ પોતાનું પર્ફોર્મન્સ આપશે.

બીજો ઉદ્ઘાટન સમારંભ કેનેડાના ટોરોન્ટોમાં યોજાશે, જ્યાં કેનેડાનો સામનો બોસ્નિયા એન્ડ હર્ઝિગોવિના સામે થવાનો છે. ભારતીય સમય અનુસાર ૧૨ જૂને રાત્રે ૧૧ વાગ્યાથી ચાહકો કાર્યક્રમ માણી શકશે. કેનેડાના આ સમારંભમાં ત્યાંના પ્રખ્યાત કલાકાર માઈકલ બબલ ઉપરાંત એલેસિયા કારા, એલેનિસ મોરિસસેટ અને પેલેસ્ટિનિયન-ચિલીયન સિંગર એલિયાના પર્ફોર્મ કરશે.

## રોહિત ૩૭ વર્ષ જૂનો રેકોર્ડ તોડીને ભારતનો સૌથી મોટી ઉંમરનો વન-ડે ખેલાડી બનશે

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ૩ મેચની વનડે સીરિઝની શરુઆત શનિવાર ૧૩ જૂનથી શરુ થશે. રોહિત શર્મા અફઘાનિસ્તાન વિરુદ્ધ પહેલી વનડે મેદાન પર એન્ટ્રી કરતા જ ઈતિહાસ રચશે. તે આ ફોર્મેટમાં ભારત માટે રમનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બની જશે. તેમજ ૩૭ વર્ષનો રેકોર્ડ તોડશે.

હિટમને હાલમાં ફિટનેસ ટેસ્ટ પાસ કરી ભારતીય ટીમ સાથે જોડાયેલો છે. તે ૩ મેચની આ સીરિઝ રમવા માટે તૈયાર છે. સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને હાર્દિક પંડ્યા ઈજાના કારણે અફઘાનિસ્તાન સામેની વનડે



સીરિઝમાંથી બહાર થયા છે. આ બંન્ને ખેલાડીઓની વાપસી ઈંગ્લેન્ડ પ્રવાસ પર જોવા મળી શકે છે.

રોહિત શર્મા જ્યારે અફઘાનિસ્તાન વિરુદ્ધ ૧૨ જૂનના રોજ ધર્મશાળાના મેદાનમાં રમવા માટે ઉતરશે. તો તેની ઉંમર ૩૯ વર્ષ ૪૪ દિવસની હશે. તે વનડેમાં ભારત માટે રમનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બનવાનો રેકોર્ડ પોતાને નામ કરશે.

આ પહેલા આ રેકોર્ડ ૧૯૮૩માં આ રેકોર્ડ ચેમ્પિયન મોહિંદર અમરનાથના નામે હતો. તેમણે ભારત માટે છેલ્લી વનડે મેચ ૧૯૮૯ના રોજ રમી હતી. ત્યારે તે ૩૯ વર્ષ ૩૬ દિવસનો હતો. હવે આ રેકોર્ડ ૩૭ વર્ષ પછી રોહિત શર્મા તોડવા માટે તૈયાર છે.

પૂર્વભારતીય કેપ્ટન રોહિત શર્માની નજર આગામી વર્ષે રમાનાર ૫૦ ઓવરના વર્લ્ડકપ પર છે. હિટમૈન ટીર૦ની સાથે સાથે ટેસ્ટ ક્રિકેટમાંથી પણ સંન્યાસ લઈ ચૂક્યો છે.

## પૈસા ન આપો તો રમવા ન દે...' રણજી ખેલાડીનું છલકાયું દર્દ

(એજન્સી દ્વારા) પટના : બિહાર ક્રિકેટમાં ભ્રષ્ટાચાર અને મેચ ફીમાં કમિશનખોરીના આરોપોને લઈને ફરી એકવાર મોટો ભૂકંપ આવ્યો છે. ભાગલપુરના રણજી ખેલાડી સચિન કુમાર દ્વારા જિલ્લા ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી પર મેચ ફીમાં હિસ્સો માગવાના લગાવવામાં આવેલા ગંભીર આરોપોને બિહાર ક્રિકેટ એસોસિએશને અત્યંત ગંભીરતાથી લીધા છે. મામલાની ગંભીરતાને જોતાં તાત્કાલિક એક્શન લેતા બે સભ્યોની ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરી દીધી છે. આ કમિટીને ગમે તે સંજોગોમાં આગામી સાત દિવસની અંદર પોતાનો તપાસ અહેવાલ સોંપવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે બીસીએના મુખ્ય કાર્યકારી અધિકારી મનીષ રાજે આ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવા માટે જે કમિટી બનાવી છે, તેમાં ખૂબ જ કડક અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે. તપાસ ટીમમાં અજિત કુમાર પાંડેય (જનરલ મેનેજર, એન્ટી-કરપ્શન યુનિટ અને મનોજ કુમાર સામેલ છે. આ હાઈ-પ્રોફાઈલ તપાસ અંગેની સત્તાવાર સૂચના




પણ ભાગલપુર જિલ્લા ક્રિકેટ એસોસિએશનના તમામ ઉચ્ચ અધિકારીઓને ઈમેઈલ દ્વારા મોકલવામાં આવી છે, જેથી તેઓ તપાસમાં સહકાર આપવા તૈયાર રહે. જો ક્રિકેટ વર્તુળોમાંથી બહાર આવી રહેલા સમાચાર અને સૂત્રોનું માનીએ તો આ તપાસ કમિટી ટૂંક સમયમાં ભાગલપુર જઈ શકે છે. ટીમ સેન્ડિસ કમ્પાઉન્ડમાં પહોંચીને કેસ સાથે સંકળાયેલા તમામ પક્ષકારો, પીડિત ખેલાડી અને આરોપી અધિકારીઓની સામ-સામે પૂછપરછ કરી શકે છે.

## ગુજરાત ડાયમંડ્સે નોર્દર્ન ચેલેન્જર્સને હરાવી સેમિફાઈનલમાં એન્ટ્રી કરી



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : આઈપીએલ પૂર્ણ થયા બાદ બીસીએલની ધમાલ જોવા મળી રહી છે. બિગ ક્રિકેટ લીગ સીઝન-૨માં કુલ ૬ ટીમો ભાગ લેશે. ૧૧ દિવસમાં ૧૮ ટીમ ટીર૦ મેચ રમશે. ગ્રેટર નોઈડા ખાતે ૧૦ જૂન ૨૦૨૬ ગ્રેટર નોઈડાના શહીદ વિજય સિંહ પથિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગુજરાત ડાયમંડ્સ બિગ ક્રિકેટ લીગ સીઝન ૨ના સેમિફાઈનલમાં ક્વોલિફાય થનારી બીજી ટીમ બની છે. ટોસ જીત્યા પછી, ભારતના ભૂતપૂર્વ સ્પિનર હરભજન સિંહની આગેવાની હેઠળના નોર્ધન ચેલેન્જર્સે પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો. ગુજરાત ડાયમંડ્સે બેટિંગ કરવાની તકનો મહત્તમ ઉપયોગ કર્યો, બેટિંગ માસ્ટરક્લાસ ઉત્પન્ન કરીને સ્કોરબોર્ડ પર ૨૧૭/૪નો શાનદાર સ્કોર બનાવ્યો હતો.આ ઈનિંગનો સ્ટાર સરુલ કંવર હતો, જેણે ટુર્નામેન્ટની શ્રેષ્ઠ ઈનિંગ્સમાંની એક ઈનિંગ રમી હતી, જેમાં તેણે ફક્ત ૫૪ બોલમાં ૧૧૮ રન ફટકાર્યા હતા.

## 'આપકી તો મા-બહેન એક હો ગઈ...'





*(એજન્સી દ્વારા) મુંબઈ: નેટફ્લિક્સ પર રિલીઝ થયેલી માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરી અને ધરના દુર્ગા સ્ટારર ડાર્ક કોમેડી ફિલ્મ 'મા-બહેન'ની બોલિવૂડ અભિનેત્રી વિદ્યા બાલને પ્રશંસા કરી છે. ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરીની ફિલ્મ 'માં-બહેન' રિલીઝ થઈ છે. આ એક ડાર્ક કોમેડી ફિલ્મ છે. દર્શકોથી માંડીને સેલેબ્રિટિઝ સુધી દરેક વ્યક્તિએ આ ફિલ્મના વખાણ કર્યા હતા, જેમાં તાજેતરમાં વિદ્યા બાલન પણ આ લિસ્ટમાં સામેલ થઈ ગઈ છે. વિદ્યાએ ફિલ્મના વખાણ કરતા કહ્યું હતું કે 'આપકી તો મા-બહેન એક હો ગઈ'.*

*વિદ્યાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'આપકી તો મા-બહેન એક હો ગઈ. માધુરી દીક્ષિત, તૃપ્તિ ડીમરી અને ધરના દુર્ગા વચ્ચે ઘણી મજેદાર કેમેસ્ટ્રી હતી.' આ ફિલ્મ માટે વિદ્યાને પણ અપ્રોચ કરવામાં આવી હતી. બાદમાં માધુરીને આ ફિલ્મ આપવામાં આવી હતી.*

## આલિયાની આલ્ફાનું ટીઝર લોન્ચ થતાં જ ભારે ટીકાઓ

(એજન્સી દ્વારા)
મુંબઈ : આલિયા ભટ્ટ અને શર્વરી વાઘની ફિલ્મ 'આલ્ફા'નું ટીઝર આજે લોન્ચ થતાં વેંત જ સોશિયલ મીડિયા પર ટીકાઓનો ભારે વરસાદ વરસ્યો હતો. શર્વરી વાઘની ગેરહાજરી, ધુરંધરની સરખામણીમાં નબળાં ચિત્રણ તથા એક ફ્રેન્ચ ફિલ્મની કોપી હોવા બાબતે ચાહકોએ ઝાટકણી કાઢી હતી. ફિલ્મનાં ટીઝરમાં શર્વરી વાઘની ગેરહાજરીથી તેના ચાહકો ધૂંધવાયા હતા. તેમણે એવી કોમેન્ટસ કરી હતી કે ટીઝરમાં વાસ્તવમાં આલિયા અને શર્વરી બંનેનાં પાત્રનું



ઈન્ટ્રોડક્શન હોવું જોઈએ. આ ફિલ્મ એકલી આલિયાની છે તેવી છાપ ન જવી જોઈએ. કેટલાક ફિલ્મ ચાહકોએ તો એવો આરોપ કર્યો હતો કે આ ટીઝરનો સીન એક ફ્રેન્ચ ફિલ્મ 'લા ફેમ નિકિતા' પરથી ઉઠાવાયો છે. આ ફ્રેન્ચ ક્લાસિક ફિલ્મમાં પણ એક યુવાન છોકરીને હત્યારી બનાવવા માટે ભરતી કરી ટ્રેનિંગ આપવામાં આવે છે તેવી વાર્તા છે. ચાહકોએ નોંધ્યું હતું કે એ ફિલ્મ અને 'આલ્ફા'નાં ટીઝરમાં ઘણી બધી સામ્યતાઓ જોવા મળી રહી છે. બીજી તરફ 'ધુરંધર' ફિલ્મના ચાહકોએ તો એમ કહી દીધું હતું કે જ્યાં સુધી એ સ્તરનું વાસ્તવદર્શી અને આક્રમક ચિત્રણ શક્ય ન હોય ત્યાં સુધી કોઈએ સ્પાય ફિલ્મ બનાવવાનો પ્રયાસ જ ન કરવો જોઈએ. લોકોએ કહ્યું હતું કે 'ધુરંધર' સામે આ ફિલ્મ બહુ ફિક્કી લાગી રહી છે.

## કાજલ મહેરિયાના નામે કોર્ટમાં કોણે ડિવોર્સ માટે કરજી દીધી અરજી?





*(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ: જાણીતી સિંગર કાજલ મહેરિયા ફરી એક વખત વિવાદમાં આવી છે. બેવફા સોંગ ક્વીન કાજલ મહેરિયાએ અલ્પેશ ઠાકોર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. તેના ભાઈએ કરેલી સોશિયલ મીડિયા પોસ્ટ બાદ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો. આ દરમિયાન મહેસાણાની ફેમિલી કોર્ટમાં કાજલ મહેરિયાના નામે કોઈ અજાણ્યા વ્યક્તિએ છૂટાછેડાની અરજી થઈ હતી. કાજલ મહેરિયા અને તેના પતિ અલ્પેશ ઠાકોરને જ્યારે નોટિસ મળી ત્યારે નકલી છૂટાછેડાનો પર્દાફાશ થયો હતો. મહેસાણા ફેમિલી કોર્ટમાં થયેલી અરજીમાં લખવામાં આવ્યું છે કે, ૧ મે ૨૦૨૪ના રોજ મહેસાણામાં હિન્દુ વિધિ પ્રમાણે અમારા લગ્ન થયા હતા. અમારી વચ્ચે મનમેળ નથી, ભવિષ્યમાં લગ્નજીવન સુખેથી જાય એમ લાગતું નથી.*

# કચ્છના ૮૬૭ તેજસ્વી વિદ્યાર્થીઓ આવતીકાલના વિકાસના શિલ્પી બનશે : ત્રિકમ છાંગા

















## સંયુક્ત પ્રયાસોથી કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે ગુણાત્મક બદલાવ આવ્યો : વિનોદ ચાવડા

## કેરા કુંદનપર ખાતે કચ્છના ધો. ૧૦ અને ૧૨ એ-વન ગ્રેડના છાત્રો અને ૧૦૦ ટકા પરિણામ મેળવનારી શાળાઓનું કરાયું સન્માન

### વિદ્યાર્થીઓના સન્માનથી પ્રોત્સાહન મળે છે : માલતીબેન મહેશ્વરી

ભુજ - કચ્છઉદય : તાલુકાના કેરા ખાતે કેરા કુંદનપર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ અને કચ્છ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાના ધો. ૧૦ અને ૧૨ ના એ-વન ગ્રેડ મેળવનારા ૮૬૭ વિદ્યાર્થીઓ અને ૧૦૦ ટકા પરિણામ મેળવનારી શાળાઓનું સન્માન કરવા માટે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાજય કક્ષાના શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું કે, શિક્ષણ માત્ર વ્યક્તિગત વિકાસનું સાધન નથી, પરંતુ સમગ્ર સમાજ અને રાષ્ટ્રના વિકાસનો પાયો છે. એ-વન ગ્રેડ મેળવનારા ૮૬૭ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, આ વિદ્યાર્થીઓ આવતીકાલનું કચ્છનું ભવિષ્ય છે અને વિવિધ ક્ષેત્રમાં સફળતા મેળવી કચ્છનું નામ રોશન કરશે. વધુમાં શ્રી છાંગાએ જણાવ્યું કે, એક સમયે એવો હતો કે, ગુજરાતમાં સૌથી વધુ ઝીરો ટકા પરીણામ ધરાવતી શાળા કચ્છમાં હતી પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે. ખાનગી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ સરકારી શાળામાં આવી રહ્યા છે. કચ્છમાં શિક્ષકોની ભરતી માટે સરકાર કટિબદ્ધ છે. આ ઉપરાંત અંજારના સિનુગ્રામાં એગ્રી કલ્ચર કોલેજ, પોલી ટેકનીક કોલેજ ઉભી કરવામાં આવી રહી છે. યુનિવર્સિટીએ ડિસ્ટન્ર્સ સ્ટડી સેન્ટરો પર શરૂ કર્યા છે, તેમ ઉમેર્યું હતું.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું કે, રાજયના ટોપ વિદ્યાર્થીઓમાં કચ્છના છાત્રોનો સમાવેશ થાય છે, તે ખુબ ગર્વની બાબત છે. વિદ્યાર્થીઓને કોઈપણ જાતના દબાણમાં આવ્યા વગર મનગમતા ફિલ્ડમાં આગળ વધવા શુભેચ્છા પાઠવી હતી. જે શિક્ષકના માર્ગદર્શનમાં અભ્યાસ કર્યો આજે તેમનું સન્માન કરવાનો મોકો મળ્યો તેને યાદગાર ક્ષણ ગણાવી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આજના કાર્યક્રમ સંદર્ભે ગાંધીધામના મહિલા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું કે, કચ્છમાં દીકરા હોય કે દીકરી હોય સરકાર, તંત્ર અને સંસ્થાઓ સહિત સૌના સહયોગથી શિક્ષણનું સ્તર ઉંચું ગયું છે. આજના આ કાર્યક્રમથી અનેક વિદ્યાર્થીઓ પ્રોત્સાહિત થશે.

ચાલુ વર્ષના પરીણામ પર નજર કરીએ તો ધો. ૧૦ માં ૨૧૧૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જે પૈકી ૨૦૮૬૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં ૧૭૬૬૨ પાસ થયા હતા. તેમાં એ-વનમાં ૬૬૨ અને એ-ટુ માં ૨૨૦૫ સાથે ૮૪.૬૪ ટકા પરીણામ આવ્યું હતું. જયારે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૪૩૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જેમાંથી ૧૨૨૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જેમાં એ-વનમાં ૨૦ અને એ-ટુમાં ૧૬૮ મળી કુલ્લ ૮૫.૬૪ ટકા પરીણામ આવ્યું હતું. જયારે સામાન્ય પ્રવાહની વાત કરીએ તો ૧૧૫૬૨ માંથી ૧૧૧૨૪ વિદ્યાર્થી પાસ થયા હતા. જેમાં એ-વનમાં ૨૦૪ અને એ-ટુમાં ૧૨૮૨ સાથે ૯૬.૨૧ ટકા પરીણામ આવ્યું હતું.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે પરિણામ સહિતની વિગતો આપી કચ્છ જિલ્લો શિક્ષણક્ષેત્રમાં આગળ વધી રહ્યો છે તેમ જણાવી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ચાલુ વર્ષે ૨૩૧ શાળાઓમાં ૧૦૦ ટકા પરિણામ

ધો.૧૦માં ચાલુ વર્ષે ૧૧૨ શાળા, ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧૪ અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાંચ મળી ચાલુ વર્ષે જિલ્લાની ૨૫૦૦ પૈકી ૨૩૧ શાળામાં ૧૦૦ ટકા પરીણામ આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષથી આ સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

### કચ્છની શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ

- છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છની બે માધ્યમિક શાળા રાજયની શ્રેષ્ઠ શાળા બની
- છેલ્લા ત્રણ વર્ષમાં બે શિક્ષકોને રાષ્ટ્રીય એવોર્ડ જાહેર થયા
- બેન્ડ સ્પર્ધામાં ત્રણ વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા
- સાયન્સ ફેરમાં જિલ્લાની બે શાળા રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા
- સરકારી મોડેલ સ્કુલ માધાપરની બે વિદ્યાર્થીની જાપાન પ્રવાસ માટે પસંદગી પામી
- ગ્રાન્ટેડ શાળામાં અભ્યાસ કરતા કેવલ મહેતા યુપીએસસીમાં પાસ
- જિલ્લાના ૫૦થી વધુ છાત્રો ખેલકુદમાં રાષ્ટ્રીય સ્તરે વિજેતા
- કચ્છ જિલ્લો સતત ત્રણ વર્ષથી બોર્ડના પરીણામ કરતા મોખરે
- ધો. ૧૦ શિષ્યવૃતિ પરીક્ષામાં માંડવીની જૈની મેહુલ શાહ ગુજરાતમાં પ્રથમ
- પરખ સર્વેમાં કચ્છ માધ્યમિક વિભાગ ટોપટેનમાં
- છેલ્લા ચાર વર્ષમાં ધો. ૮ અને ૯ માં ડ્રોપઆઉટ ૨૭.૯૧ ટકાથી ઘટીને ૧૦ ટકા નીચે આવ્યો

## જતાવીરામાં આવેલી નદીની કોતરો અમેરિકાના ગ્રાન્ડ કેન્યન જેવો કરાવે છે આભાસ



### કચ્છમાં દેશ - વિદેશની અનેક અજાયબીઓ, તંત્ર દ્વારા જાળવણીની સાથે પ્રચાર પ્રસાર થાય તો ઈતિહાસ લોકો સુધી પહોંચે

ભુજ - કચ્છઉદય : દુનિયામાં કચ્છ જ એવો એક માત્ર પ્રદેશ જયાં તમામ બાબતોનો સંગમ જોવા મળે છે. અહીં રણ, દરિયાઈ અને હવાઈ સરહદ સાથે સફેદ રણ, ડુંગરો, ઈતિહાસની સાથે ટેકનોલોજી, પ્રવાસન ક્ષેત્રે કચ્છ આજે વિકસ્યું છે. કચ્છનો ભૂતકાળ જેટલો ભવ્ય છે, ભવિષ્ય પણ તેટલું જ ઉજળુ છે, જે સ્થળો જોવા માટે લોકો વિદેશ જાય છે, તે સ્થળો કચ્છમાં આવેલા છે. કચ્છના કડિયાધ્રોને વૈશ્વિક પ્રસિદ્ધિ મળી તેમ જતાવીરામાં પણ અમેરિકાની ગ્રેન્ડ કેનીયન જેવી નદીની કોતરો આવેલી છે. પ્રખ્યાત ટીવી શો તારક મહેતાના એક એપીસોડમાં જેઠાલાલે કહ્યું હતું કે, 'કચ્છ હમારા લંડન સે કમ નહીં' તે ઉક્તિ અહીં સાર્થક થતી જણાય છે.

મોટાભાગના પ્રવાસીઓ જયારે ભાતીગળ પ્રદેશ કચ્છની મુલાકાતે આવે છે, ત્યારે તેઓ સફેદ રણની સુંદરતાને કેમેરામાં કેદ કરીને પરત ફરી જતા હોય છે. નખત્રાણા તાલુકાના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં કુદરતે એક અદભુત અને રહસ્યમયી દુનિયા કંડારી છે. કરોડો વર્ષ જૂનું અને પ્રાગૈતિહાસિક કાળનું સુકાઈ ગયેલું નદીતળ 'જતાવીરા' આજે પણ પ્રવાસીઓની નજરથી અજાણ્યું છે. ભૌગોલિક અજાયબી જેવા સ્થળે પગ મૂકતાં જ એવું લાગે છે કે જાણે આપણે ગુજરાતમાં નહીં, પરંતુ અમેરિકાના સાઉથ - વેસ્ટમાં આવેલી પ્રખ્યાત ઊંડી ખીણોમાં વિહરી રહ્યા છીએ.

અહીંના સૂકા અને કાંટાળા રણ પ્રદેશની વચ્ચે અચાનક જ એક વિશાળ કોતર અને ખીણની શૃંખલા શરૂ થાય છે. સદીઓથી ફૂંકાતા રણના પવન અને ચોમાસાના પૂરના પાણીએ અહીંની નરમ સેન્ડસ્ટોન (રેતાળ પથ્થર)ની ઊંચી દિવાલોને કલાત્મક આકારોમાં ઢાળી દીધી છે. પથ્થરો પર બનેલા તરંગો, વિશિષ્ટ આકૃતિઓ અને તીક્ષ્ણ ભૌમિતિક બ્લોક્સ અહીં આવતા પ્રવાસીઓને આશ્ચર્યચકિત કરી દે છે. નદીના તળિયે ચાલતી વખતે પથ્થરોનો રંગ ઘેરા ભગવા અને કથ્થઈ રંગથી લઈને ચોકીયાત સફેદ રંગમાં બદલાતો જોવા મળે છે. કેન્યનની દીવાલો પર હાથ ફેરવો તો કરોડો વર્ષ જૂના વનસ્પતિના મૂળના અશ્મિઓ (ફોસિલ્સ) અને જળકૃત ખડકોની રચના સ્પષ્ટપણે જોવા મળે છે, જે પૃથ્વીના ઈતિહાસના કોઈ વણલખાયેલા પુસ્તક સમાન લાગે છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો લાખો વર્ષો પહેલાં આ વિસ્તારમાંથી એક વિશાળ નદી વહેતી હતી. પરંતુ સમય જતાં ટેકટોનિક પ્લેટોની હલચલ અને આબોહવા પરિવર્તનને કારણે સુકાઈ ગઈ અને પાછળ છોડી ગઈ એક શાંત અને ઊંડી રહસ્યમય ખીણ. બપોર પછી જ્યારે સૂર્ય આથમવા તરફ નમે છે, ત્યારે આ સેન્ડસ્ટોન પર સૂર્યના કિરણો પડતાં જ આખી ખીણ નારંગી અને લાલ રંગથી ચમકી ઉઠે છે. રાત પડતાં જ 'જતાવીરા'નું દ્રશ્ય સાવ બદલાઈ જાય છે. આસપાસના પથરાળ ભૂ-પ્રદેશને કારણે આ સ્થળ શહેરી પ્રકાશ અને પ્રદૂષણથી તદ્દન દૂર છે, જેથી અહીંનો આકાશ અતિશય સ્વચ્છ દેખાય છે. રાત્રિના અંધકારમાં પથરાળી ખીણની ઉપર આકાશગંગા એટલી સ્પષ્ટ અને ભવ્ય દેખાય છે કે જે શબ્દોમાં વર્ણવવી અશક્ય છે. આ જ કારણે એસ્ટ્રોફોટોગ્રાફી (તારા અને બ્રહ્માંડના ફોટા પાડવા)ના શોખીનો માટે આ જગ્યા કોઈ સ્વર્ગથી કમ નથી. કોઈ વ્યાપારી પર્યટન સ્થળ નથી, તેથી અહીં કોઈ ટિકિટ બારી, પાકા રસ્તા કે મોબાઈલ નેટવર્કની સુવિધા ઉપલબ્ધ નથી. જો તમે સાહસિક સફરે જવા માંગતા હોવ, તો મુલાકાત લેતા પહેલા ઓફલાઈન મેપ ડાઉનલોડ કરી લેવો, સાથે વ્યક્તિદીઠ ઓછામાં ઓછું ત્રણ લીટર પાણી, તડકાથી બચવાના સાધનો અને રાત્રે રોકાવાનું હોય તો એક સારી ગુણવત્તાવાળી હેડટોર્ચ સાથે રાખવી અનિવાર્ય છે. પૂર્વ તૈયારી વિના આ દુર્ગમ સ્થળે જવું જોખમી સાબિત થઈ શકે છે, અને કદાચ આ જ કારણે આ સ્થળ આજે પણ તેની અદભુત અને કુદરતી સુંદરતા જાળવી શક્યું છે.

## હોર્મુઝ જળસંકટથી તેલના ભાવ ડોલર ૯૫ પર, ભારત-અમેરિકા શેરબજારમાં ભારે ઉથલપાથલ

નવી દિલ્હી : અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને સીધી ચેતવણી આપી છે કે જો તે શાંતિ સમજૂતી પર સહી નહીં કરે તો અમેરિકા ફરી "સખત બોમ્બમારો" કરશે. આ ધમકી બાદ મધ્ય પૂર્વમાં તણાવ ફરી વધ્યો છે, જેની સીધી અસર વૈશ્વિક તેલના ભાવ અને શેરબજાર પર પડી છે.

સોમવારે હોર્મુઝ જળસંધી પાસે ઈરાનના ડ્રોનથી અમેરિકાનું એક હેલિકોપ્ટર તોડી પાડવામાં આવ્યું હતું. તેના જવાબમાં અમેરિકાએ મંગળવાર અને બુધવારની રાત્રે ઈરાનના હવાઈ સંરક્ષણ, રડાર અને ડ્રોન કમાન્ડ સેન્ટર પર હુમલા કર્યા હતો. બુધવારે સાંજે ૫:૧૫ વાગ્યે સ્વ-રક્ષણના હુમલા" શરૂ કર્યા. ટ્રમ્પે કહ્યું, "અમે આજે રાત્રે તેમને સખત ફટકો માર્યો છે. જો સમજૂતી નહીં થાય તો આવતીકાલે અમે તેમના પર બોમ્બમારો કરીશું". ઈરાને પણ જવાબી કાર્યવાહીમાં કુવૈત, બહરીન અને જોર્ડનમાં અમેરિકી મથકો પર મિસાઈલ-ડ્રોન હુમલા કર્યા અને હોર્મુઝ જળસંધી "તમામ પ્રકારના જહાજો માટે બંધ" કરવાની જાહેરાત કરી.

ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારો થયો છે જેમાં બ્રેન્ટ ક્રૂડમાં ડોલર ૯૪.૫૭ પ્રતિ બેરલ છે. ટ્રમ્પની ધમકી બાદ ૨.૮% વધીને ડોલર ૯૪.૦૬ પર પહોંચ્યો છે.

આજે સ્પોટ ભાવ ૯૩.૧૦ ડોલર રહ્યો છે. તો ડબલ્યુટીઆઈ ક્રૂડ ૯૧.૭૨ પ્રતિ બેરલ, ૩.૩% વધીને ૯૧.૧૨ ડોલર થયો છે. હોર્મુઝ જળસંધીમાંથી વૈશ્વિક તેલના ૨૦% શિપમેન્ટ પસાર થાય છે. તે બંધ થવાના ભયથી બજારમાં "સપ્લાય રિસ્ક પ્રીમિયમ" ઉમેરાયું છે.

યુદ્ધના ખતરા અને મોંઘવારીના ડરથી વોલ સ્ટ્રીટ દબાણમાં છે. બુધવારે એસ એન્ડ પી ૫૦૦ ૧.૬૧% ઘટીને ૭,૨૬૭.૬૫, ડીઓડબલ્યુ ૧.૯૭% ઘટીને ૨૫,૧૬૯.૫૦ અને ૧.૮૭% ઘટીને ૪૯,૯૨૦.૦૭ પર બંધ રહ્યો હતો. ટેક શેરોમાં વેચવાલી અને ચિપ સ્ટોક્સમાં ઘટાડો જોવા મળ્યો છે.

યુનિટેડ એરલાઈન્સ ૬.૨%, કાર્નેવલ -૬.૩% તૂટ્યા, જ્યારે એક્સકસન જેવા એનર્જી શેર ૧% વધ્યા છે. ફેડરલ રિઝર્વ હવે વ્યાજ દર ઘટાડવાની શક્યતા ઓછી માને છે કારણ કે તેલ મોંઘુ થવાથી ફુગાવો વધી શકે છે.

### ભારતીય શેરબજાર પર અસર

ભારત ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર દેશ હોવાથી ક્રૂડના ભાવનો સીધો ઝટકો અહીં પડે છે. ઈરાન-ઈઝરાયેલ તણાવથી સેન્સેક્સ ૭૧૯ પોઈન્ટ/૦.૯૭% ઘટીને ૭૩,૫૨૪ અને નિફ્ટી ૨૪૪ પોઈન્ટ/૧.૦૪% ઘટીને ૨૩,૧૨૩ પર બંધ. આ બે મહિનાની સૌથી મોટી ઘટ હતી. બ્રેન્ટ ૩% વધીને ઈ૯૫.૫ પર પહોંચ્યો હતો. બુધવાર ૧૦ જૂનના સેન્સેક્સ ૦.૦૯% વધીને ૭૩,૯૮૩ અને નિફ્ટી ૦.૧૨% ઘટીને ૨૩,૨૧૪ પર ફ્લેટ રહ્યો. ભારત-પાક તણાવ ઓછો થવાની આશાએ કેટલોક સપોર્ટ મળ્યો. મ્યુચ્યુઅલ ફંડમ મે મહિનામાં ઈક્વિટી ફંડમાં રોકાણ એક વર્ષના તળિયે રૂા. ૨૨૯ અબજ પર આવી ગયું, જે ૪૦% ઘટાડો દર્શાવે છે. કારણઃ "ક્રૂડ ૧૦૦ ડોલર આસપાસ હોવાથી બજારની અતિશય અસ્થિરતા જોવા મળી રહી છે. બજાર નિષ્ણાતોનું માનવું છે કે હવે બજાર "હેડલાઈન ટુ હેડલાઈન" ચાલી રહ્યું છે. હોર્મુઝમાં કોઈ નવો વિક્ષેપ પડે તો તેલ ડોલર ૧૦૦+ જઈ શકે અને નિફ્ટી- સેન્સેક્સમાં વધુ વેચવાલી આવી શકે. શાંતિ વાર્તાની પ્રગતિ થાય તો રાહત રેલી આવવાની શક્યતા છે.

## જશા પર કયા ઝભ્ભાલેંગાવાળાના ૪ હાથ?

# મીઠીરોહર પટ્ટામાં રેતીચોર- માફીયા જસાનો આતંક : ખનીજ-પોલીસ અંધારામાં કે પછી આંખમિંચામણા?

**પોલીસ અને તંત્ર મારા ખિસ્સામાં હોવાના દાવાની વચ્ચે બે રોજ પહેલા રાત્રે જાગૃત નાગરિકોનો જશાના ૩૦થી વધુ ફોલ્ડરીયાઓએ દ્વારા ફિલ્મી ઢબે પીછો કરાયો! : મુદ્દામાલની હેરાફેરીમાં પણ ખનીજ ચોરોની ગાડીઓ વપરાતી હોવાનો સળગતો આક્ષેપ**

ખનીજ ચોરી પર ટીમ ત્રાટકે છે પણ **'તગડી રકમના તોડ'** બાદ માફિયાઓ ફરી મેદાને: જશાના રેતીના ચોરીના અડ્ડા જાગૃત નાગરિકો જાય તો જશાની **બાઉન્સર ગેંગ હુમલાના ઈરાદે પાછળ પડે છે!**

**ખાટલે મોટી ખોટ : આરટીઓતંત્ર, પોલીસ વિભાગ, ખાણખનિજ વિભાગ, રેવેન્યુ વિભાગને આટઆટલી મોટી રેતીચોરીની ગંધ કેમ નથી આવતી? આ રેતીચોરી કરનાર જશાની ગેંગને એટલી મજબુત ન બનાવો કે, પ્રશાસન, અધિકારીઓની કચેરીઓમાં જઈને જશો હુમલો કરતો પણ થઇ જાય..? જે રીતે જશો ફાટીની ફુલેકે ગયો છે તે જોતા હવે આ દીવસો જોના પણ બહુ દુર નથી રહ્યા..!**

**ચોટીલાના પ્રાંત અધિકારી શ્રી મકવાણાની કચ્છમાં છે જરૂર..! : જશા જેવાઓને અટકાવવા જ હોય તો** પૂર્વ કચ્છ ખનીજવિભાગના ભુસ્તર શાસ્ત્રી **અથવા તો પ્રાંત અધિકારી કેમ નથી કરી શકતા સુરેન્દ્રનગરના પ્રાંત અધિકારી શ્રી હરેશ મકવાણાવાળી? : મુળી-થાનગડ, પોટીલા વિસ્તારમાં શ્રી મકવાણાએ ખનીજચોરી ડામવા અપનાવી છે આધુનિક ટેકનોલોજી : કરોડોની કાર્બોસેલની ચોરી કરનાર વિસ્તારમાં ડ્રોનથી જ રખાય છે નજર,** ૨૪ કલાક સરકારી માણસો રાખી રહ્યા છે વોચ

## તગડી રકમના 'તોડ' અને મિલીભગતની આશંકા

ગાંધીધામ : જાણકારો કહી રહ્યા છે કે, જશાની રેતીચોરીના કારનામા પર પાછલા બે ત્રણ દીવસ દરમ્યાન જ એક ટીમ ત્રાટકી હતી પરંતુ બાદમાં બધુ જ સમુસુથરૂ પાર પડી ગયુ. સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ, તાજેતરમાં જ જસાની ખનીજ ચોરી પર એક ટીમ ત્રાટકી હતી. પરંતુ આ વિસ્તારમાં એવી જોરદાર ચર્ચા છે કે પકડાયા બાદ મોટી રકમના તોડ કરી બધું જ 'સમૂસૂતરું' પાર પાડી દેવાય છે. તગડી રકમની પતાવટ થતાં જ જસો ફરીથી બમણી તાકાતથી મોટી માત્રામાં રેતી ચોરીના કાળા કારોબારમાં મંડી પડે છે.

## પોલીસ અને ખનીજ ચોરોની સાંઠગાંઠ? મુદ્દામાલ લાવવા ચોરોની ગાડી વપરાઈ!

**ભ્રષ્ટ વહીવટદાર ગલાલના જોરે જશો ફાટીને ધુમાડે ગયો** હોવાની ચકચાર : **પૂર્વ કચ્છ એસપીશ્રી કરે કડક તપાસ**

ગાંધીધામ : મીઠીરોહર પટ્ટામાં તંત્રની મિલીભગત કેટલી હદે છે તેનો પુરાવો બે દિવસ પહેલાં જ જોવા મળ્યો હતો. મીઠીરોહર પરથી જે ગેરકાયદેસર કોલસો પકડાયો હતો, તે મુદ્દામાલને પોલીસ સ્ટેશને લઈ જવા માટે ખુદ પોલીસ તંત્ર દ્વારા આ જશા ખનીજ ચોરની ગાડીઓ વાપરવામાં આવી હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ ઉઠ્યો છે! કોલસા ચોરીનો મુખ્ય સૂત્રધાર 'ગલાલ' અને રેતી ચોર 'જશો' બંને એકબીજાના ખાસ સાગરીતો હોવાનું અને સાથે મળીને જ ચોરી કરતા હોવાનું જગજાહેર છે, તેમ છતાં મુદ્દામાલ હેરફેર કરવા માટે પોલીસ દ્વારા તેમની જ ગાડીઓનો ઉપયોગ કરાતા અનેક સવાલો ઉભા થયા છે. ?આ આખો મામલો હવે ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો છે. એક તરફ સરકાર ખનીજ માફિયાઓ સામે કડક પગલાંની વાતો કરે છે, ત્યારે બીજી તરફ મીઠી રોહર પર જસાની ગુંડાગર્દી અને ખનીજ ચોરી સામે તંત્ર ક્યારે જાગશે અને ક્યારે કડક કાનૂની સકંજો કસાશે તે જોવું રહ્યું.

ગાંધીધામ : એકતરફ સરકાર દ્વારા ખનીજચોરી ડામવાની દીશામાં વિવિધ ભગીરથ પ્રયાસો થવા પામી રહ્યા છે ત્યારે બીજીતરફ પૂર્વક ચ્છના ઔદ્યોગીક પાટનગરમાં જશા નામનો રેતીચોર ફાટીને ધુમાડે ગયો હોય તેમ રીતસરનો મીઠીરોહર વિસ્તારમાં આતંક જ મચાવતો ફરી રહ્યો છે. બેફામ અને બિનધસ્ત રીતે મીઠીરોહરમા આ જશાના વાહનો દીવસે નથી દોડતા એટલા રાતના અંધારામાં મોટાપાયે રેતી ઉસેડી અને ગેરકાયદેસર રીતે તેની હેરફેર કરતા હોવાની રાવ ઉઠવા પામી રહી છે. ખુલ્લેઆમ અહી ચાલી રહેલી કરોડોની રેતીચોતીઓમા ખનીજ કે પછી પોલીસતંત્ર અંધારામાં છે કે પછી જશા પર કોઈ ભ્રષ્ટ વહીવટદારોના ચાર હાથ હોવાથી તેની સામે કોઈ જ કાર્યવાહી કરવામા આવતી નથી તેવા સવાલો પણ ઉભા થવા પામી રહ્યા છે.જાણકારોમાથી ઉઠતી ચર્ચાઓ અનુસાર મીઠીરોહર પટ્ટામાં બેફામ બનેલા ખનીજ માફિયા જસાની ગેરકાયદેસર રેતી ચોરીનો આતંક હવે સીમાઓ વટાવી ચૂક્યો છે. સ્થાનિક સ્તરે ચાલતી ચર્ચા મુજબ, આ ખનીજ માફિયા ખુલ્લેઆમ પોલીસ અને ખનીજ તંત્ર મારા ખિસ્સામાં છે, મારો કોઈ વાળ પણ વાંકો નહીં કરી શકે. તેવા ખોખારા ભરી રહ્યો છે. તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતી હોવાના કારણે જસાના આ દાવાઓ હવે સાચા સાબિત થઈ રહ્યા હોય તેમ દેખાઈ રહ્યું છે. જાણકારો કહી રહ્યા છે કે, ગઈકાલ રાત્રિના પણ એક ચોંકાવનારો બનાવ અહી સામે આવવા પામી ગયો છે. ફિલ્મી ઢબે જશાના ૪૦ માણસોએ જાગૃત લોકોનો પીછો કર્યો હોવાની ચર્ચા તેજ બની જાવ પામી છે. કહેવાય છે કે, ગઈકાલ રાત્રે મીઠી રોહર પર ધમધમતી જસાની બહુ મોટી ગેરકાયદેસર રેતી ચોરીની સાઈટ પર કોઈ અજ્ઞાત ટીમની રેડ પડી હતી, જેમાં બે બોલેરો અને ૧૨ થી ૧૩ માણસો હોવાની વિગત મળતા જાગૃત નાગરિકોઓ ત્યાં પહોંચ્યા હતા. જો કે, તેઓ પહોંચે તે પહેલાં ટીમ નીકળી ગઈ હતી. પરંતુ ત્યારબાદ ખનીજ માફિયાના માણસોની ગુંડાગર્દી સામે આવી હતી. જસાના આશરે ૪૦ જેટલા માણસોએ બે નંબર પ્લેટ વગરની શંકાસ્પદ ગાડીઓ અને બે બાઈકો સાથે જાગૃત નાગરિકોનો પાંચેક કીમી સુધી સતત પીછો કરવાનું શરૂ કર્યું હતું. આ આખી ગેંગે મીઠી રોહરથી લઈને એ વી જોશી પુલ સુધી ફિલ્મી ઢબે પીછો ચાલુ રાખ્યો હતો. અંતે હિંમતપૂર્વક આ પીછો કરનારાઓને ઊભા રાખી પૂછપરછ કરાતા તેમણે લૂલો બચાવ કર્યો હતો કે અમને એમ લાગ્યું કે પોલીસવાળા છે! આ ઘટના સાબિત કરે છે કે જસાની સાઈટ પર કોઈ જાગૃત નાગરિક જાય તો તેના પર હુમલો કરવા કે ડરાવવા માટે જસાએ ૪૦-૫૦ માણસોની એક ખાસ 'બાઉન્સર ગેંગ' સક્રિય કરી રાખી હોવાનુ ચર્ચાય છે. અહી સવાલ થઈ રહ્યો છે કે પૂર્વ કચ્છ ખાણખનિજ વિભાગ, મહેસુલ વિભાગ, આરટીઓ વિભાગ, અને પોલીસતંત્ર બધાય અંધારામાં છે કે પછી વજન અને કદ પ્રમાણે દરેકના મોઢે આ જશો અને તેની ગેંગ ભ્રષ્ટાચારનો ડુચ્ચો ભરાવી દેતા હોવાથી બધાય મોન સેવીને બેસી ગયા છે?

## પાંચ ડમ્પર-૧ જેસીબીને છોડી મુકવા પેટે ૨૫ લાખની તોડ કોણ કરી ગયું?

ગાંધીધામ : મીઠીરોહરમાં જશાની રેતીચોરીનું કૌભાંડ લાંબા સમયથી ચાલી રહ્યુ હોવાનુ ચર્ચાય છે ત્યારે તાજેતરમાં જ બે દીવસ પહેલા રાત્રીના સમયે જશાની રેતીચોઈના અડ્ડાઓ પર ટુકડી ત્રાટકી હતી, બે બોલેરો વાહનમાં આવેલી આ ટુકડીએ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કર્યા વિના પરત જતી રહી હોવાથી સવાલો સામે આવી રહ્યા છે અને જાણકારો કહી રહ્યા છે કે, સ્થળ પર ચોરીની કામગીરમાં રહેલા પાંચ ડમ્પરો અને એક જેસીબી મશીન ટુકડીનાહાથે ચડી ગયા હતા.પરંતુ તેની સામે કાર્યવાહી થવાના બદલે ૨૫ લાખનો મોટો તોડ કરી લેવામા આવ્યો હોવાની ચકચાર ઉઠવા પામી છે. ૨૫ લાખની જોડ તોડ કરાઈ હોય તો વિચાર કરો, રેતીચોરી કેટલા કરોડોની કરવામા આવતી હશે?

## મુન્દ્રામાં દુર્લભ ઘટના : સફેદ બગલાએ બાળકની આંખ પર કર્યો હુમલો

**ચાંચના ત્રણ ઘા વાગતા ડાબી આંખને ગંભીર ઈજા, ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન બાદ પણ બાળક પીડામાં**



મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રાના અદાણી પોર્ટ રોડ પર ટી-સર્કલથી દૂર નદી કિનારે આવેલી શ્રમજીવી વસાહતમાં રહેતા એક ગરીબ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. વસાહતમાં રહેતા ૮ વર્ષીય બાળક પર સફેદ બગલાએ હુમલો કરતા તેની ડાબી આંખને ગંભીર ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના અને હાલમાં મુન્દ્રાની શ્રમજીવી વસાહતમાં રહેતા શાંતિ અર્જુન મીણા (ઉ.વ. ૮) રમતા-રમતા નદીના કિનારા નજીક પહોંચી ગયો હતો. તે દરમિયાન ત્યાં રહેલા એક સફેદ બગલાએ અચાનક બાળક પર હુમલો કરી તેની ડાબી આંખ પર ચાંચના ત્રણ ઘા ઝીંક્યા હતા. આ અણધારી ઘટનાથી બાળક ગભરાઈ ગયો હતો અને તેની આંખની કીકી (કોર્નિયા)ને ગંભીર નુકસાન પહોંચ્યું હતું. પરિવારજનો દ્વારા તાત્કાલિક બાળકને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની ડાબી આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. જોકે ઘટનાને બે દિવસ વીતી ગયા હોવા છતાં બાળક હજુ પણ આંખમાં ભારે પીડા અનુભવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. બાળકના માતા-પિતાએ જણાવ્યું હતું કે શાંતિ રમવા માટે બહાર

અનુસંધાન પાના નં.૫ પર

KR ખીમજી રામદાસ
KHIMJI RAMDAS
ખીમજી રામદાસ મસ્કત ઓમાનમાં પોતાના કન્સ્ટ્રકશન વિભાગ માટે નીચે જણાવેલ ખાશીયતો વાળા માણસોની જરૂર છે
•સિવિલ ફોરમેન •બ્લોક મેશન
•સેટ્રીંગ કારપેન્ટર •પ્લાસ્ટર મેશન
•સ્ટીલ બાઈન્ડર •ટાઈલ્સ મેશન
ઉમેદવારે પોતાની ઓરીજનલ પાસપોર્ટ, પાસપોર્ટ નકલ અને પાસપોર્ટ સાઈઝના ૨ ફોટોગ્રાફ સાથે રૂબરૂ નીચેના સરનામે અને તારીખે ઈન્ટરવ્યુ માટે હાજર રહેવું
ઈન્ટરવ્યુ તારીખ
૧૫-૦૬-૨૦૨૬, સોમવાર, ૧૬-૦૬-૨૦૨૬, મંગળવાર
ઈન્ટરવ્યુ સ્થળ
ગોકુલ રંગભવન, જુની જી.ઈ.બી.ની ઓફીસવાળી ગલી, કાંઠાવાળા નાંકાની બાજુમાં, માંડવી-કચ્છ. ૩૭૦૪૬૫
ઈન્ટરવ્યુ સમય
સવારના ૯.૦૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી

# છેવાડાના લોકો જ સરહદના સાચા સંત્રી



મોટા દિનારા



જાટાવાડા



**રાજયના વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ખાવડા, વાગડ, લખપતના ગામોની મુલાકાત લઈ લોકો સાથે કર્યો સંવાદ : મોટા દિનારામાં આઈપીએસ સુધા પાંડે અને જાટાવાડામાં એડીજીપી અજયકુમાર ચૌધરીનું ગામલોકો દ્વારા કરાયું સન્માન**

ભુજ - કચ્છ ઉદય : બોર્ડર વિલેજ વિઝીટ અંતર્ગત આજથી બે દિવસ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ કચ્છમાં છે ત્યારે અલગ અલગ નિયત કરાયેલા ગામોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં સ્થાનીકો સાથે સંવાદ કરી છેવાડાના વિસ્તારમાં રહેતા લોકો અંતિમ નહીં પણ દેશના પ્રથમ ગામના લોકો છે અને સરહદના સાચા સંત્રી હોવાનું જણાવી સુરક્ષા બાબતે પોલીસ સહિતની તમામ એજન્સીઓ કટિબદ્ધ છે અને સ્થાનીકો પણ હરહંમેશ મદદ કરતા અપાવ્યા છે અને આગળ પણ તંત્રને મદદરૂપ થશે તેવો સંદેશો આપવામાં આવ્યો હતો.

આજે સવારે ભુજ તાલુકાના મોટા દિનારા ગામે ડીઆઈજીપી સુધા પાંડે પહોંચ્યા હતા. જયાં પ્રથમ ગામ લોકો દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ગામમાં યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો, મહિલાઓ, બાળકો હાજર રહ્યા હતા. સ્થાનીકોએ ગામની પરિસ્થિતિ રજુ કરી હતી. પોલીસ અધિકારીએ ઉદબોધનમાં પોલીસની કામગીરી અને છેવાડાના નાગરીકોની સુરક્ષા પ્રાધાન્ય હોવા બાબતે પ્રકાશ પાડયો હતો. બપોર બાદ ડીઆઈજીપી કે. એન. ડામોર દેઢીયાની મુલાકાત લેવાના છે અને રાત્રી રોકાણ જુણા ગામમાં કરશે તેવું જાણવા મળ્યું છે. આ સિવાય કચ્છના પ્રભારી પોલીસ અધિકારી અને એડીજીપી અજયકુમાર ચૌધરીએ પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં આવતા જાટાવાડા ગામની મુલાકાત લીધી હતી. રામદેવ પીર મંદિરના પ્રાંગણમાં યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. એસ.પી. સાગર બાગમાર, ડીવાયએસપી સાગર સાંબડા સહિતના હાજર રહ્યા હતા. આ ઉપરાંત ડીઆઈજીપી ડો. લીના પાટીલે ઉધમો અને પટાગર, એસીપી આર. ટી.સુસરાએ લખપતના પુનરાજપર અને ગુનાઉ ગામની મુલાકાત લીધી હતી. ગ્રામજનો સાથે સંવાદ કરવા ઉપરાંત સુરક્ષા એજન્સીઓ સાથે બેઠક, પોલીસ જવાનો સાથે સંવાદ, રાત્રિ સભા પણ યોજવામાં આવશે. પોલીસ અધિકારીઓ ગામોમાં સ્થાનિકના ઘરે રાત્રિ રોકાણ કરીને પોલીસ પ્રજાનો મિત્ર છે તે ઉક્તિને સાર્થક કરશે. ગાંધીનગરથી વરિષ્ઠ પોલીસ અધિકારીઓ નાનકડા ગામોમાં આવ્યા હોઈ લોકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

## માધાપરમાં મુખ્ય માર્ગ પર ટ્રક હડફેટે બાઈક સવાર કિશોરના મોતથી અરેરાટી

**ગાયત્રી મંદિર નજીક સોરઠીયા સમાજવાડી પાસે બન્યો બનાવ : ધોળા દિવસે ધમધમતા માર્ગ પર બનેલી ઘટનાથી લોકો પણ હતપ્રભ બન્યા : ગામમાં ભારે વાહનો માટે મનાઈ હોવા છતાં પોલીસ સ્ટેશનની બાજુમાંથી ગાડીઓ ઘૂસી આવે છે**





ભુજ - કચ્છઉદય : છેલ્લા કેટલાક દિવસથી પશ્ચિમ કચ્છમાં અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે તેવામાં માધાપરમાં આજે સવારે બનેલી ઘટનાએ ભારે અરેરાટી જગાવી હતી.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ગાંધી સર્કલથી બસ સ્ટેશન જતા રોડ પર ગાયત્રી મંદિર આગળ સોરઠીયા સમાજવાડી પાસે બનાવ બન્યો હતો. સ્પલેન્ડર બાઈક પર ચાલક અને કિશોર જતા હતા ત્યારે કોઈ કારણોસર બાઈક સ્લીપ થઈ અને ટ્રકના ટાયરના જોટામાં કિશોર આવી જતા ગંભીર ઈજાઓ થઈ હતી. જેને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જયાં તબીબે મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે સ્થળ પર મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. જી.કે. જનરલ હોસ્પિટલમાંથી મળેલી વિગતો મુજબ આ બનાવમાં પ્રમુખ સ્વામીનગરમાં રહેતા ૧૫ વર્ષિય આદર્શ અશોકભાઈ રાવલ નામના કિશોરનું મોત થયું હતું. સ્થાનીકોએ જણાવ્યું કે, ધોળા દિવસે ગામના માર્ગ પર આ પ્રમાણે ભારે વાહનો અકસ્માત સર્જે તો અમારે ગાડીઓ લઈને નિકળવું કેમ ? તેવો સવાલ ઉઠ્યો હતો. એક તરફ ભારે વાહનોને માધાપર પોલીસ ચોકીથી નળ સર્કલ થઈ નાગોર રોડ પર ડાયવર્ટ કરવામાં આવ્યા છે તેમ છતાં ધોળા દિવસે ગામમાં ભારે કેમ આવે છે ? તેવો સવાલ ઉઠ્યો છે.

અનુસંધાન પાના નં.૫ પર